वर्ष : 3 ✦ अंक : 4
જુલાઈ-ઑગસ્ટ 2013
સળંગ અંક : 16

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

તેષાં દિક્ષુ પ્રથિત વિદિશા...

...આ શબ્દો પવનપાવડી બની જાય છે મારે માટે જાણે. એ પહેરી મન ઊડવા માંડે છે. તે દિશામાં માત્ર વિદિશા નથી, દસે દિશા છે... સાત સમુંદર, તેરો નદી, પહાડ પર્વત, નગર જનપદ, ઝાડ જંગલ... પછી આવે મારું નાનું ગામ, જે ગામમાંથી હું નિર્વાસન પામ્યો છું - મારું એ ગામ.

મને હંમેશાં એવું થતું રહ્યું છે કે મારા એ ગામના પાદરમાં થઈને એક નદી વહેતી હોત તો કેવું સારું ? શૈશવ-કૈશોર્ય નદીને કાંઠે વીત્યું હોત, ઋતુએ ઋતુએ નદીને અવલનવલ રૂપમાં જોઈ હોત. કોઈ ક્યારેક પૂછે છે, તમારા ગામની પાસેથી કઈ નદી જાય છે - તો ઉત્તરમાં માત્ર નિસાસો જ નંખાઈ જાય. હા, ગામની ભાગોળે તળાવ છે. આંબા તળાવ અને ઉનાળામાં એ ક્યારેક સુકાઈ પણ જાય.

નદી નથી તો નથી, પણ એવું થાય કે ભલે, પણ મારું ગામ કોઈ ડુંગરાની તળેટીમાં હોત તો કેવું ! ઘરની બહાર નીકળીએ કે ડુંગરો સાદ પાડતો હોય. ડુંગર ઉપર દેરડી હોય. એ દેરડી સુધી કેડી જતી હોય. એક શ્વાસે ચઢી જઈએ. બહુ મોટો પહાડ નહીં. એવો ડુંગર હોય કે લાગે ગામ એની હૂંફમાં સૂઈ રહ્યું છે, સોડમાં સંતાઈ રહ્યું છે, અંગ્રેજીમાં 'નેસલ' ક્રિયા છે ને, એમ. પણ સપાટ ખેતરો છે માત્ર મારા એ ગામની ચારે પાસ. બેત્રણ નાનામોટા ટીંબા છે. તેમાં એક ગઢીઓ ટીંબો છે. ત્યાં એક વખડા નીચે સાપના મોટા રાફડા હતા. મેં પણ ત્યાં સાપ જોયેલા. એ સાપ રાફડા નીચે દાટેલા ધનના ચરુની રખવાળી કરતા.

- ભોળાભાઈ પટેલ







ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી નારાયણભાઈ દેસાઈને 'સવ્યસાચી એવૉર્ડ' એનાયત પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહેમાનો, ડાબેથી સર્વશ્રી નીતિન શુક્લ, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી નારાયણભાઈ દેસાઈ, શ્રી બાલકૃષ્ણ દોશી, શ્રી સી. કે. મહેતા, ડૉ. દક્ષા પટ્ટણી તથા ટ્રસ્ટીશ્રી.




શ્રી નારાયણભાઈ દેસાઈને 'સવ્યસાચી એવૉર્ડ' અર્પણ




સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીના પ્રેસિડેન્ટ શ્રી વિશ્વનાથ પ્રસાદ તિવારી-જી દ્વારા શ્રી રઘુવીર ચૌધરીને ફેલોશિપ અર્પણ



સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા શ્રી રઘુવીર ચૌધરીને ફેલોશિપ એનાયત પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહેમાનો, ડાબેથી સર્વશ્રી રમેશ દવે, શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા, શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, શ્રી વિશ્વનાથ પ્રસાદ તિવારી, શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી સતીશ વ્યાસ.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૩, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૩; સળંગ અંક : ૧૬

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ


- સંપાદકીય : સંશોધન : દશા અને દિશા — મણિભાઈ પ્રજાપતિ ૧
- પ્રાસંગિક ૫
  - – શ્રી નારાયણભાઈ દેસાઈને 'સવ્યસાચી સારસ્વત એવૉર્ડ'
  - – શ્રી રઘુવીર ચૌધરીને સાહિત્ય-અકાદેમી, નવી દિલ્હીની ફેલોશિપ

૧. $E = mc^2$ એટલે શું ?... — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૧૬

૨. દેશહિતૈષી શિક્ષક-સહ — પ્રહ્લાદભાઈ છ. પટેલ ૧૯

૩. ગુજરાતી વાઙ્મયસૂચિના ધ્રુવતારક પ્રકાશ વેગડની ચિર વિદાય... — મણિભાઈ પ્રજાપતિ ૨૧

૪. Leveranging Triple Synergy To Promote Holisistic Education.. — Dr. D. A. Ghanchi ૨૫

૫. વર્ગ એ સ્વર્ગ — ઉમાશંકર જોશી ૩૨

૬. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૩
- – જ્ઞાનશક્તિ; મોપાસાંની પ્રતિનિધિ વાર્તાઓ
- – ગુજરાતી સાહિત્યકારકોશ

૭. સંસ્થા સમાચાર ૩૯
- – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
- – શાળા વિભાગ


## સંપાદકીય

### સંશોધન : દશા અને દિશા

ઉચ્ચ શિક્ષણનું ધ્યેય સમાજનો બૌદ્ધિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ સાધવાનું રહ્યું છે. ઉચ્ચ શિક્ષણની વિવિધ સંસ્થાઓ અધ્યયન-અધ્યાપન, સંશોધન અને પ્રકાશનના ત્રિવેણી સંગમના માધ્યમથી જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરી પોતાનાં ધ્યેયો હાંસલ કરવા માટે પ્રયત્નશીલ રહેતી હોય છે. આ પ્રયાસો કેટલા અંશે સાર્થક નીવડ્યા તેનો આધાર તેમનાં ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ સંશોધનો, પ્રકાશનો વગેરે ઉપર આધારિત છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક અહેવાલ અનુસાર દેશમાં ૫૭૪ યુનિવર્સિટીઓ અને તેની સાથે ૩૫૫૩૯ કૉલેજો સંલગ્ન છે. ઉચ્ચ શિક્ષણની આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના એનરોલમેન્ટનું પ્રમાણ : સ્નાતક અભ્યાસક્રમ ૮૫.૮૭%, અનુસ્નાતક અભ્યાસક્રમ ૧૨.૨૬%, ડિપ્લોમા/સર્ટિફિકેટ્સ કોર્સિસ ૧.૦૮%, અને સંશોધન ૦.૭૯% જેટલું રહ્યું હતું. વર્ષ ૨૦૧૦-૧૧માં દેશની વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા ૧૬૦૯૩ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી, જેમાં વિજ્ઞાન વિદ્યાશાખાના સૌથી વધુ

પત્રવ્યવહારનું સરનામું : મણિભાઈ પ્રજાપતિ : ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

અર્થાત્ ૫૨૩૨ અને આર્ટ્સ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ બીજા ક્રમે અર્થાત્ ૫૦૩૭ હતા. સ્વીકૃત શોધપ્રબંધો પૈકી ભાગ્યે જ ૧%-૨% પ્રકાશિત થતા હશે અને શોધપ્રબંધો પ્રકાશિત ન કરવા પાછળનાં કારણો સ્પષ્ટ અનુમાનિત થઈ શકે તેવાં છે. આ પ્રશ્ન કોઈ એક યુનિવર્સિટી કે કોઈ પ્રદેશની યુનિવર્સિટીઓનો નથી, પરંતુ પ્રાયઃ વત્તા ઓછા અંશે મોટા ભાગની યુનિવર્સિટીઓને લાગુ પડે છે.

અનુભવે જણાયું છે કે આપણી યુનિવર્સિટીઓનાં સંશોધનો પ્રાયઃ પીએચ.ડી. ડિગ્રી પ્રેરિત રહ્યાં છે. આ સંશોધકોના ત્રણ પ્રકારો જોવા મળે છે : ૧. ચાલુ નોકરીમાં પીએચ.ડી. ડિગ્રીની પ્રમોશન ઇત્યાદિ માટે અનિવાર્ય આવશ્યકતા હોય, વધુ ઇજાફા મળવાના હોય અથવા ભવિષ્યમાં ચાલુ હોદ્દા માટે પીએચ.ડી. ડિગ્રીની અનિવાર્ય આવશ્યક થવાની દહેશત હોય. ૨. કોઈ પણ પ્રકારની નોકરી-વ્યવસાયના અભાવે ધ્યેય વગર જોડાયેલો વર્ગ અને ૩. ઉચ્ચ સંશોધનમાં રસ હોવાના કારણે સ્વેચ્છાએ જોડાયેલો વર્ગ. આ વર્ગો પૈકી ડિગ્રી ખાતર સંશોધન કરનારનો વર્ગ ઘણો મોટો છે. આ ઉપરાંત એક યા બીજાં કારણોસર યુનિવર્સિટીઓનાં દિનપ્રતિદિન ઊતરતાં જતાં ધોરણોના કારણે અલ્પમાત્રામાં સત્ત્વશીલ શોધપ્રબંધો તૈયાર થાય છે. ગુણવત્તાપૂર્ણ સંશોધનો માટે અધ્યાપકોએ સ્વયં ઉત્તરદાયિત્વ નિભાવવું પડશે અને આ માટે મૂલ્યનિષ્ઠ શિક્ષણના પાઠો પણ સ્વયં આત્મસાત કરવા પડશે.

કોઈ પણ યુનિવર્સિટીએ કેટલા પીએચ.ડી. પ્રોડ્યુસ કર્યા કે કેટલા પીએચ.ડી. માટે રજિસ્ટર્ડ કર્યા છે તે કોઈ યુનિવર્સિટીની ગુણવત્તા કે પ્રતિષ્ઠા માટેનો માપદંડ ન બની શકે. પરંતુ ડિગ્રી એનાયત કરવામાં આવેલા શોધપ્રબંધો પૈકી યુનિવર્સિટીને ગૌરવ અપાવે તેવા કેટલા ઓજસ્વી અને ઉપયોગી છે ? આ પૈકી પ્રકાશનની ક્ષમતાવાળા કેટલા પ્રકાશિત થયા ? આ જ રીતે કેટલાં પેટન્ટ્સ રજિસ્ટર્ડ થયાં તેની તુલનાએ રજિસ્ટર્ડ થયેલાં પેટન્ટ્સ કેટલું રેવન્યુ રળી આપે છે અર્થાત્ તેની ઉપયોગિતા કેટલી બધી છે તેની સાબિતિ આપે તે મહત્ત્વનું છે. બીજું, કોઈ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા સંશોધન લેખો અને પુસ્તકોનો કેટલો બહોળો ઉપભોક્તા વર્ગ છે અને આ લેખોનો પરવર્તી સંશોધકોએ પોતાનાં સંશોધનોમાં તેનો આધાર લઈ કેટલા ઉલ્લેખો કર્યા છે અર્થાત્ તેમના સંશોધનોનું પ્રભાવ પરિબળ કેવું રહ્યું છે તે મહત્ત્વનું છે. અને છેલ્લે ત્રીજી મહત્ત્વની બાબત એ છે કે યુનિવર્સિટીએ બહાર પાડેલા સ્નાતકો ઉદ્યોગગૃહો અને રોજગારી આપતાં વિવિધ ક્ષેત્રોની કેટલા પ્રમાણમાં માંગ છે, આ સ્નાતકો પોતાની સામેના પડકારોને કઈ રીતે તકમાં ફેરવી શકે છે અને પોતાની ઉપસ્થિતિને અનિવાર્ય બનાવે છે તે મહત્ત્વનું છે. આવી બધી બાબતોને કોઈ યુનિવર્સિટીની ઊંચાઈ માપવાના ગજ બનાવવા જોઈએ. અહીં આપણે વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીની વાત કરતા નથી. પરંતુ આ તો યુનિવર્સિટીના અસ્તિત્વ માટેની - તેની ઓળખ માટેની, અરે યુનિવર્સિટી તરીકે ઓળખાવવા - કહેવડાવવા માટેની નિમ્નતમ અપેક્ષાઓ છે.

યુનિવર્સિટીઓ અને કૉલેજોના નેક એક્રિડિટેશનની યોજના ખરેખર ઉત્તમ છે. નેક કાઉન્સિલે સૂચવેલ માપદંડો અનુસાર ધ્યેયનિષ્ઠ કાર્ય કરવામાં આવે તો કોઈ પણ સંસ્થાને ઉત્તમ બનાવી શકીએ તેમાં કોઈ શંકા નથી. પરંતુ આજે નેકના નામે આયોજન કરવામાં આવતા નેશનલ/ઇન્ટરનેશનલ પરિસંવાદો અને તેમાં રજૂ થતા કહેવાતા સંશોધન-લેખો અને તેની રીત એક ફારસ જેવું લાગે છે. રજિસ્ટ્રેશન ફી પણ કેટલી બધી ! આવાં આયોજનોમાં ક્યાંક ધોરણો પણ જળવાતાં હશે, પરંતુ ધોરણ જાળવવાવાળી કેટલી યજમાન સંસ્થાઓ હશે ?

અધ્યાપકો/આચાર્યોની પસંદગી માટે ISSN નંબરવાળા જર્નલમાં પ્રગટ થયેલા લેખોને તથા ISBN નંબરવાળાં પુસ્તકોને જ ક્રેડિટ ગુણ આપવા માટે ધ્યાનમાં લેવાના યુજીસીના નિયમો હાસ્યાસ્પદ લાગે છે. આ નંબરો ગુણવત્તાનો કોઈ આંક સૂચવતા નથી. આ તો ફક્ત તેના પ્રકાશનની ઓળખ અર્થાત્ ક્યાંથી, કોના દ્વારા અને કઈ ભાષામાં પ્રકાશિત કરવામાં આવેલ છે તે સૂચવે છે. આ પ્રથાના કારણે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય

સ્તરે Bibliographic Control તથા પ્રકાશનોની પ્રાપ્તિ સરળ બને છે. ક્રેડિટ ગુણ માટે આ મૂલ્યહીન આધાર શા માટે ? કરુણતા તો એ કે આ નિયમ અમલમાં આવ્યા તારીખ પૂર્વે પ્રકાશિત થયેલાં પુસ્તકો કે લેખોને પણ આ નિયમના ઓઠા હેઠળ ગ્રાહ્ય ન રાખવાની રીતિ-નીતિનો અમલ કેટલા અંશે યોગ્ય ગણાય ? આ નિયમના કારણે ગુજરાત અને સમગ્ર દેશમાં બિલાડીના ટોપની જેમ કહેવાતા નેશનલ અને ઇન્ટરનેશનલ જર્નલ્સના પ્રકાશકો રાતોરાત ફૂટી નીકળ્યા ! જર્નલ્સ પ્રકાશન ઇન્ડસ્ટ્રીઝની ધમાકેદાર એન્ટ્રી થઈ. લેખના પ્રકાશન માટે પ્રતિલેખ દીઠ રૂ. ૧૦૦૦થી ૩૦૦૦ જેટલો ચાર્જ લેવામાં આવી રહ્યો છે. એજન્ટો દ્વારા કહેવામાં આવે કે લેખ/શાધપ્રબંધ તમારે લખવાનો છે કે અમારે વ્યવસ્થા કરવાની છે ? આવું સંશોધન ક્ષેત્રે ઘણું બધું ચાલી રહ્યું છે ત્યારે પ્રો. એન. આર. દવે સાહેબ (પૂર્વ કુલપતિ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ) કહે છે તેમ check - in - built અંદરની ચોકીઓ ઊભી કર્યા સિવાય કોઈ છૂટકો જ નથી.

આ કહેવાતા સંશોધન જર્નલ્સના પ્રકાશકોને પોતાના જર્નલના નામાભિધાનમાં ઇન્ટરનેશનલથી કશું જ ઓછું ખપતું નથી. તેમજ જ્ઞાનજગતના બધા જ વિષયો અને બધી જ ભાષાઓમાં લખાયેલા લેખોને આવરી લેવાની ગર્વોક્તિની નોંધ સાથે. આ પ્રકારનાં પાંચેક જર્નલ્સ પૈકી કયાં કયા જર્નલ્સ ગુજરાતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં લવાજમથી મંગાવવામાં આવે છે કે કેમ તે સંદર્ભે કેટલાંક ગ્રંથાલયોમાં પૃચ્છા કરતાં જાણવા મળ્યું છે કે આ પૈકીનું કોઈ જર્નલ મંગાવવામાં આવતું નથી, કે નામ સાંભળવામાં આવ્યું નથી. આવાં જર્નલ્સનું સલાહકાર મંડળ પ્રાયઃ પ્રાદેશિક કે આંતરપ્રાંતીય અને લેખ લખનાર લેખકો પ્રાયઃ પ્રાદેશિક હોય છે. આ જર્નલ્સના લેખકો પૈકી કોના લેખો 'University News'માં પ્રકાશિત થયા છે તે તપાસતાં કોઈનું નામ દેખાયું નહીં. વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં 'University News'માં આશરે ૬૫૦ જેટલા લેખો અને દીક્ષાંત સમારોહનાં ભાષણો પ્રકાશિત થયેલાં જોવા મળ્યાં. આ પૈકી ગુજરાતી કે ગુજરાતની સંસ્થાઓમાં કાર્ય કરતા અધ્યાપકો વગેરેના કુલ ૨૪ લેખો પ્રગટ થયેલા જોવા મળ્યા, જેમાં સૌથી વધુ ૮ લેખો ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ-કાર્યકારી કુલપતિ અને જાણીતા શિક્ષણવિદ્ ડૉ. દાઉદભાઈ ઘાંચી સાહેબના ૮ લેખો, જ્યારે ૩-૩ લેખો ડૉ. જ્યંતી રવી અને તેમના સહયોગીઓના તથા ડૉ. જગદીશ અરોરા અને તેમના સહયોગીઓના છે, જ્યારે બાકીના ૮ લેખો એક-એક લેખકના કર્તૃત્વવાળા છે.

આ પ્રકારની એક અન્ય વિસંગતતા એ પ્રવર્તે છે કે યુજીસીએ M.Phil/Ph.D.ના અભ્યાસ માટે પ્રવેશ-પરીક્ષા લઈને પ્રવેશ આપવા સંબંધી નિયમ વર્ષ ૨૦૦૯ના જુલાઈ આસપાસ પરિપત્રિત કર્યો. આ આવકાર્ય બાબત છે. પરંતુ, જેમણે M.Phil/Ph.D. આ પરિપત્ર પૂર્વે પૂર્ણ કરેલ હોય કે રજિસ્ટ્રેશન કરાવી દીધેલ હોય અને પાછળથી નિયમાનુસાર શોધપ્રબંધ રજૂ કરીને Ph.D.ની ડિગ્રી મેળવેલ હોય તેમને આ નિયમ લાગુ ન જ પડે. કારણ કે તેમણે જ્યારે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું ત્યારે આ નવો નિયમ અસ્તિત્વમાં ન હતો. પરંતુ સંબંધિતો દ્વારા અધ્યાપકો, ગ્રંથપાલો વગેરેને કહેવામાં આવે કે તમે એન્ટ્રેસ ટેસ્ટ વગરની ડિગ્રી ધરાવો છો એટલે કઈ રીતે માન્ય ગણાય ? આ એક સામાન્ય સમજણની-સ્વવિવેકની બાબત છે. આવી સ્પષ્ટતાઓ માટે કોર્ટનું જ શરણું લેવાનું ? આ કેટલે અંશે યોગ્ય ગણાય ? નિયમના ખોટા અર્થઘટનના ઓઠા હેઠળ કેટલી અરાજકતા પ્રવર્તી રહી છે ? જેમણે ખરી મહેનત કરીને - સંશોધન કરીને ડિગ્રી મેળવી છે તેઓ હતાશ ન થાય તો બીજું શું થાય ?

સંશોધન સંદર્ભે યુજીસી દ્વારા પીએચ.ડી.ના શોધપ્રબંધોના લેખનનું માધ્યમ-આધુનિક ભારતીય ભાષાઓ સિવાયના વિષયો માટે - અંગ્રેજી નિયત કરવામાં આવ્યું છે. અંગ્રેજીના માધ્યમથી સંશોધનમાં ગુણવત્તા આવશે તે કેમ કરીને ગળે ઊતરી શકે ? માતૃભાષામાં જ સરળ, સાહજિક અને મૌલિક અભિવ્યક્તિ થઈ શકે. કહેવાય છે કે જે ભાષામાં સ્વપ્ન આવે તે જ સ્વભાષા ગણાય. આ નિર્ણયથી દેશની

ભાષાઓનો વિકાસ રૂંધાશે. અને આવાં જ વલણોના કારણે કાળાન્તરે આ બધી ભાષાઓનો મૃત્યુઘંટ વાગશે. જાણીતા ભાષાશાસ્ત્રી એન્ડુએ 'Language and Languages'માં ભવિષ્યવાણી ભાખતાં નોંધ્યું છે કે ૨૧મી સદીના અંતમાં વિશ્વની ૨૫૦૦ ભાષાઓ મૃતપ્રાય થઈ જશે. યુનિવર્સિટી સ્તરનાં પ્રકાશનો માતૃભાષામાં તૈયાર કરાવી પ્રકાશન કરતી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ જેવી સંસ્થાઓની લાંબા ગાળે કેટલી પ્રસ્તુતતા બની રહેશે ? યુજીસી/યુનિવર્સિટીઓએ આ નિર્ણય સંદર્ભે પુનઃ વિચારણા કરવી રહી. યુજીસીના કર્ણધારો આ નિયમથી શું નિષ્પન્ન કરવા માગે છે ? અહીં અંગ્રેજીના વિરોધ કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસ્થાપિત મહત્ત્વને અવગણવાનો પ્રશ્ન છે જ નહીં. આ નિયમનો ઘણી ખરી યુનિવર્સિટીઓએ અમલ શરૂ કર્યો. તેના પરિણામે અનુવાદ ઇન્ડસ્ટ્રીઝ અસ્તિત્વમાં આવી. અનુવાદ કરનારા પ્રાયઃ વિષયથી પરિચિત ન હોવાથી વિષયને કેટલા અંશે સમજી શકતા હશે તથા પારિભાષિક શબ્દોના અનુવાદની સમસ્યા, અનુવાદક અને અનુવાદનું સ્તર, સંશોધકે અનુવાદ વાંચવાની - સમજવાની તસ્દી લીધી હશે કે કેમ ? વગેરે પ્રશ્નો ચિંતાનો વિષય છે.

તાજેતરનાં વર્ષોમાં કૉલેજોમાં CBCS ચોઈસ બેઝ ક્રેડિટ સિસ્ટમનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ખરા અર્થમાં તેનું હાર્દ જળવાય તે રીતે વૈકલ્પિક વિષયોની પસંદગીને અવકાશ છે ખરો ? અથવા તેવા વિષયો આપવામાં આવે છે ખરા ? જો 'હા' તો તેવા વિષયો માટે તજ્જ્ઞ અધ્યાપકોની નિયુક્તિ કરવામાં આવી છે ખરી ? અંદર પ્રવેશીને ડોકિયું કરીએ તો ઘોર નિરાશા સાંપડે તેવું ચિત્ર જોવા મળે છે. સરવાળે દીસે છે 'નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ.'

ગુણવત્તાપૂર્ણ સંશોધનના આપણે સૌ પક્ષધર છીએ. પરંતુ તેની સામે પર્યાપ્ત માળખાગત સુવિધાઓ પણ જરૂરી બની રહે છે. ગુજરાતની અનુદાનિત કૉલેજો અને યુનિવર્સિટીઓ તરફ નજર ફેરવતાં જાણવા મળે છે કે ઉચ્ચ શિક્ષણની આ સંસ્થાઓમાં જ્યાં સંશોધનની ભૂમિકા તૈયાર કરવામાં આવે છે કે સંશોધનો કરવામાં કે કરાવવામાં આવે છે ત્યાં વર્ષોથી અધ્યાપકો અને ગ્રંથપાલોની ઘણી જગ્યાઓ ખાલી છે. ગ્રંથપાલોની તો એક જ પોષ્ટ હોય છે. શિક્ષણ અને સંશોધનમાં ગ્રંથપાલ અને ગ્રંથાલયની અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. તેની અનુપસ્થિતિમાં ઉચ્ચ શિક્ષણનાં ધ્યેયોની પ્રાપ્તિમાં ઘણી પ્રતિકૂળતા પેદા થાય. આમ છતાં ગ્રંથપાલોની ભરતીમાં ઉદાસીન વલણ અપનાવવામાં આવી રહ્યું છે. એક અનુભવપૂત બાબત છે કે એક દષ્ટિવંત ગ્રંથપાલ ઘણા અધ્યાપકોની ગરજ સારે છે, આમ છતાં ગ્રંથાલયો અને ગ્રંથપાલો પ્રત્યે પ્રાયઃ ઉપેક્ષાવૃત્તિ જ જોવા મળે છે. હાલમાં અધ્યાપકોની કેટલી ઘટ પ્રવર્તે છે તે સંદર્ભે એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના પ્રો. ગોયલ અને પ્રો. ગોયલે ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયે પાર્લામેન્ટ્રી કમિટી સમક્ષ કરેલી રજૂઆતનો હવાલો ટાંકીને 'યુનિવર્સિટી ન્યુઝ'ના ડિસેમ્બર ૨, ૨૦૧૨ના અંકમાં તેમના પ્રગટ થયેલા લેખમાં નોંધ્યું છે કે "૪૨ કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં ૧૬૬૦૨ મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ૬૫૪૨ ખાલી, ૧૫ આઈઆઈટીઓમાં ૫૦૯૨ની સામે ૧૬૧૧ ખાલી, ૪ આઈઆઈઆઈટીમાં ૨૨૪ની સામે ૧૦૪ ખાલી અને એનઆઈટીમાં ૪૨૯૧ની સામે ૧૪૮૭ ખાલી છે." ગુજરાતમાં શિક્ષકો-અધ્યાપકો-ગ્રંથપાલોની ઘટ શોધવા જવાની જરૂરત ખરી ? તા. ૪-૮-૨૦૧૩ 'ગુજરાત સમાચાર'ના અહેવાલના આધારે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાની ૧૪ કૉલેજોમાં ૧૫૨ અધ્યાપક અને ૧૭૩ બિન-શૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. પર્યાપ્ત સંખ્યામાં અધ્યાપકોના અભાવે અધ્યાપન સંશોધન અને પ્રકાશન પ્રવૃત્તિમાં ભારે ઓટ આવી રહી છે. ગુજરાતનાં પ્રાચ્યવિદ્યાનાં શોધ-સંસ્થાનોમાં અધ્યાપકો અને સંશોધન અધિકારીઓની નિયુક્તિ અટકાવીને પ્રાયઃ મૃતપ્રાય કરી દેવામાં આવ્યાં છે. આપણી યુનિવર્સિટીઓની પ્રકાશન પ્રવૃત્તિ આજે પ્રાયઃ ભૂતકાળ બની ગઈ છે. યુનિવર્સિટીઓને ખરા અર્થમાં ઉચ્ચ અધ્યયન, અધ્યાપન અને સંશોધનનો કેન્દ્રો તરીકે વિકસાવવા માટે આ બધા પ્રશ્નોના ઉકેલને પાયાની અનિવાર્ય આવશ્યકતા ગણવી રહી !

- મણિભાઈ પ્રજાપતિ

# પ્રાસંગિક

## શ્રી નારાયણભાઈ દેસાઈને `સવ્યસાચી સારસ્વત એવોર્ડ'

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્ર અને શિલ્પ-સ્થાપત્ય જેવી લલિત-કલાઓમાંથી કોઈ એકમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિને પ્રતિવર્ષ 'સવ્યસાચી સારસ્વત એવોર્ડ' એનાયત કરવાનું ચાલુ વર્ષથી નક્કી કરવામાં આવતાં પ્રથમ 'સવ્યસાચી સારસ્વત એવોર્ડ' સુપ્રસિદ્ધ ગાંધીમાર્ગી વિચારક, ગાંધિચરિતના સમર્થ લેખક તથા સર્વોદય કાર્યકર શ્રી નારાયણભાઈ દેસાઈને એનાયત કરવાનો સમારોહ વિશ્વવિખ્યાત સ્થપતિ - કલાવિદ્ શ્રી બાલકૃષ્ણ દોશીના વરદહસ્તે ટ્રસ્ટ ભવનના સભાખંડમાં તા. ૨૭ જૂન, ૨૦૧૩ના રોજ યોજવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતી વિશ્વકોશનું મહાન સ્વપ્ન વર્ષોની સંનિષ્ઠ તપશ્ચર્યાથી જેમણે સિદ્ધ કર્યું છે તે સારસ્વત ડૉ. ધીરુભાઈ ઠાકર 'સવ્યસાચી'નું નામ ઉપર્યુક્ત પુરસ્કાર સાથે સંકળાયેલું છે. આ એવોર્ડ માટે સમુદાર સહયોગ શ્રી સી.કે. મહેતા તરફથી સાંપડેલ છે. તેમણે આ હેતુસર ટ્રસ્ટને રૂ. ૧૫ લાખની ઉદાર સખાવત કરી છે. આ યોજના અન્વયે વિવિધ કલાઓમાં પ્રતિવર્ષ ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર ગુજરાતની કે ગુજરાતી એવી વ્યક્તિનું આ એવોર્ડથી સન્માન કરવામાં આવશે. આ **એવોર્ડ અન્વયે રૂપિયા એક લાખની રકમ. સ્મૃતિચિહ્ન સ્વરૂપે સરસ્વતીની પ્રતિમા, શાલ અને પુસ્તક મુ. શ્રી** નારાયણભાઈ દેસાઈને અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપનાના હેતુઓ અને ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો પ્રસ્તુત એવોર્ડના પ્રારંભમાં વિગતે પરિચય કરાવ્યો હતો. શ્રી નીતિન શુક્લે શ્રી નારાયણભાઈ દેસાઈનું જીવનવૃત્ત પ્રસ્તુત કર્યું હતું. શ્રી નારાયણ દેસાઈનો સંક્ષિપ્ત પરિચય દર્શાવતી પત્રિકા સર્જક શ્રી રાજેન્દ્ર પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ, જે શ્રોતાગણને વહેંચવામાં આવી હતી.

**ગાંધી સાહિત્યના અભ્યાસી અને વિદુષી ડૉ. દક્ષા પટ્ટણી (ભાવનગર) એ શ્રી નારાયણભાઈ દેસાઈના આંતરસત્ત્વને ઉજાગર કરતો પરિચય કરાવેલ જેનો અક્ષરશઃ પાઠ નીચે મુજબ છે.**

આજે આદરણીય મુ. શ્રી ધીરુભાઈ ઠાકર દ્વારા પોતાનું નામ ન આવે તેની સભાનતા સાથે એમના જ એક ઉપનામ 'સવ્યસાચી'ના નામે મુ. શ્રી નારાયણભાઈ દેસાઈને શ્રી બાલકૃષ્ણ દોશીના હાથે આ સવ્યસાચી એવોર્ડથી સમ્માનિત કરવામાં આવે છે, તેનો આનંદ આપણને સહુને છે તેમ મારો આનંદ હું વ્યક્ત કરું છું અને વિશ્વકોષના આયોજકોને આપણા સહુવતી આવી વિદ્યાકીય પ્રવૃત્તિ માટે અભિનંદન આપું છું.

આયોજકોની ગોઠવણમાં મારે મુ. શ્રી નારાયણભાઈની સાહિત્ય સિવાયના ક્ષેત્રનો ગાંધીકથાને પ્રાધાન્ય આપી પરિચય કરાવવાનો છે પણ હું જરાયે નમ્રતા વિના કહું તો સત્ય એ છે કે અહીં બેઠેલા મોટા ભાગના લોકો નારાયણભાઈ વિશે જેટલું જાણે છે તેટલું હું જાણતી નથી. એટલે આ અંગેની મારી પાત્રતા વિશે અને મારા અધિકાર વિશે હું બહુ જાગ્રત છું. છતાં આજના પ્રસંગે આ કામ મેં સ્વીકાર્યું છે તે મારા અને મારા એટલા માટે કે એ નિમિત્તે જુદા જુદા કાર્યક્ષેત્રનો થોડો પરિચય થાય તો તમે બધાં જે આનંદ માણો છો તે હું પણ માણી શકું અને આ અંગેનો થોડો ઘણો અભ્યાસ મિત્રો પાસેથી અને પુસ્તકો દ્વારા મળ્યો છે તેનાથી એ બધી સ્થૂળ સ્થૂળ વિગતોને છોડીને મને વ્યક્તિત્વના વિકાસનો જે પરિચય થયો છે તેનાથી જે

આનંદ થયો છે તે મારી દૃષ્ટિથી એક પરિચય આપવા થોડી વાત કરવા આવી છું.

આ અભ્યાસ કરતાં મને વિષયનું જે હાર્દ પકડાયું છે તે મારી થીસિસ્ ટૂંકમાં માત્ર આટલી છે કે મુ. નારાયણભાઈ એમના ઘડતરમાંથી માંડીને આજ સુધી નઈ તાલીમના માણસ છે. પોતાના જીવનમાં એ સતત નઈ તાલીમ લેતા રહ્યા છે અને આપતા રહ્યા છે. એના સ્તર બદલાય છે, ક્ષેત્ર વિસ્તરે છે પણ મૂળતંતુ સાદ્યંત જળવાઈ રહ્યું છે અને તે છે ગાંધીવિચાર. એની આછી રેખા દોરવા માગું છું.

ગાંધીજીએ કેળવણીની વાત કરતાં કહ્યું છે કે કેળવણી એવી હોવી જોઈએ જેમાં મનુષ્યના પાંચે અંગોને કેળવણી મળવી જોઈએ. આ પાંચ અંગો એટલે શરીર, મન, બુદ્ધિ, હૃદય અને આત્મા. આ પાંચેની તાલીમ કેમ લેવી અને કેમ આપવી એ નારાયણભાઈનું જીવનકાર્ય રહ્યું છે.

આ અભિગમથી મુ શ્રી નારાયણભાઈના જીવનકાર્યને ઓળખીએ. એમના ઘડતર પછીના એમના જીવનકાર્યને પાંચ તબક્કામાં જોઈ શકાય. પહેલો તબક્કો એમણે જુગતરામભાઈ સાથે વેડછીમાં નઈ તાલીમનું જે શિક્ષણ કાર્ય કર્યું તે. બીજો વિનોબાના પ્રભાવ નીચે સર્વોદય ક્ષેત્રમાં કામ કર્યું તે. તેના જ અંશરૂપે તરુણ શાંતિ સેનાનું કાર્ય તે ત્રીજો તબક્કો અને W.R.I. વોર રેઝિસ્ટન્સ ઇન્સ્ટિટ્યૂટમાં જે કામ કર્યું તે તેમના વિસ્તારની ચોથી ભૂમિકા અને પાંચમો તબક્કો જેમાં એમના હૃદય અને આત્માની કેળવણી લેવા તથા સમાજને આપવાનું કાર્ય અત્યારે કરી રહ્યા છે એ એમની ગાંધીકથા. આ બધાં જ કાર્યોને એક તંતુમાં ગૂંથનાર તાંતણો તે ગાંધીવિચાર. આપણે એમના ઘડતરથી માંડી આ પાંચે પ્રકારની કેળવણી દ્વારા નઈ તાલીમ પોતે પામતા ગયા અને સમાજને આપતા રહ્યા તેમાં એમના આન્તર બાહ્યને એમણે કેવી રીતે અજવાળ્યું તે તપાસીએ. શારીરિક કેળવણીથી માંડીને આત્માના વિકાસ સુધીની આ યાત્રા એના સાધ્ય સુધી પહોંચવા કયો માર્ગ પસંદ કરે છે ?

**ઘડતર :** નારાયણભાઈના ઘડતરમાં પિતા મહાદેવભાઈ, ગાંધીજી, વિનોબા અને જયપ્રકાશ નારાયણનો ઘેરો પ્રભાવ છે અને આ પાંચેય એટલા મોટા ગજાના મહાપુરુષો થઈ ગયા જેમણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દેશ અને દુનિયામાં ઘણાનું ઘડતર કર્યું છે અને સહુએ પોતાની પાત્રતા પ્રમાણે જીલ્યું છે.

પિતા મહાદેવભાઈ એક અત્યંત અભ્યાસુ તીવ્રબુદ્ધિ પ્રતિભા ઉપરાંત પારદર્શક વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિ હતા. પણ બાહ્ય કૌટુંબિક વાતાવરણની કેટલીક સગવડતાઓએ એમનું શારીરિક સ્વાસ્થ્ય નારાયણભાઈ જેવું નહોતું છતાં તેની પરવા કર્યા વિના દૃઢ મનોબળથી એમણે ગાંધીજીના જીવન કાર્યનું કામ આત્મા રેડીને કર્યું. નારાયણભાઈનો ઉછેર ગાંધીજીના આશ્રમમાં આરોગ્ય અને પોષણની પૂરતી સભાનતા સાથે થયો. આથી એમનું શારીરિક સ્વાસ્થ્ય અને મનોબળ અસાધારણ છે. લાંબા પ્રવાસો, પદયાત્રા, કલાકો સુધી વ્યાખ્યાનો આપવાં એમાં એ ક્યારેય થાકતા નથી. જે એમના સાથીઓએ આ જોયું છે તે બધા જ નિરપવાદ રીતે કહે છે કે એ થાકતા નથી. એટલું જ નહીં આ બધી પ્રવૃત્તિમાંથી નવું બળ મેળવી વધારે સમૃદ્ધ થતા રહે છે. બાયપાસ સર્જરી કર્યા પછી પણ એમની આ સ્વસ્થતા અભ્યાસ કરવા જેવી છે. આ અંગે ઉમાબહેન ડૉક્ટર તરીકે અને દીકરી તરીકે ચિંતા કરે એ સ્વાભાવિક છે પણ મને લાગે છે કે એમણે પણ આનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરવો પડે એવી ઊર્જા એમાંથી પ્રગટ થતી રહે છે.

ત્રીજું તત્ત્વ એ એમની બુદ્ધિ. એ તો એમને વારસામાં સીધી મળી ગઈ છે. એમાં એમનું કોઈ પરાક્રમ નથી પણ સમજવા જેવું એ છે કે એમ તો ગાંધીના પુત્ર હરિલાલની બુદ્ધિ ગાંધીજી કરતાં જરાયે ઓછી ન હતી. પણ પોતાને વારસામાં મળેલ બુદ્ધિનો વિકાસ પ્રજ્ઞા સુધી અને પ્રજ્ઞામાંથી પ્રતિભા સુધી કર્યો એ એમની કેળવણીની સફળતા છે. નારાયણભાઈ શાળા-કૉલેજમાં ભણ્યા નથી છતાં આટલું કરી શક્યા એવી પ્રશંસા કરવાની બહુ જરૂર નથી. કેમકે એમને કેળવણીનું જે વાતાવરણ આશ્રમમાં મળ્યું, જે સમર્થ વ્યક્તિઓએ એમને માર્ગદર્શન આપ્યું, અને જે ઊંચાઈએથી આપ્યું તે ઘણું વધારે છે. આને પરિણામે જ એમનું માહિતીજ્ઞાન એમના વિચારજગતમાં પરિપક્વ થઈને જગતના પ્રશ્નોને સમજવા સુધી વિસ્તર્યું છે.

નારાયણભાઈના સમગ્ર જીવનકાર્યની એક

નોંધપાત્ર લાક્ષણિકતા એ રહી છે કે એ ઘટનાઓને અને પરિસ્થિતિને જીવનમૂલ્યોના સંદર્ભમાં તપાસે છે. તેમાંથી એમની દૃષ્ટિનો વિકાસ અને વિસ્તાર કેમ થયો ? એ એમના કાર્યક્ષેત્રના તબક્કામાં જોઈએ.

**(I) પહેલો તબક્કો** એ વેડછીમાં એમણે જે નઈ તાલીમનું શિક્ષણકાર્ય કર્યું તે. નારાયણભાઈ ગાંધીજીએ આપેલ પ્રત્યક્ષ નઈ તાલીમની સીધી નીપજ છે અને બુદ્ધિ તત્ત્વ તો પ્રભાવક હતું જ પરિણામે આ શિક્ષણકાર્ય એટલું તો સરસ રીતે થયું કે એમની પાસે ભણેલા વિદ્યાર્થીઓ જેવાં કે અરુણાબહેન આજે પણ એમ કહે છે કે જેવી રીતે અમને ભણાવ્યાં તેવી રીતે બધાંને ભણવાની તક મળી હોત તો ! પણ નારાયણભાઈ પ્રકૃતિથી જ યાત્રાના માણસ છે. આ સિદ્ધિએ પહોંચ્યા પછી એ કામને વળગી રહેતા નથી. એમણે એ કામ છોડ્યું. એક શિખર પરથી બીજા વધારે ઊંચા શિખર પર ચડવા માટે. અને એ શિખર હતું વિનોબા અને એમનો સર્વોદય વિચાર. ગાંધીજીના ચિંતન અને કાર્યક્ષેત્રની તો અનેક શાખાઓ હતી તેમાંયે રાજકીય પ્રવાહો તરફ જનારા તો ઓછી પાત્રતા સાથે પણ ગાંધીજીના નામે ઘણા આગળ જઈ શકતા હતા અને સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠા પામી શકતા હતા એ વાતાવરણમાં એક બુદ્ધિશાળી યુવાન આ બધી પ્રતિભાશાળી વ્યક્તિઓ તરફ ઢળવાને બદલે ગાંધીજીના જીવનનું અત્યંત મહત્ત્વનું પાસું આધ્યાત્મિક કેળવણી દ્વારા સમાજ ઘડતરનું એ વિનોબા તરફ કેમ વળ્યા ? અને વિનોબામાં બલવત્તર થતી આ શક્તિમાં એમણે જે પ્રદાન કર્યું તે એમની કેળવણીની વિશેષતા છે જેને કારણે આ બધાં જ કાર્યક્ષેત્રોમાં એમણે પોતાની વિશિષ્ટ પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. સંસ્કૃતમાં કહ્યું છે પ્રજ્ઞા નવનવોન્મેષ શાલિની પ્રતિભા મતા । (નવા નવા ઉન્મેષોને પ્રગટ કરતી પ્રજ્ઞાને પ્રતિભા કહે છે) નારાયણભાઈએ પિતા પાસેથી વારસામાં મળેલ બુદ્ધિને પ્રજ્ઞા અને પ્રજ્ઞામાંથી પ્રતિભા સુધી કેમ વિકસાવી તે જોવા માટે આ દરેક ક્ષેત્રમાં એમણે શું શું કાર્યો કર્યાં ? કયા સ્થાન સુધી પહોંચ્યા કે કેટલો સમય રહ્યા તે નહીં પણ જેને પોતીકું કહી શકાય એવું કંઈક વિશિષ્ટ પ્રદાન એમણે શું કર્યું ? એ એમની પ્રતિભાએ પ્રગટ કરેલા માત્ર ઉન્મેષોનાં એક બે દૃષ્ટાંતોથી આ વિકાસનો આલેખ જોઈ શકાશે.

**(II) વિનોબા અને સર્વોદય :** વિનોબાના ભૂદાનક્ષેત્રે અને પછી વિનોબાના સાંનિધ્યમાં એમણે પુષ્કળ કાર્યો કર્યાં જેની વિગતો આપવી શક્ય નથી પણ એમની પ્રતિભાનું દર્શન કરાવતાં કાર્યો જોઈએ તો ગુજરાતમાં વિનોબા તો ભૂદાન કાર્ય શરૂ થયા પછી ઘણા મોડા આવ્યા. લગભગ ૧૯૫૮, ૫૯ના ગાળામાં પણ એ પહેલાં ગુજરાતમાં લગભગ એકલાખ એકર જમીન સંપાદનનું કાર્ય થઈ ચૂક્યું હતું. એ કરનારા મુખ્ય કાર્યકર્તાઓમાં નારાયણભાઈનો પુરુષાર્થ ઘણો મોટો વળી ‘ભૂમિપુત્ર’ સામયિકની શરૂઆત કરનારાઓમાંના એ એક. એ સમયે એમનાં વ્યાખ્યાનોનો પ્રભાવ એટલો કે જેમ નઈ તાલીમના વિદ્યાર્થીઓ પર છવાઈ ગયા તેમ ભૂદાનકાર્યકર્તાઓને આકર્ષવામાં એમનો પ્રભાવ ઘણો રહ્યો. મુંબઈથી જે આખી ટીમ ગુજરાતમાં આવી સર્વોદયના કામમાં જોડાઈ જેમાં આપણા કાન્તિભાઈ શાહ, નવનીતભાઈ, એ બધાં નારાયણભાઈનાં વ્યાખ્યાનોથી પ્રભાવિત થઈને આવેલાં. આ બીજી પેઢીએ પણ સર્વોદયનાં અભૂતપૂર્વ કામો કર્યાં.

ભૂદાનના કાર્યોમાં નારાયણભાઈ જે બીજો ઉન્મેષ બતાવી શક્યા તે એ કે વિનોબા જ્યારે ગુજરાતમાં આવ્યા ત્યારે ભૂદાનની પદયાત્રાનું ભવ્ય સ્વાગત કરવા સરકાર સજ્જ હતી, ઉત્સુક પણ હતી. ગુજરાતમાં ત્યારે કોંગ્રેસ સરકારનો દબદબો હતો અને ઢેબરભાઈની સરકાર ભવ્ય સ્વાગત કરે તેવો તખ્તો રચાતો હતો, પણ નારાયણભાઈની મક્કમતા અને પ્રયત્નોને પરિણામે અનેક મોટાં માથાંઓના પ્રયત્નો છતાં નારાયણભાઈએ તેને સરકારી યાત્રા ન જ થવા દીધી. આજે મોટા ભાગની ગાંધી વિચારની સંસ્થાઓનું સરકારીકરણ થઈ ચૂક્યું છે અને થઈ રહ્યું છે અને નારાયણભાઈ સહિત આપણે બધાં એ વાત લાચારીથી સ્વીકારી રહ્યાં છીએ ત્યારે એમનું એ કાર્ય ભૂતકાળના તેજલિસોટાની જેમ પ્રકાશે છે.

**(III) તરુણ શાંતિસેના :** ત્રીજો તબક્કો એ એમની તરુણ શાંતિસેનાની દેણ છે. અહિંસક શાંતિસેનાની તાલીમ ગાંધીજીના ગયા પછી છૂટી ગયેલી એ નારાયણભાઈએ ફરી શરૂ કરી જેના ફલસ્વરૂપે સુદર્શનભાઈ, કુમાર પ્રશાંત, અશોક ભાર્ગવ જેવા કાર્યકર્તાઓ આપણને મળ્યા. આ બધાં પ્રશિક્ષણમાં

નારાયણભાઈનો ફાળો ઘણો મોટો. આ તરુણ શાંતિસેનાએ બિહારમાં દુકાળ વખતે ઘણું કામ કર્યું. અશોક ભાર્ગવે કૉલેજ છોડી આ બિહારના દુકાળમાં કામ કર્યું. ગુજરાતમાં નવનિર્માણનું આંદોલન થયું જે પછીથી શમી ગયું એ પણ આની જ નીપજ. જરા જગતના ઇતિહાસ પર નજર નાખીએ તો દુનિયાના અનેક દેશોમાં આઝાદી પછી એકહથ્થુ શાસન રહ્યું અને ત્રીસ ત્રીસ વર્ષ સુધી સરમુખત્યારશાહી ચાલી. ભારતમાં આવું ન થયું તેમાં આ તરુણ શાંતિસેનાનું પ્રદાન ઘણું મહત્ત્વનું છે. તરુણોના માનસને સમજવું અને કેળવવું એના પ્રયત્નો રૂપે 'તરુણ મન' નામનું મેગેઝીન શરૂ થયું જેણે તરુણોની સાહસવૃત્તિને આવકારી એ સમગ્ર પ્રવૃત્તિમાં પ્રેરકબળ નારાયણભાઈ હતા. બાંગ્લાદેશ વખતે પણ આ શાંતિસેનાએ ઘણું કામ કર્યું. અહીંથી એમનું કાર્યક્ષેત્ર વૈશ્વિક બને છે.

ગાંધીજી એમ લખે છે કે, ''હું હિન્દુસ્તાનનું એવું એકે હિત નથી ઇચ્છતો જે જગતના હિતનું વિરોધી હોય.'' આ માનસિક ભૂમિકાએ નારાયણભાઈનું કાર્ય આ ત્રીજા તબક્કામાં દેખાય છે.

**(IV) W.R.I. વૉર રેજિસ્ટન્સ ઇન્ટરનેશનલ = યુદ્ધવિરોધી સંસ્થા :** ચોથો તબક્કો એ એમની આ યુદ્ધવિરોધી સંસ્થાનું આંતરરાષ્ટ્રીય કાર્ય. નારાયણભાઈ તેના પ્રમુખ બન્યા. ભારતમાં અને ભારત બહાર પણ એમણે આ ક્ષેત્રમાં નોંધપાત્ર કામો કર્યાં. તેમાં પણ એમનું પોતીકું કહી શકાય તેવું પ્રદાન તો એ હતું કે યૂરોપ અમેરિકાના દેશોમાં તો ઠીક કે યુદ્ધો ખેલાયાં હતાં. વિકસિત દેશો પાસેથી શસ્ત્રો ખરીદવાની અલ્પવિકસિત દેશોની મજબૂરીના પ્રશ્નો હતા. વળી એ દેશોમાં તો યુદ્ધમાં જોડાવું ફરજિયાત હતું એટલે શાંતિપ્રિય લોકો તેનો વિરોધ કરે પણ આ શસ્ત્રયુદ્ધ સિવાયની જે હિંસા અને અશાંતિ પ્રસરી રહી હતી અને આજે પણ ચાલે છે તેની સામેનો પ્રતિકાર કરવાની વાત જે નારાયણભાઈએ તે કાળે કરી તે તદ્દન નવી અને મૌલિક હતી, આજે પણ એમની પ્રવૃત્તિમાં આ યુદ્ધ સામેનો પ્રતિકાર ઘણા વ્યાપકરૂપે ચાલુ જ છે. રાજ્ય અને હિંસા, ગરીબી અને હિંસા, લાચારી અને હિંસા વગેરે. પણ કરુણતા તો એ છે કે આજે તો ભારત પણ શસ્ત્રોનો વેપાર કરે છે અને તેની ટ્રેઈનિંગ સ્કૂલો પણ ચાલે છે. અભ્યાસીને ખબર છે કે તેનાં મૂળ પણ ગાંધીજીના સમય જેટલાં જ જૂનાં છે. આ પછી જયપ્રકાશ નારાયણ સાથે એમણે જે કાર્ય કર્યું - પચાસથી સાઈઠના સમયગાળામાં- એ કામ પણ ઘણું નોંધપાત્ર રીતે થયું. નેફામાં એમણે જયપ્રકાશ નારાયણ સાથે મહત્ત્વનું કાર્ય કર્યું. ત્યાં અખિલ ભારતીય શાંતિ મંડળની સ્થાપના થઈ. જે.પી. તેના પ્રમુખ હતા અને નારાયણભાઈ મંત્રી. આ શાંતિના કામ માટે એ નેફા અને અરુણાચલમાં ગયા. નાગાલેન્ડ અને મિઝોરમમાં ગયા. આ કામમાં વિનોબાનું નેતૃત્વ હતું. અહીં સર્જનાત્મક કામ એ થયું કે ત્યાંના લોકો જુદા વંશના છે. એ લોકો ઈશ્વરમાં માને જ નહીં. પ્રકૃતિમાં માને. એ લોકો સાથે તાદાત્મ્ય સાધવા એમણે પ્રકૃતિની પ્રાર્થનાઓ રચી ત્યારે નારાયણભાઈએ રચેલું કાવ્ય-

''હે જ્યોતિર્મય આવો'' એ કાવ્ય પ્રાર્થના અને કાવ્યકલા બન્ને દૃષ્ટિએ નારાયણભાઈનું ઉત્તમ સર્જન છે.

**(IV) ગાંધીકથા :** નારાયણભાઈના કાર્યનો પાંચમો તબક્કો છે એમની ગાંધીકથા. આમ તો કુમારપાળભાઈએ મને ગાંધીકથા વિશે બોલવાનું કહ્યું હતું પણ હું એમ સમજું છું કે ગાંધીકથા એ એમની પોતાની તાલીમ અને જગતને આપવાની તાલીમ એટલે કે એમના જીવન અને કાર્યક્ષેત્રના વિકાસ અને વિસ્તારનો પાંચમો તબક્કો છે. અને જ્યાં સુધી આપણે તેમનાં આગળનાં કાર્યો વિશે ન જાણતાં હોઈએ ત્યાં સુધી માત્ર કથા તરીકે તેનું મૂલ્યાંકન કરવામાં એમની જીવનદૃષ્ટિની અખંડતાને સમજી શકાય નહીં. કેમકે એમના આંતરિક વિકાસમાં શરીર, મન, બુદ્ધિ પછી હૃદયનો વિકાસ, આત્માના વિકાસ તરફની ગતિ અને એમના લોકકેળવણીના કાર્યક્ષેત્રનો વિસ્તાર અને સ્તર બન્ને એક ભૂમિકા આગળ જાય છે. ટૂંકમાં ગાંધીકથા એ પણ એમની નઈતાલીમ અને તેના શિક્ષણના એટલે કે લોક કેળવણીના એમના જીવનવ્યાપી કાર્યક્ષેત્રનું સ્વાભાવિક પરિણામ છે. આ અભિગમથી આપણે એમની ગાંધીકથાને સમજીએ.

યુગે યુગે મહાપુરુષનું યુગકાર્ય બદલાતું રહે છે પણ તેના મૂળભૂત તંતુનું સાતત્ય હંમેશાં ચાલતું રહે છે. આવા મહાપુરુષોનાં મહાકાવ્યો રચાય પછી એમાં

નિરુપાયેલાં જીવનમૂલ્યોને આમ જનતા સુધી સરળ ભાષામાં, એને સમજાય તેવાં દૃષ્ટાંતો અને તત્કાલીન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આમ જનતા સુધી પહોંચાડવાનું કામ એટલે કે લોક કેળવણીનું બહુ મોટું શિક્ષણકાર્ય આ દેશમાં હજારો નાના મોટા કથાકારો આજ સુધી કરતા આવ્યા છે. એનાથી જ આટલો મોટો અને વૈવિધ્ય સભર દેશ એક આંતરિક તંતુથી ગંઠાયેલો રહ્યો છે અને એથી જ અન્ય સંસ્કૃતિઓના ત્સુનામીથી પણ મોટાં આક્રમણો સામે આપણી સંસ્કૃતિ આજ સુધી જળવાઈ રહી છે.

આવું પરંપરાનું સાતત્ય જાળવીને જીવનવ્યાપી નવોન્મેષ સમગ્ર પ્રજામાં જેમણે જાગૃત કર્યા હોય તેનું જીવનચરિત્ર જ કથાનો વિષય બની શકે. આવાં બે સમર્થ ચરિત્રો તે રામાયણ અને મહાભારત રચાયાં. ત્યાર પછી ગાંધીચરિત છે. એને સળંગ રૂપે નિરૂપવા નારાયણભાઈએ એ લખ્યું અને ભવિષ્યના કવિઓ, મહાકવિઓ તેને વિવિધરૂપે નિરૂપતા રહેશે પણ આ પુસ્તકો વાંચનારા લોકો કેટલા ? વાંચનાર વર્ગ જ ઘણો નાનો. વળી દરેક વર્ગની તેને સમજવાની પાત્રતા જુદી, ગાંધીજીના અપાર વૈવિધ્યથી ભરેલા વ્યાપક જીવનકાર્યોમાંથી દરેક વર્ગને લાગુ પડે એટલી વાતો જ કોણ તારવી આપે ? આથી ગાંધીચરિત માત્ર લખવાથી એનાં બીજ પ્રજામાં રોપી શકાતાં નથી. નારાયણભાઈને તો લોકશિક્ષણ દ્વારા ગાંધીજીને સમગ્ર માનવજાત સુધી આકાશની જેમ વિસ્તારવા છે, પાણીની જેમ વહેતા મૂકવા છે. કશાયે ભેદભાવ વિના un to this Last, છેલ્લામાં છેલ્લા માણસને પણ સમજાય, ઉપયોગી બને તેમ આવું સમગ્ર માનવસમાજને આવરી લેતું સમર્થ માધ્યમ એટલે ગાંધીકથા.

મેં અગાઉ અનેક વખત કહ્યું છે અને લખ્યું પણ છે કે આ દેશના હજારો વર્ષના ઇતિહાસ પર નજર નાખીએ તો હિન્દુસ્તાનની રંગભૂમિ પર માત્ર બે જ નાટક ભજવાયાં છે. રામાયણ અને મહાભારત. એવું જ પણ એનાથી વધારે પ્રેક્ષકોને આવરી લેતું એટલે કે જેમાં સમગ્ર માનવજાતના જીવનપ્રશ્નો સમાયેલા છે એ ગાંધીચરિત છે. જેણે સમગ્ર પ્રજાની, અરે સમસ્ત માનવજાતની ચેતનાને ડોલાવી દીધી હોય. ગાંધીચરિત એ માત્ર અભ્યાસુનો વૈજ્ઞાનિકો કે શાસ્ત્રકારોના, રાજકારણના કે અધ્યાત્મના અભ્યાસનો જ વિષય નથી. એ તો સમસ્ત માનવજાતનું ઘડતર કરવાની એક પ્રયોગ-સિદ્ધકથા છે. એ પ્રયોગો વ્યક્તિગત છે એટલા જ સામૂહિક છે. એ એટલી તો વ્યાપક છે એના વિશે હજારો પુસ્તકો લખાયા પછી પણ એ વેરવિખેર પડી છે. એની શાસ્ત્રીય ગોઠવણી થતાં સેંકડો વર્ષો થશે પણ ત્યાં સુધી એ ક્યાં જળવાશે ? એ માટે સહુથી યોગ્ય સ્થાન છે લોકહૃદય, લોકમાનસ જ્યાં એ સચવાશે, એને પોષણ મળશે, એમાં નવા નવા અંકુરો પાંગરતા રહેશે. ભવિષ્યના કલાકારો અને શાસ્ત્રકારોએ જેમ રામાયણ-મહાભારતના તત્ત્વમાંથી પોષણ મેળવી પોતાની રચનાઓ કરી તેવા અનેક સર્જનો થશે પણ એને તો યુગો થશે ત્યાં સુધી એને જાળવવાનું કાર્ય નારાયણભાઈ ગાંધીકથા દ્વારા કરી રહ્યા છે અને તેનાં પરિણામો પણ દેખાવા માંડ્યાં છે એવી સમજણથી ગાંધીકથાનો વિચાર કરીએ તો તેની કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ દેખાઈ આવશે.

(૧) પહેલી વાત તો એ કે આખી દુનિયામાં કોઈ પણ પ્રજાનું મનોવલણ એ રહ્યું છે કે આવા મહાપુરુષોના ગુણગાન ગાવાં, તેની મહાનતાની પ્રશંસા કરવી પણ તેનું અનુકરણ કરવાને બદલે તેને દેવ બનાવી દેવા અને તેની પૂજા કરવી; તો પછી આપણે કંઈ કરવા પણું રહેતું નથી. અલબત્ત તેમાં જીવનમૂલ્યોનું સંસ્કારઘડતર તો અભાનપણે થતું જ રહે છે એ કથાની સહુથી મોટી ઉપલબ્ધિ છે. પણ નારાયણભાઈ જે ગાંધીકથા કરે છે તેની સહુથી મોટી વિશેષતા એ છે કે એ પૂરેપૂરા ગાંધીભક્ત હોવા છતાં એમણે આ કથા દ્વારા ગાંધી આપણી પહોંચમાં છે એવી પ્રતીતિ કરાવી. ગાંધીજીએ પણ પોતાના સમગ્ર જીવનકાર્ય દ્વારા એ જ સતત દર્શાવ્યું છે કે કોઈ પણ મનુષ્ય જો પોતાના કાર્યક્ષેત્રમાં સત્યને પામવા કષ્ટ સહન કરી પુરુષાર્થ કરે તો ગાંધીજીની જેમ અસંભવને સંભવ કરી શકે. ગાંધીકથા દ્વારા નારાયણભાઈએ એ દર્શાવ્યું કે બધાં માણસો પોતાના જીવનમાં એને કેમ સિદ્ધ કરી શકે ? આવા લોકશિક્ષણના માધ્યમ તરીકે એમણે પહેલી સાવધાની એ રાખી કે ગાંધી ક્યાંય દેવ ન બની જાય. દરેક મનુષ્યમાં રામ,

કૃષ્ણ, ઈશુ કે ગાંધી બનવાની પાત્રતા પડી જ છે. એ પાત્રતા કેમ સિદ્ધ કરી શકાય એનો માર્ગ ગાંધીજીએ દર્શાવ્યો છે એ જ વાત નારાયણભાઈ કથા દ્વારા ઘૂંટતા રહે છે.

(૨) બીજી વિશેષતા એ છે કે દરેક ઘટનાને એ આધુનિક સંદર્ભમાં ગોઠવે છે. દા.ત. એકાદશ વ્રતને એ જ્યારે આધુનિક સંદર્ભમાં મૂલવે છે ત્યારે નવી પેઢીને તેમાં ઘણો રસ પડે છે. હજુ પણ આ વસ્તુને વધુ અસરકારક રીતે પ્રકટ કરી શકાય એટલી ક્ષમતા એમાં છે.

(૩) લોકકેળવણી માટે એમણે કરેલો ત્રીજો એવો સફળ પ્રયોગ એ ગાંધીકથાનાં ગીતો છે. અલબત્ત, કાવ્યતત્ત્વની દૃષ્ટિએ એ બહુ ઓછાં આકાર પામ્યાં છે. પણ એ એમનું લક્ષ્ય પણ નથી. એમનું લક્ષ્ય તો ગાંધી-વિચારને લોકમાનસમાં ગુંજતો કરવો એ છે. આથી ગાંધીકથામાં એમનો આગ્રહ એવો રહ્યો છે કે આ ગીતો જ્યાં કથા હોય ત્યાંના સ્થાનિક લોકો પાસે જ ગવરાવવાં. એ માટે નિષ્ણાતો દ્વારા તાલીમ પણ અપાવે છે. દિલ્હીમાં દરરોજ વીસ વીસ છોકરીઓને એમ પાંચ દિવસ તાલીમ આપી એક સો છોકરીઓને ગાંધીગીતો ગાતી કરી. આપણા રાજપીપળા પાસે એક અશોક તડવી નામનો છોકરો બીજી અનેક કથાઓમાં ગીતો ગાય છે એને તો ગાંધીગીતોની લગની લાગી છે.

(૩/૧) આ ગીતોની અસર પણ ઘણી પડે છે. નવગુજરાત કૉલેજમાં કથા થઈ ત્યારે કેટલીક બહેનો રડતી હતી. પાછળથી તો ઘણી બહેનો તેમાં જોડાઈ. સાહસની કથામાં પણ ગીતોનો પ્રભાવ ઘણો રહ્યો. ક્યારેક આ ગીતોમાં સંગીત તત્ત્વ બહુ અસરકારક બની રહે છે. દા.ત. ''આ સત્યનો પથિક'' એ ગીતમાં સત્યના પથનું આખું ચિત્ર તાદૃશ થાય છે તેમાં સંગીતનો પ્રભાવ અદ્ભુત છે.

(૩/૨) લોકો સરળતાથી ગાઈ શકે એ ધ્યાનમાં રાખી મોટે ભાગે પ્રચલિત ઢાળોનો ઉપયોગ કર્યો છે. દા.ત. કવિ હરીન્દ્ર દવેનું ''માધવ ક્યાંય નથી મધુવનમાં'' એ વાતાવરણમાં ગુંજતો ઢાળ લઈને લખાયેલ ગીત 'ગાંધી ક્યાંક હશે ભારતમાં' આ લોકકેળવણીનું જ લક્ષ્ય હોવાથી આ ગાંધીવાદી માણસ હોવા છતાં એમણે ફિલ્મોની સૂગ રાખી નથી અને કેટલાંયે ગીતો ફિલ્મી ગીતોના ઢાળમાં લખ્યાં છે.

(૩/૩) આ ગીતો નિત્ય નવાં લખાય છે. એના સર્જન પાછળની ઘટનાઓના પ્રસંગો પણ સત્ય છે. આ ગીતો લખવાનો આરંભ થયો એ ઘટના આ જીવનવ્યાપી પ્રવૃત્તિમાં આ કથાકાર પોતે કઈ ભૂમિકાએ છે એ સમજવા માટે મહત્ત્વની છે.

પહેલું જ ગીત જે એમણે લખેલ ગાંધીજીનું જીવનચરિત્ર 'મારું જીવન એ જ મારી વાણી'માં લેખકે કૃતિના આરંભમાં મૂકેલું છે અને ગાંધીકથામાં પણ ગવાય છે.

''માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી
આવો જેને કરવી હોય ઉજાણી.''

આ કાવ્ય રચાયું તેની પ્રેરણા ક્યાંથી થઈ ? આ રચનાની વાત એવી છે કે એક વખત નારાયણભાઈને કૃષ્ણમૂર્તિને મળવાનું થયું. ત્યારે નારાયણભાઈની ગાંધીપ્રવૃત્તિ જોઈને એમણે બે પ્રશ્નો પૂછ્યા ''આર યુ મેરીડ ?'' પછી બીજો પ્રશ્ન પૂછ્યો ''આર યુ હેપી ?'' આ પ્રશ્નોના જવાબ રુપે એમનું અંતર ગાઈ ઊઠ્યું ''માડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી'' આજે પણ એનાં પૂર જરાયે ઓસર્યાં નથી.

જેમ ગાંધીવિચાર વિશ્વવ્યાપી છે તેમ ગાંધીકથા પણ વિશ્વવ્યાપી હોય એ સ્વાભાવિક છે. એટલે મોટા ભાગની કથા ગુજરાતીમાં થઈ છે. પણ ગુજરાતમાંથી શરૂ કરી પછી સમગ્ર દેશમાં અને પછી વિદેશોમાં પણ કથાઓ થઈ એટલે કથા ગુજરાતીમાં થઈ એ ઉપરાંત હિન્દી અને અંગ્રેજીમાં પણ એમણે કથાઓ કરી છે અને એ નિમિત્તે આ ગીતો પણ ગુજરાતી, હિન્દી તેમ જ અંગ્રેજીમાં પણ રચાયાં છે. આ કથાનો ક્ષેત્ર વિસ્તાર પણ થયો.

ગીતો પછી ચોથી મહત્ત્વની વિશેષતા એ રહી છે જે લોકકેળવણીનો અત્યંત મહત્ત્વનો પ્રયોગ છે જેમાં કથાની વિશેષતા ઉપરાંત કથાકારની સજ્જતા અને ઊંડી સૂઝનો પરિચય થાય છે તે એ છે કે કથા દેશમાં હોય કે પરદેશમાં દરેક કથામાં શ્રોતાઓને લક્ષ્યમાં રાખીને

જ કથા થઈ છે. દા.ત. શરૂઆતની કથા સામાન્ય હતી પણ પછી આ વિશેષતાને કારણે અમદાવાદમાં મેનેજમેન્ટમાં કથા થઈ તો ગાંધીજીની મેનેજમેન્ટ અંગેની લાક્ષણિકતાની વાત કરી. વિદ્યાપીઠના કાર્યકર્તાઓ માટે કથા કરી ત્યારે એ દૃષ્ટિકોણથી કેરાલામાં માત્ર સત્યાગ્રહ ઉપર વિસ્તારથી વાત કરી અમદાવાદની સેવા સંસ્થામાં કથા કરી તો બહેનોને ધ્યાનમાં રાખી તેને લગતી વાતોનું પ્રાધાન્ય રહ્યું, વીસનગરમાં દ્વારકાદાસ જોષીની સેવાને વણી લઈને વાત કરી. ભાણવડમાં ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓને લક્ષ્યમાં રાખીને કરી. ડોડિયાપાડામાં તો આદિવાસીઓ સાથે તેમની આદિવાસી બોલીમાં કથા કરી સુરતમાં સુરતી ભાષામાં તો કરી પણ વિશેષતા એ રહી કે કથાનો આરંભ જ ઢીંગલીની વાર્તાથી કરી અને તે દ્વારા ગાંધીકથા શું છે ? અને તે કેવી રીતે સાંભળવી તેની ભૂમિકા રચી આપી. યુરોપ અમેરિકાની યુનિવર્સિટીમાં ગાંધી અને સંગીત એ વિષય ઉપર કથા કરી. કેટલીક યુનિવર્સિટીમાં પ્રશ્નોત્તરીરૂપે કથા કરી. બેકલફીલમાં શીખો સામે હતા એમને ધ્યાનમાં રાખી જલિયાવાલા બાગની ઘટનાને લઈ પંજાબને લગતી એ સમયગાળાને લગતી વાતને પ્રાધાન્ય આપ્યું. ટૂંકમાં આપણે કહી શકીએ નારાયણભાઈને વારસામાં મળેલ બુદ્ધિનો ઉપયોગ કરી પ્રજ્ઞામાં પરિણત કરી આવા નવાનવા ઉન્મેષો પ્રગટ કરી એ બુદ્ધિ પ્રતિભા સુધી પાંગરી છે.

આ કથાની સહુથી મોટી ઉપલબ્ધિ તો એ છે કે સન્માર્ગે ગયેલી બુદ્ધિ મનુષ્યના હૃદયનો વિકાસ કરી તેને આત્મવિકાસ તરફ અભિમુખ કરે છે. નારાયણભાઈને નજીકથી ઓળખનાર એમના સર્વોદયના સહકાર્યકર્તાઓ કહે છે કે "ગાંધીકથા શરૂ કર્યા પછી નારાયણભાઈમાં ઘણો ફરક પડ્યો છે. હૃદની આદ્રતા વધી છે, અહંકાર ઓગળતો જાય છે, કથાને કારણે એ ભાવસમાધિમાં રહે છે." જે એમનામાં પ્રતિદિન નવી ઊર્જાને પ્રગટ કરે છે. એમની બુદ્ધિ સાથે થયેલો હૃદયનો વિકાસ અને શારીરિક તંદુરસ્તીથી ટકાવી રાખેલો પુરુષાર્થ, ભાવસમાધિમાં ઓગળતો જતો અહંકાર, એમના અંતઃકરણની અને જગતની શાંતિનો વિસ્તાર કરતાં રહે એવી પ્રાર્થના.

**ગાંધીનો ખેપિયો ભાવિ ભણી નજર કરે છે. સવ્યસાચી સારસ્વત એવોર્ડ સ્વીકારતાં શ્રી નારાયણભાઈ દેસાઈએ આપેલ પ્રતિભાવ :**

વર્ષોથી શ્રી ધીરુભાઈ ઠાકરનો પ્રેમ મારી પર વરસતો રહ્યો છે. તેથી સવ્યસાચી સારસ્વત પુરસ્કાર નમ્રપણે, સંકોચ સાથે સ્વીકાર કરું છું.

હું સારસ્વત તો વળી કેવો ? બહુ-બહુ તો હું ગાંધીનો ખેપિયો કહેવાઉં. ગાંધીનું અંતઃસ્ફૂરત અને અનુભૂત સત્ય પિતાની ભક્તિએ મારે સારુ સુપાચ્ય બનાવ્યું અને રવીન્દ્રનાથે આર્દ્રતા બક્ષી, વિનોબાએ તેમાં આધ્યાત્મિકતા, દાદા ધર્માધિકારીએ શાસ્ત્રીયતા અને જયપ્રકાશજીએ વૈશ્વિકતા આણી, અમારે ત્યાંનો બિલાડો એના વંશનો છેલ્લો વારસ છે તેથી તેનું નામ અમે બહાદુરશાહ ઝફર રાખ્યું છે. ઝફર જ્યારે એની રકાબીમાંથી ભાણું ખાઈને બાજુમાં હટી જાય ત્યારે સામેના આંબાના વૃક્ષ પરથી દોયલ પક્ષી આવીને ઉચ્છિષ્ટ કણો ચણી જાય છે. મેં કંઈક એવી રીતે ઉપરોક્ત સારસ્વતોના કણ ચણ્યાં છે, બાકી જ્ઞાનેશ્વરના શબ્દોમાં કહું તો મારું તો માત્ર 'પાઈકપણું' (સેવકાઈ) બચે છે.

ગાંધીના ખેપિયાને આજની ઘડી નિર્ણાયક લાગે છે. બે પરસ્પર વિરોધી લાગે તેવી પરિસ્થિતિ સામસામે ખડી છે. એકબાજુ આધુનિક વિજ્ઞાને ઊભી કરેલી ટેકનોલોજી આપણને મહાવિનાશક યુદ્ધ સુધી લઈ ગઈ છે અને આજની આંતરરાષ્ટ્રીય સમાજ વ્યવસ્થાએ મહાપાતકીય ઉપભોગવાદ ખીલવ્યો છે. વળી, મોટા-મોટા જનસમૂહો, ચમત્કારો ઝંખે છે કે પરલોકની ખોળમાં લિપ્ત છે. તેથી, રૂઢિમાંથી નીપજેલું જાડ્ય સમાજના ખાસ્સા મોટા હિસ્સામાં પ્રવર્તે છે.

બીજી બાજુ સૂક્ષ્મતા, તટસ્થતા અને ખુલ્લા મનથી ખોજ કરતાં વિજ્ઞાનીઓ ગોડ પાર્ટિકલ જેવું કંઈક એમની સામે ઉપસ્થિત થતું જુએ છે. અને એવું જણાય છે કે, આધ્યાત્મિક ખોજ કરનારા મનીષીઓના અદ્વૈતાનુભવ સુધી પહોંચવામાં છે. આવી નિર્ણાયક પળે ગાંધીની સત્યની શોધ ત્રણે કાળને સ્પર્શતી જણાય છે.

પ્રાચીનમાંથી તેણે અસતો મા સદ્ગમયથી આરંભ કર્યો અને પહોંચ્યા ઠેઠ સત્ય એ જ ઈશ્વર સુધી. ઉપનિષદોમાંથી ગ્રહણ કર્યો તેન ત્યકતેન ભૂંજિથા : નો મંત્ર અને પ્રેયનો માર્ગ છોડી શ્રેયનો માર્ગ લીધો. ગીતામાંથી એ રહસ્ય જોયું કે કુરુક્ષેત્ર જો હૃદયસ્થ હોય તો જે-તે ધર્મક્ષેત્ર બની શકે. અનાસક્તિપૂર્વક નિષ્કામ સેવાને તેમણે ઉપાસનાનું માધ્યમ બનાવ્યું અને વેદોમાંથી વિશ્વમાનુષ તથા ગીતામાંથી સ્થિતપ્રજ્ઞને રોલમોડેલ ગણ્યા.

મહાકાવ્યો પાસેથી ગાંધીએ સમન્વયનો મહામંત્ર લીધો. રામાયણ એટલે ઉત્તર અને દક્ષિણનો સમન્વય, તુલસીદાસનો વિષ્ણુના અવતાર રામ પાસે શિવનું પૂજન અને શિવજી પાસે રામનું પૂજન કરાવી શૈવવૈષ્ણવ સંપ્રદાયોના સમન્વયનો સંકેત કરે છે. કૃષ્ણને બાળપણમાં ગાયોની સેવા અને મોટપણમાં ઘોડાની સેવા કરી માનવ-માનવેત્તર સંબંધોના સંકેત કરતા ગાંધી જુએ છે.

સંતો અને સૂફીઓ પાસે સર્વસમાવેશક સમન્વયનો મંત્ર જ ગાંધી ઝીલે છે. 'સબાર ઉપરે માનુષ સત્ય તહાર ઉપરે નાહિ'નો સિદ્ધાંત હૃદયમાં રાખી વિવેકાનંદના 'દરિદ્રનારાયણ'ની સેવા દ્વારા આત્મસાક્ષાત્કાર તરફ આગળ વધે છે.

ગાંધી પોતાના વર્તમાનકાળમાં ઇતિહાસમાં ત્યારસુધી સત્ય, અહિંસા આદિ જે ગુણો ગણાતા હતા, તેને મૂલ્યોમાં ફેરવે છે. તેથી સાવ નાનપણમાં હરિશ્ચંદ્ર નાટક જોઈને તેમને માત્ર એટલું નથી થતું કે 'હું હરિશ્ચંદ્ર જેવો થાઉં' પણ તેઓ વિચારે છે કે 'બધા હરિશ્ચંદ્ર કાં ન બને ?' ગુણોને મૂલ્યોમાં પરિવર્તિત કરવા એ ક્રાંતિકારી પગલું છે. અને ગાંધીની આધ્યાત્મિકતાનાં મૂળ પણ એમાં જ રહેલાં છે.

સમાજ માટે તેઓ પરિવર્તનના ત્રીજા અભિક્રમ (ઇન્સેન્ટિવ)નો આવિષ્કાર કરે છે. ત્યારસુધી માનવજાતે પરિવર્તનના બે જ અભિક્રમો જાણ્યા હતા; લોભ અને ભય. માણસને લાલાયિત કરીને કે ભયભીત કરીને પરિવર્તન કરવાને બદલે સમજાવટ, સ્નેહ અને જાતે કષ્ટ સહન કરવાનો ગાંધીએ ત્રીજો અભિક્રમ બતાવ્યો - તે સત્યાગ્રહનો અભિક્રમ. એને સારુ જે ત્રણ પર્યાયવાચી શબ્દો વાપર્યા તે પણ કેવા સૂચક હતા ? 'સત્યનું બળ', 'પ્રેમનું બળ' અને 'આત્માનું બળ' એમ કહી તેમણે જે ગુણોને માનવજાત માત્ર અક્રિય (પેસિવ) સમજતી હતી તેને સક્રિય (એક્ટિવ) બળ તરીકે સફળતાથી વાપરી બતાવ્યા. વળી, તેમણે રોગના મૂળમાં જઈ અન્યાયી વ્યવસ્થાને નિશાન બનાવી, અન્યાય કરનાર અને ભોગવનાર બંનેને બચાવી લીધા.

ગાંધીના ખેપિયાને ગાંધીનું જીવન સત્યની ખોજની ભાવિ દિશા તરફ અંગુલિનિર્દેશ કરતું લાગે છે. હવે, નિર્ણાયક ઘડી આવી છે. વિજ્ઞાન અને અધ્યાત્મના સંગમની. આત્મસાક્ષાત્કારની ખોજ પણ સાક્ષીભાવે કરતાં પોતાની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ત્રુટિ કે ક્ષતિને શોધી કાઢનાર તટસ્થ અને પારદર્શી ગાંધી ભૂલે ત્યારથી ફરી ગણવા, ફરી-ફરી ગણવા, તૈયાર હતા. તે ગાંધી આવતીકાલે સામૂહિક મોક્ષની ખોજ કરતા હોત. અલબત્ત, શુદ્ધ સાધનો દ્વારા. તેમ કરવામાં તેઓ શ્રદ્ધા અને તર્કને પરસ્પર વિરોધી ન ગણતા પૂરક ગણી તર્કના સીમાડા સુધી પહોંચીને શ્રદ્ધા વડે આગળ છલાંગ મારત.

માનવીય સંબંધોમાં - ખાસ કરીને સ્ત્રી-પુરુષ સંબંધોમાં, ગાંધી એ શોધવાનો પ્રયત્ન કરત કે પઝેશન (સ્વામિત્વભાવ)ને બદલે મ્યુચ્યુઆલિટી (પારસ્પરિકતા) શી રીતે આવે ? સમાજમાં લઘુમતી-બહુમતીના સંબંધોને દ્વેષમયને બદલે વિશ્વાસમય કેવી રીતે બનાવાય ? શ્રેષ્ઠીઓ ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત પોતાની સંપત્તિને જાળવી રાખવા ખાતર નહીં, પણ પોતા સહિત આખા સમાજને સમૃદ્ધ કરવા પોતાના કૌશલ્યનો ઉપયોગ ઉત્તમ રીતે કેવી રીતે કરે ? રાજકારણમાં આજનો સાથી આવતીકાલનો સંભવિત હરીફ લેખાય છે. તેને બદલે આજે પોતાને શત્રુ માનનાર કાલે સાથી કેવી રીતે બની શકે ? એટલે કે, રાજનીતિને બદલે લોકનીતિ કેવી રીતે આવી શકે, કળા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં માણસ સાદગીના સૌંદર્યને પરખતો અને અભિવ્યક્ત કરતો કેવી રીતે થાય એ ગાંધીની શોધનો વિષય હશે. આધ્યાત્મિક ક્ષેત્રમાં માહિતી અને જ્ઞાનને

ઓળંગી સહજાનુભૂતિ સુધી કેવી રીતે પહોંચે, અહંકાર નિરસનના ઉપાયો કયા-કયા હોઈ શકે ? વગેરે ગાંધીની ખોજના વિષયો હશે અને તેમ કરતાં તે વ્યક્તિમાં સમત્વ, સમષ્ટિમાં ન્યાય અને શાંતિ સાથેની સમાનતા તથા સૃષ્ટિ સાથે સંવાદિતા સધાય તેનો પ્રયાસ કરતો હશે.

નાનપણમાં ગાંધીએ અનાસક્તિયોગ પુસ્તકની ભેંટ આપતાં તેની પર એક નાનું-સરખું વાક્ય લખ્યું હતું તે મારે સારુ મહાવાક્ય સમું થઈ ગયું. તેમણે લખ્યું હતું, ''તારે વિશે આશાઓ રાખી છે તે પૂરી કરજે.'' આ 'તારે' એટલે શું બાબલા કે નારાયણ દેસાઈ વિશે જ, કે આપણા સૌના વિશે ? ગાંધી મરતાં પહેલાં આપણને એ આશ્વાસન આપી ગયા છે કે, મર્યા પછી પણ તેઓ શાંત બેસી નહીં રહે. કબરમાંથીયે સળવળી ઊઠશે. આપણને સૌને તેઓ કહેશે કે તારે વિશે જે આશા રાખી છે તે પૂરી કરજે.

## શ્રી રઘુવીર ચૌધરીને સાહિત્ય-અકાદેમી, નવી દિલ્હીની ફેલોશિપ

સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક પ્રોફેસર રઘુવીર ચૌધરી (૧૯૩૮)ને સાહિત્ય અકાદમીના ઉચ્ચતમ સન્માન 'ફેલોશિપ'થી અકાદેમીના પ્રેસિડેન્ટ અને હિંદીના જાણીતા કવિ-આલોચક-સંપાદક શ્રી વિશ્વનાથ પ્રસાદ તિવારીના વરહસ્તે અને ગુજરાતના બહુસંખ્ય સાહિત્યકારો-સારસ્વતોની ઉપસ્થિતિમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના રા.વિ. પાઠક સભાગૃહમાં તા. ૨૦ જુલાઈ, ૨૦૧૩ના રોજ યોજાયેલ ગૌરવપૂર્ણ સમારોહમાં એનાયત કરવામાં આવી. શ્રી તિવારીજીએ શ્રી રઘુવીરભાઈ સાથેના છેલ્લા ત્રણ-ચાર દશકનાં સંસ્મરણો વાગોળતાં તેમને ગાંધીજીવન-દર્શનથી અનુસ્યૂત થયેલા ગૂર્જર - ભારતીય સાહિત્યના એક સિદ્ધહસ્ત સર્જક ગણાવ્યા હતા. સાહિત્ય અકાદેમીના સેક્રેટરી શ્રી કે. શ્રીનિવાસ રાવે શ્રી રઘુવીરભાઈની સાહિત્યિક-સામાજિક ઉપલબ્ધિઓનો ચિતાર રજૂ કરતાં જણાવ્યું હતું કે Dr. Raghuveer Choudhary on whom Sahity Akademi is conferring its fellowship is a prolific writer and outstanding Indian writer writing in Gujarati who has received in equal measure, both popular and acclain and critical approbation... Sahitya Akedemi feels extremely proud in conferring its HIGHEST HONOUR of FELLOWSHIP on DR. RAGHUVEER CHOUDHARY.

આ પ્રસંગે સર્જકના બહુઆયામી પ્રદાનને વાચા આપવા માટે અકાદેમી દ્વારા 'સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની અધ્યક્ષતા પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્રે સંભાળી હતી. શ્રી સિતાંશુભાઈએ રઘુવીરભાઈ સાથેનાં છેલ્લા ચારેક દાયકાનાં સ્નિગ્ધ સંસ્મરણો વર્ણવીને તેમને ગુજરાતી સાહિત્યના એક પ્રતિભાસંપન્ન લેખક ગણાવ્યા હતા. 'સંવાદ' કાર્યક્રમમાં ઉપસ્થિત ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ રઘુવીરભાઈની કવિતા, ડૉ. રમેશ દવેએ નવલકથા અને નવલિકા, ડૉ. સતીશ વ્યાસે એકાંકી - નાટક ક્ષેત્રના પ્રદાન વિશે વિવેચનાત્મક અભિગમથી મૂલ્યાંકન પ્રસ્તુત કર્યું હતું. 'સંવાદ'ના માધ્યમથી વાસ્તવતા ધરાવતા ઉપર રહીને કરવામાં આવેલ આ મૂલ્યાંકન સ્મરણીય અને માણવા જેવું બની રહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રઘુવીરભાઈનું વતન બાપુપુરા, તા. માણસા. માધ્યમિકશાળાના શિક્ષણ દરમિયાન તેમના ગુરુ સ્વ. ભોળાભાઈ પટેલ હતા, જેનું તેમને મન ભારે ગૌરવ છે. તેમણે ગૂજરાત વિદ્યાપીઠ, સરસપુર આર્ટ્સ કૉલેજ, બી.ડી. આર્ટ્સ કૉલેજ, એચ.કે. આર્ટ્સ કૉલેજ અને ગુજરાત યુનિવર્સિટી (૧૯૭૭-૯૮)ના હિન્દી વિભાગમાં સેવાઓ આપી હતી. વર્ષ ૧૯૯૮માં તેઓશ્રી ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રોફેસર અને હિન્દી વિભાગના અધ્યક્ષપદેથી સેવા-નિવૃત્ત થયા હતા. શ્રી રઘુવીર ચૌધરી ગુજરાતી ભાષાસાહિત્યના બહુમુખી પ્રતિભાસંપન્ન સર્જક તથા માનવીય ગૌરવ, શીલ અને સૌંદર્ય તથા સાહિત્યપદારથના પરમ ઉપાસક છે. તેમણે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેમકે,

નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, એકાંકી, કવિતા, વિવેચન, રેખાચિત્રો તથા સાહિત્યિક પત્રકારત્વ, ધર્મદર્શન વગેરેમાં ઉત્તમોત્તમ કૃતિઓ આપીને જે-તે સ્વરૂપમાં બળૂકું પ્રદાન કર્યું છે. આ ઉપરાંત એક સારા અનુવાદક પણ ખરા ! સ્પષ્ટકથન, વ્યવહારપટુતા અને સ્વાભિમાન એ તેમના આગવા ગુણો છે. સાચી વાતને વ્યક્ત કરતાં સહેજ પણ ખચકાયા નથી. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન સમયે તથા ભારતમાં કટોકટી લાદવામાં આવી ત્યારે એક જવાબદાર નાગરિક તરીકેનું કર્તવ્ય પણ તેમણે અદા કર્યું હતું. એક જાગરૂક શિક્ષક અને સાહિત્યકારનું દાયિત્વ હંમેશાં તેમની નજર સમક્ષ રહ્યું છે અને કોઈના પણ શેહમાં આવ્યા સિવાય નિર્ભીકપણે નિભાવ્યું છે. માનવગૌરવ સતત તેમની નજર સમક્ષ રહ્યું છે, કે જે તેમના વ્યવહારમાં અને કૃતિઓમાં અભિવ્યક્ત થયેલું જોવા મળે છે. તેમની ખાસિયતો અંગે તેમના માધ્યમિક શિક્ષણના શિક્ષક રહી ચૂકેલા શીલભદ્ર સારસ્વત સ્વ. પદ્મશ્રી ભોળાભાઈ પટેલે તેમનાં સંસ્મરણો તાજાં કરતાં નોંધ્યું છે કે, “આજે જે લક્ષણો વ્યક્તિ રઘુવીરમાં સ્પષ્ટ તરી આવ્યાં છે, તેમના અણસાર તેમની છાત્રાવસ્થામાં પણ. આમ તો મને બહુ માને, પણ બીજા શિક્ષકોને તો એ સૂચના આપતા હોય કે તેઓ કેમ ભણાવે તો સારું.” તેમની કાળજયી કૃતિઓ નવલકથા : અમૃતા (૧૯૬૫), વેણુ વત્સલા (૧૯૭૩) ઉપરવાસ (૧૯૭૫) લાગણી (૧૯૭૬), સોમતીર્થ (૧૯૯૬), રુદ્રમહાલય (૧૯૭૮); ચરિત્રઃ સહરાની ભવ્યતા, તિલક કરે રઘુવીર, ૨ ભાગ (૧૯૯૮), માનસથી લોકમાનસ, નાટક - એકાંકીઃ સિકંદર સાની, નજીક, અશોક વન, ઝૂલતા મિનારા, ડિમ લાઈટ વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. તેમના બહુશ્રુત અને બહુઆયામી પ્રદાનને ધ્યાને લઈ દેશ-વિદેશની બહુવિધ સંસ્થાઓએ તેમના બહુમૂલ્ય પુરસ્કારો એનાયત કરી તેમને અલંકૃત કર્યા છે. ઉદા. તરીકે કુમાર ચંદ્રક (૧૯૬૫), સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી (૧૯૭૭), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૭૫), સૌહાર્દ સમ્માન ઉત્તરપ્રદેશ હિંદી સંસ્થાન (૧૯૮૯), આનર્ત એવોર્ડ (૧૯૯૧), દર્શક ફાઉન્ડેશન એવોર્ડ (૧૯૯૪), ક.મા. મુનશી સુવર્ણચંદ્રક (૧૯૯૫), નંદશંકર મહેતા ચંદ્રક (૧૯૯૫), ગુજરાત સાહિત્ય અકાદમી ગૌરવ પુરસ્કાર (૨૦૦૨), ગૌવર્ધનરામ ત્રિપાઠી પુરસ્કાર (૧૯૯૭), હિન્દી સાહિત્ય અકાદમી, ગૌરવ પુરસ્કાર (૨૦૧૧), Visiting Research Fellow SOAS, London University (૧૯૯૨) વગેરે.

**શ્રી રઘુવીરભાઈએ ફેલોશિપ એનાયત પ્રસંગે આપેલ પ્રતિભાવ હૃદયસ્પર્શી હતો, જેનો અક્ષરશઃ પાઠ નીચે મુજબ છે.**

## लिखना भी जीना है : (सपने अपने पराए)

आदरणीय तिवारीजी, श्री राव, सितांशुभाई, चन्द्रकान्तभाई, रमेशभाई, सतीशभाई । धन्यवाद । देश के इस भाग के सारस्वतों के प्रतिनिधि के रूप में मैं यह सम्मान स्वीकार करता हूँ ।

लिखना भी एक तरह से जीना है फिर भी जीवन और लेखन को बारी बारी से देखकर सोचता हूँ तो लगता है कि जीवन से मुझे कोई फरियाद नहीं, जबकि लेखन से संतोष नहीं । आनंद के क्षण अवश्य प्राप्त होते रहें हैं किन्तु प्रत्येक रचना मुझे अधूरी प्रतीत होती रही है । नये संस्करण के समय शोधन-वर्धन की इच्छा सतेज हो उठती है । कुछ हो पाता है, बहुत कुछ नहीं हो पाता । दूसरी ओर पारिवारिक सुख-सुविधाएँ कभी कम नहीं लगीं, संवादिता बनी रही, विचार के बाद विश्रांति अधिक स्नेहार्द होती है । परिवार, गाँव, संस्थाएँ, समाज, विदेश सभीने कुछ न कुछ दिया है, अनपेक्षित, अधिक । प्राप्ति से अनासक्ति को पोषण मिलता है, मूल में अदि संकल्प हो । पराये सपनों को अपना बनाना भी अनासक्ति है ।

'अनुभव की शक्ति और शब्द का सौन्दर्य' तथा 'सृजन में चरित्र की भूमिका' गुजराती साहित्य परिषद के संमेलनों में सुलभ मेरे प्रकाशित अध्यक्षीय प्रवचन है । अब सोच रहा हूँ भूसत्व के विषय में लिखूँ । हवा और आकाश एक और हैं तो दूसरी और मिट्टी, पानी और प्रकाश हैं । प्रकाश अभी प्रदूषित नहीं हुआ, मिट्टी

और पानी प्रदूषित होते जा रहे हैं - यह मेरी चिन्ता का विषय है, किसान के नाते। मैं तो सप्ताह में एक-दो दिन खेती करता हूँ, जो समर्पित किसान हैं वे निराश होते जा रहे हैं। भाग रहे हैं गाँव छोड़ छोड़कर। शहरों का संतुलन टूट गया है। गाँवो में शहर की यांत्रिक सुविधाएँ पहुँचने के साथ कई प्रकार के प्रदूषण भी पहुँचे हैं। मेरे पास इसका हल नहीं। समस्या का आलेखन कर सकता हूँ, कहीं कहीं कलात्मकता भी निष्पन्न हुई होगी, पर संतोष नहीं। ऐसा लगता है कि दूर तक देखने की क्षमता कम हो गई है। पीछे मुड़कर गांधीयुग की छाया खोजता हूँ। जगह है।

स्थायी भाव रूपान्तर पाकर रस के रूप में निष्पन्न होता है - यह कलाप्रक्रिया आनंदवर्धन - अभिनवगुप्त जैसे महान आचार्यों ने समझाई है, नाट्यरस के संदर्भ में यह प्रक्रिया प्रतीतिजनक लगती है परन्तु कथासाहित्य के संदर्भ में रूपान्तरण की अपेक्षा चयन और संयोजन अधिक उपकारक सिद्ध हो सकते हैं - यह बात मैंने अन्यत्र विस्तार से कही है। फूल का मूल से नाता है।

गत वर्ष सन् २०१२ के अगस्त में पौत्र मंदार अनुस्नातक अध्ययन के लिए अमरिका गया तब पारू एक सप्ताह के लिए बीमार रहीं। यह बात हमने मंदार से छिपाई थी। भारतीय परिवार भावना का यह एक संकेत है। फोन अब दृश्य-श्राव्य हो चुका है, प्रत्यक्ष बातचीत के बाद भी इच्छा जगती है कि मंदार कब लौट आए और खेत में काम करने में साथ दे। संजय और सुरता कई बार गए, वहाँ टिके नहीं। दृष्टि का परिवार सत्रह वर्ष अमरिका में काम करने के बाद लौट आया है। कीर्ति एक विशाल परिवार का केन्द्र बनकर, संगीत की उपासना छोडकर भी प्रसन्न है। देश-विदेश का भेद भले ही कम हुआ हो, मातृभाषा और मातृभूमि का नाता बना रहे यह सांस्कृतिक आवश्यकता है। परिवार-भाव हमारी विरासत है। अज्ञेयजीने भारतीय घर का गौरव किया था।

मेरे दो खेतों की मिट्टी अलग अलग है। प्रथम वृष्टि के साथ मिट्टी की सुगंध जगती है और तीन-चार दिन बाद असंख्य प्रकार के पौधे अंकुरित होते हैं, असंख्य जीव चहलपहल शुरू करते हैं, पेडों के मालिक पंछी उत्सव मनाते हैं - इन सबका होना भी हमारा होना है। यह भूसत्त्व की विरासत है। कैसा व्यापक अस्तित्व हमें प्राप्त है ! हताशा और अव - डिप्रेशन और नौसिया के लिए वहाँ स्थान नहीं ! श्रम के बाद पानी बहुत प्यारा लगता है। श्रमिकों से धुलमिल कर काम करते वक्त व्यक्ति की संकीर्णता का विलयन होता है, अभेद का अनुभव होता है। अद्वैत का दृष्टांत बने शंकराचार्य और विनोबा सतत चलते रहे। कभी थकान महसूस हुई तो शब्द की छडी सहायक हो सकती है।

दृश्य-श्राव्य माध्यमों का प्रभाव बढ़ने के कारण साहित्य हासिए पर आ गया है, इससे भी अधिक चिन्ता का विषय यह है कि अत्यंत प्रभावक दृश्य-श्राव्य माध्यम कभी कभी अविवेक करते हैं, झूठा सच जोरशोर से थोपते हैं। इस प्रदूषण का क्या हल है ? देश की राजनीति के पास भी कोई हल नहीं। हल यदि है तो जागरूक नागरिक -भावक के पास। कुछ लघु पत्रिकाएँ व्यामोह से बची हैं।

इस तनाव से मुक्ति पाना संभव नहीं, दो दिन के लिए उसे भूलने में पेड-पौंधे, पंछी-मिट्टी का साहचर्य सहायक होता है। बुद्धिजन्य स्वार्थों से मुक्त कुछ ग्राममाताओं का स्मरण शतादायी रहा है। आत्मीयता की संवेदना चिन्तन को सजीव सत्ता से जोड़ती है। नगर के परिप्रेक्ष्य में यह निवृत्तिमार्ग है, परन्तु खेत-खलिहान के परिप्रेक्ष्य में यह प्रवृत्तिमार्ग है। मेरे आगामी कविता संकलन का नाम है 'धराधाम'। 'भारतीय संस्कृति: आज के संदर्भ में' पुस्तक भी संभवत: इस वर्ष प्रकाशित होगी। इसमें एक प्रकरण है : लोकसंस्कृति का शोधन-वर्धन। इस में नई तालीम की संस्थाएँ, आनंदवन - हेमलक्सा बिरादरी, सेवा, सृष्टि, रूरल रीलेशेन्स आदि के विषय में मैंने लिखा है। इन संस्थाओं के ज्ञानी कर्मयोगी उपेक्षित मनुष्य की भक्तिभाव से सेवा करते हैं। जीवन के इन कलाकारों के प्रति मैं आदर का अनुभव व्यक्त करता हूँ। पुन: धन्यवाद।

# $E = mc^2$ એટલે શું ? આ સમીકરણ શા કામમાં આવે ?

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

ઈમે'રિટસ પ્રોફેસર ઑફ મેથેમેટિક્સ', હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, આર્કેટા, કેલિફોર્નિયા-95521

ભૌતિકશાસ્ત્રના ઇતિહાસમાં બે વર્ષો ખૂબ જ અગત્યનાં હતાં, આથી તે વર્ષો સુવર્ણવર્ષો તરીકે ઓળખાય છે. ઈ.સ. ૧૬૬૬માં આઈઝેક ન્યુટને (Isaac Newton) કલનશાસ્ત્રની શોધ કરી. આ જ વર્ષે ન્યુટને પ્રકાશનું છ રંગોના વર્ણપટમાં વિભાજન અને પ્રકાશ કઈ રીતે મુસાફરી કરે છે તે શોધ્યું. 'ન્યુટનનો ગુરુત્વાકર્ષણનો નિયમ ($F = GMm/r^2$)' થી જાણીતો નિયમ પણ ન્યુટને આ જ વર્ષે શોધેલો. આ દરેક શોધોએ ભૌતિકશાસ્ત્રની પ્રગતિમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો હોઈને ઈ. સ. 1666નું વર્ષ ભૌતિકશાસ્ત્ર માટે સુવર્ણવર્ષ ગણાય છે. આ જ રીતે ઈ.સ. 1905માં આલ્બર્ટ આઈન્સ્ટાઈને (Albert Einstein) જર્મનીના ભૌતિકશાત્રના જાણીતા સામયિક (Journal) 'એનાલેન ડર ફિઝિકામાં (Analen der physika) પાંચ સચોટ લેખો લખીને ભૌતિકશાસ્ત્રમાં મોટી ક્રાન્તિ લાવ્યા. આમાંથી ઈ.સ. 1905નો સૌથી છેલ્લો લેખ "પદાર્થમાં રહેલું દ્રવ્ય (mass) તેનામાં રહેલી કાર્યશક્તિ કે ઊર્જા (Energy) ઉપર આધાર રાખે છે ? (Does the Inertia of a Body Depend on Its Energy Content ?)" એનાલેન ડર ફિઝિકાને 27 સપ્ટેમ્બર, 1905ના રોજ મળ્યો. આ લેખમાં કાર્યશક્તિ માટે અને પ્રકાશની ગતિ માટે વાપરેલો. આખરે આઇન્સ્ટાઈને તેમનું યાદગાર સમીકરણ $E = mc^2$ આપેલું આ સમીકરણમાં E કાર્યશક્તિ (Energy), m પદાર્થનું દ્રવ્ય (mass) અને $C = 2.9979 \times 10^8$ મી/સે પ્રકાશની ગતિ છે. પ્રકાશની ગતિ ખૂબ જ મોટી છે અને તેનો વર્ગ માન્યામાં ન આવે તેવડો મોટો છે. નાનામાં નાના દ્રવ્યને આવડી મોટી સંખ્યાથી ગુણતાં મોટો આંકડો મળે. ઘઉંના દાણાના દ્રવ્યને જો કાર્યશક્તિમાં ફેરવી શકાય તો આખા અમદાવાદને એક દિવસ માટે જોઈતી કાર્યશક્તિ ફક્ત એક જ ઘઉંના દાણાનું દ્રવ્ય આપી શકે. આ કઈ રીતે સરળતાથી બની શકે તે જ મોટો સવાલ છે. આ સમીકરણ ખૂબ જ અગત્યની માહિતી આપે છે : દ્રવ્ય અને કાર્યશક્તિ એક જ વસ્તુનાં જુદાં જુદાં નજરે પડતાં લક્ષણો છે. પદાર્થનું દ્રવ્ય તેનામાં રહેલી કાર્યશક્તિ દર્શાવે છે. દ્રવ્ય અને કાર્યશક્તિ અદલબદલ કરી શકાય છે. ન્યુટનના નિયમોથી આ સમીકરણ મળતું નથી. વિશિષ્ટ સાપેક્ષવાદના નિયમોથી જ આ સમીકરણ મળે છે.

સૂર્યમાંથી આપણને પ્રકાશનાં કિરણો મારફત ગરમી એટલે કે ઊર્જા મળે છે. ભૂસ્તરશાસ્ત્રીઓ અને જીવવિજ્ઞાનશાસ્ત્રીઓ સચોટ પુરાવાના કારણે માને છે કે પૃથ્વી 4.56 અબજ વર્ષો જૂની છે અને તેના ઉપર જીવો પણ એટલા સમયથી છે. આ જીવોને જીવવા માટે સૂર્યનાં કિરણો જરૂરી છે. સૂર્યની સપાટી આટલા બધાં વર્ષોથી કઈ રીતે પ્રકાશિત રહી શકે ? આટલી બધી સપાટી પ્રકાશિત રાખવા સૂર્ય ક્યાંથી જરૂરી કાર્યશક્તિ લાવે છે ? ભૌતિકશાસ્ત્રીઓને આ પ્રશ્ને ખૂબ જ વિચારમાં મૂકી દીધેલા. વૈજ્ઞાનિકો આવા પ્રશ્નોના જવાબો જે રીતે જે જે મળતાં શક્ય સાધનો હોય તેના ઉપરથી મેળવવાનો પ્રયત્ન કરે છે તેનું આ સુંદર

ઉદાહરણ છે.

ઈ.સ. 1850ની આસપાસ બ્રિટનના જાણીતા ભૌતિકશાસ્ત્રી લૉર્ડ કેલ્વિન (Lord Kelvin) અને જર્મન વૈજ્ઞાનિક હરમન વૉન હેલ્મહોલ્ટ્ઝે (Herman Von Helmholtz) વિચાર રજૂ કર્યો જે કેલ્વિન હેલ્મહોલ્ટ્ઝ હાઈપૉથિસિસિ તરીકે ઓળખાય છે. આ હાઈપૉથિસિસ મુજબ સૂર્યના બહારના પડના વજનના કારણે સૂર્ય સંકોચાય અને આના કારણે સૂર્યની અંદરનો વાયુ સંકોચાશે. જ્યારે વાયુ સંકોચાય ત્યારે વાયુનું ઉષ્ણતામાન વધે. વાયુનું ઉષ્ણતામાન એટલું વધે કે જે અવકાશમાં પ્રકાશનાં કિરણો ફેલાવે. આ રીતે બનવા માટે હેલ્મહોલ્ટ્ઝની ગણતરી પ્રમાણે સૂર્યની ઉત્પત્તિ ફક્ત અઢી કરોડ વર્ષ પહેલાં થયેલી હોવી જોઈએ, જ્યારે પૃથ્વી જ 4.56 અબજ વર્ષથી છે. આથી આ રીતની ફક્ત ઊર્જાથી જ સૂર્ય પ્રકાશતો ન હોય. આ રીતનું સંકોચાવાનું જ્યારે તારાઓનો જન્મ થતો હોય ત્યારે બને છે.

સામાન્ય રીતે આપણે પૃથ્વી ઉપર ગરમી અને પ્રકાશ લાકડાં કે કોલસા સળગાવીને મેળવીએ છીએ. આ રીતે જે ગરમી પેદા થાય છે તે એક અણુએ (atom) આશરે $10^{-19}$ જુલ (joule) છે. સૂર્યની પ્રકાશિતતા (luminosity) આશરે $3.9 \times 10^{26}$ જુ/સે છે. બળતણ માટે જરૂરી અણુઓ

$$\frac{3.9 \times 10^{26} \text{ જુ/સે}}{10^{-19} \text{ જુ/અ}} = 3.9 \times 10^{45} \text{ અણુ/સેકન્ડ}$$

સૂર્યમાં $10^{57}$ અણુઓ છે, આથી સૂર્ય બળી જાય ત્યાં સુધીનો સમય

$$\frac{10^{57} \text{ અણુઓ}}{3.9 \times 10^{45} \text{ અણુ/સે}} = 3 \times 10^{11} \text{ સે.}$$

વર્ષમાં $3 \times 10^{7}$ સેકન્ડો છે આથી સૂર્ય બધું બળતણ

$$\frac{3 \times 10^{11}}{3 \times 10^{7}} = 10^{4} = 10{,}000 \text{ વર્ષોમાં}$$

પૂરું કરી રહેશે.

આ તો ખૂબ જ ટૂંકો સમય ગણાય. આથી સૂર્ય તેની ગરમી કોલસો કે લાકડું બાળીને ઊભી કરતો નથી.

આથી સૂર્યની પ્રકાશિતતા સૂર્ય એ રીતે મેળવતો હોવો જોઈએ કે જે દરેક અણુએ વધારે કાર્યશક્તિ આપે જેથી સૂર્યની જિંદગી પ્રમાણમાં લાંબી હોય. ખગોળશાસ્ત્રીઓના ધ્યાનમાં $E = mc^2$ સમીકરણ આવ્યું. શક્ય છે કે સૂર્યના દ્રવ્યનું ઊર્જામાં રૂપાંતર આ સમીકરણ મુજબ થતું હોય. અણુની રચનાનો પહેલવહેલો ખ્યાલ ન્યુઝીલેન્ડના ભૌતિકશાસ્ત્રી અર્નેસ્ટ રધરફૉર્ડના (Ernest Rutherford) 1910ના પ્રયોગોથી આવ્યો. રધરફૉર્ડના પ્રયોગોના આધારે અણુના કેન્દ્રના નાના ભાગમાં પ્રમાણમાં વજનદાર પ્રોટોન કે / અને ન્યુટ્રોન હોય છે, જેનામાં ધન વિદ્યુત હોય છે તેને પ્રોટોન કહેવામાં આવે છે અને વિદ્યુત વગરનાને ન્યુટ્રોન કહેવામાં આવે છે. ન્યુટ્રોનો અને પ્રોટોનોની આસપાસ નાના ઇલેક્ટ્રોનો જેનામાં ઋણ વિદ્યુત હોય છે તે ફરતા હોય છે. પ્રોટોન અને ન્યુટ્રોનનું વજન ઇલેકટ્રોનના વજન કરતાં બે હજારગણું છે. પ્રોટોન કે ન્યુટ્રોનને લખોટી જેવડો ગણીએ તો ઇલેક્ટ્રોન કેન્દ્રથી એક કિલોમીટર દૂરની ભ્રમણકક્ષામાં ગોળગોળ ફરે છે. હાઈડ્રોજનના અણુમાં એક પ્રોટોન અને એક ઇલેક્ટ્રોન છે, જ્યારે હીલિયમના અણુમાં બે ન્યુટ્રોનનો, બે પ્રોટોનો અને બે ઇલેક્ટ્રોનો છે. અણુમાં સામાન્ય રીતે જેટલા પ્રોટોનો હોય તેટલા ઇલેક્ટ્રોનો હોય છે.

સૂર્યની ઘનતા પ્રમાણમાં ઓછી હોઈને

કહી શકાય કે સૂર્ય હાઈડ્રોજન અને હીલિયમનો બનેલો છે. ઈ.સ. 1920માં આર્થર ઍડિંગ્ટને (Arther Eddigton) સમીકરણોની મદદથી ગણી બતાવ્યું કે સૂર્યના કેન્દ્રમાં ઉષ્ણતામાન $10,000,000^0$ $(10^7)^0C$ છે જે ઘણું જ ઊંચુ હોઈને હાઈડ્રોજન અણુના પ્રોટોન અને ઇલેક્ટ્રોન જુદા પડીને સ્વતંત્ર રીતે ઊડતા હોય. આવા અણુઓને અંગ્રેજીમાં Ionized અણુ કહેવામાં આવે છે. આપણે રસાયણશાસ્ત્રના કોઈપણ પુસ્તકમાં જોઈએ તો હીલિયમના અણુના વજન બરાબર લગભગ ચાર હાઈડ્રોજનના અણુઓના વજન થાય. ખરેખર ચાર હાઈડ્રોજનના કેન્દ્રભાગનું વજન હીલિયમના કેન્દ્રભાગના વજન કરતાં વધારે હોઈને ઍડિંગ્ટને સૂર્યની કાર્યશક્તિ માટે $4H \rightarrow He$ + કાર્યશક્તિ સૂચવ્યું. આ સમીકરણ એમ સૂચવે છે કે હાઈડ્રોજનના ચાર અણુઓ ખૂબ જ ઉષ્ણતામાનમાં ભેગા થઈને હીલિયમનો અણુ બનાવે છે અને વધારાના દ્રવ્યનું ઉર્જામાં રૂપાતંર કરે છે.

ચાર હાઈડ્રોજનના અણુઓનું દ્રવ્ય

$= 6.693 \times 10^{-27}$ કિગ્રા

હીલિયમના અણુનું દ્રવ્ય

$= 6.645 \times 10^{-27}$ કિગ્રા

બન્નેના દ્રવ્યનો તફાવત

$= 0.048 \times 10^{-27}$ કિગ્રા

હાઈડ્રોજનના જે ભાગના

દ્રવ્યનું કાર્યશક્તિમાં રૂપાંતર થાય

$$= \frac{0.048 \times 10^{-27}}{6.693 \times 10^{-27}} = 0.007$$

આથી હાઈડ્રોજનના 0.7% ભાગના દ્રવ્યનું કાર્યશક્તિમાં રૂપાંતર થાય છે.

જ્યારે એક કિલોગ્રામ હાઈડ્રોજનને હીલિયમમાં ફેરવવામાં આવે ત્યારે 0.007 કિલોગ્રામનું $E = mc^2$ના સમીકરણ પ્રમાણે ઊર્જામાં રૂપાંતર થશે. આથી

$$E = (0.007 \text{ કિલો}) (3 \times 10^8 \text{ મી/સે})^2$$

$$= 6.3 \times 10^{14} \text{ જુલ્સ (joules) મળે.}$$

આટલી ઊર્જા ઉત્પન્ન કરવા માટે 20,000 મેટ્રિક ટન ($2 \times 10^7$ કિલો) કોલસો બાળવો પડે.

સૂર્યની પ્રકાશિતતા (luminosity) $3.9 \times 10^6$ જુલ્સ/સેકન્ડ છે. આથી આટલી ઊર્જા પેદા કરવા માટે સૂર્ય દર સેકન્ડે

$$\frac{3.9 \times 10^{26}}{6.3 \times 10^{14}} = 6 \times 10^{11} \text{ કિલો}$$

60 કરોડ મેટ્રિક ટન હાઈડ્રોજનને હીલિયમમાં ફેરવે છે ત્યારે સૂર્ય આટલો પ્રકાશિત રહી શકે છે.

તારાઓ કેમ પ્રકાશિત રહે છે તેનો જવાબ $E = mc^2$ સમીકરણે અને અણુઓના બંધારણે આપ્યો.

હાઈડ્રોજનને હીલિયમમાં ફેરવવાની ક્રિયાને હાઈડ્રોજન ફ્યુઝન (Hydrogen Fusion) કહેવાય છે. કેન્દ્રસ્થ ભાગને (Nucleus) ભેગાં કરવાનું ખૂબ જ ઊંચા ઉષ્ણતામાને બનતું હોઈને થર્મોન્યુક્લીઅર ફ્યુઝન (Thermonuclear Fision) તરીકે ઓળખાય છે. હલકાં તત્ત્વો જેવા કે હાઈડ્રોજન, હીલિયમ વગેરેની કેન્દ્રસ્થ ભાગોના જોડાવવાથી જો ઊર્જા બહાર પડે તો તેને ન્યુક્લીઅર ફ્યુઝન કહે છે. જ્યારે ભારે તત્ત્વો જેવાં કે યુરેનિયમ કે પ્લુટોનિયમ વગેરેના અણુઓના નાના નાના ટુકડા થાય ત્યારે જે ઊર્જા બહાર પડે તેને ન્યુક્લીઅર ફિશન (Nuclear Fussion) કહેવાય છે.

**નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ**
**મુ. પો. શેરથા,**
**તા. જિ. ગાંધીનગર**

# દેશહિતૈષી શિક્ષક-સહા

પ્રહ્‌લાદભાઈ છ. પટેલ

સાચો શિક્ષક શાંતિનું સર્જન કરે છે તેમજ ક્રાંતિનું નિર્માણ કરે છે. આ અર્થમાં શિક્ષક સમાજનું દિલ અને રાષ્ટ્રનું દિમાગ ગણાય. આ બધું ક્યારે બને જ્યારે શિક્ષક પોતાના વિષયમાં સંપૂર્ણ-સજ્જ હોય, વિચારોમાં અડગ હોય, વાણીમાં આર્જવ હોય અને વર્તનમાં પારદર્શક હોય ત્યારે આવો શિક્ષક જ્યોતિર્ધર હોય છે. ઉપરાંત તે સમાજ અને રાષ્ટ્રના પાયાની નીવ બને છે. ઉદાર તો ખરો જ.

પોતાનો વિદ્યાર્થી (કે શિષ્ય) પોતાનાથી સવાયો સફળ થાય ત્યારે વિજ્ઞાની માટે બીજો કોઈ ઉત્કૃષ્ટ આનંદ હોતો નથી, તેનું ચિત્ત પ્રસન્ન બને છે. વિજ્ઞાની પોતાના શિષ્યને પોતાના ખભા ઉપર ઊભો રાખી દૂરનું દેખાડે છે. તે રીતે વિજ્ઞાનની પ્રગતિ ઉત્તરોત્તર થાય છે. વિજ્ઞાનનો શિક્ષક પોતાના શિષ્યને જ્ઞાનનો રાહ ચીંધે છે, વિચારવા ઉત્તેજિત કરે છે. જેથી જ્ઞાનની શોધ અને વિસ્તાર વધે છે. ભૌતિકવિજ્ઞાની જે. એ. વ્હીલર કહે છે કે ''આપણે તો અજ્ઞાનતાના સમુદ્રને કિનારે ઊભા છીએ. જેમ જેમ આપણા જ્ઞાનનો નાનકડો ટાપુ મોટો થાય છે તેમ આપણા અજ્ઞાનનો કિનારો વિસ્તરે છે.'' પોતાના શિષ્યો તેમનાથી વધુ ઝળકી ઊઠે તે માટે વ્હીલર પ્રેરણા આપતા. નોબેલ પુરસ્કાર વિજેતા ભૌતિક વિજ્ઞાની રિચર્ડ ફીનમેનનું પણ બરાબર તેવું જ છે.

ભારતમાં પણ આવા વિજ્ઞાનીઓ થઈ ગયા છે. જેઓ સારા એવા પ્રેરક શિક્ષક હતા. સર સી.વી. રામન તો ઋષિ-શિક્ષક હતા. તે પછી આવે મેઘનાદ સહા (૧૮૯૩-૧૯૫૬)નું નામ, તે સાથે સર જગદીશચંદ્ર બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ, પ્રફુલચંદ્ર રે. વગેરે. અહીં મેઘનાદ સહાની વિસ્તારે વાત કરવાની છે. તેમણે ઉષ્મીય આયનીકરણ (Ferm Ioinization)નો સિદ્ધાંત આપ્યો. સહાએ તેને સૂત્રબદ્ધ કર્યો. લાંબા સમયથી ચાલ્યા આવતા તારાકીય વર્ણપટ (Steller Spetra)ના કોયડાની સમજૂતી આપી. આ તો સહાનું વૈજ્ઞાનિક પાસું છે. વ્હીલર તથા ફીનમેન જેવા તે ઉચ્ચ કોટિના શિક્ષક હતા તેમના શિષ્યો ડૉ. ડી. એસ. કોઠારી - યુજીસીના ચેરમેન, શિક્ષણ-પંચના અધ્યક્ષ; આર.સી. મજુમદાર વિજ્ઞાનમાં તો સવાયા ઝળક્યા પણ તે સાથે સનદી સેવાઓ, કાયદા ક્ષેત્રે, ફિલ્મ-ક્ષેત્રે પણ ઉત્તમ કામગીરી બજાવી છે. તેનો અર્થ એ થશે કે સહા તેમના શિષ્યોની બુદ્ધિ-પરખમાં હોશિયાર હતા. તેમના શિષ્યોની બુદ્ધિક્ષમતા ક્યાં બંધ બેસે છે તે પણ સપનાથી જાણી શકતા હતા.

સહા સામાજિક ક્ષેત્ર અત્યંત જાગૃત હતા. તેમણે ભારતમાં પ્રવર્તતી ગરીબાઈ અને બેકારી (બેરોજગારી)ના ઉકેલ માટે વિજ્ઞાનીઓને સક્રિય બનવાની તાકીદ કરી, સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ કરવાનો અનુરોધ કર્યો. આઈવરી ટાવર(સુરક્ષિત સ્થળ)માં બેસી સંશોધન કરનાર વિજ્ઞાનીઓને, તે ઉપરાંત સમાજને ઉપકારક બને તેવું સંશોધન કરવાનો આગ્રહ કરતા હતા. સહા માત્ર શબ્દોના સ્વામી ન હતા પણ પ્રખર કર્મયોગી હતા.

તેઓ રાષ્ટ્રીય આયોજનમાં સક્રિયપણે સંકળાયેલા હતા. નદીઓના વહી જતા પાણી ઉપર નિયંત્રણ કરી સિંચાઈને ઉપયોગમાં લેવાના આગ્રહી હતા. અને તે હતો રાષ્ટ્રની અન્ન-સમસ્યાના ઉકેલનો રાહ.

તેમણે કેલેન્ડર સુધારણાનો પ્રકલ્પ પણ હાથ પર લીધો હતો.

સહા દૃઢપણે માનતા હતા કે મોટા પાયે ઔદ્યોગિકીકરણથી ગરીબાઈનું નિરાકરણ લાવી શકાય છે. ગાંધીજી ગૃહ-ઉદ્યોગ દ્વારા ઘરે-ઘરે રોજી-રોટીનો પ્રબંધ કરવાના આગ્રહી હતા. ગાંધીજીનો ચરખા-પ્રફળ

સિદ્ધાંત સહાને ગળે ઊતરતો ન હતો. ગરીબાઈનો તેનાથી ઉકેલ ન આવે તેવું સહા માનતા હતા. ગરીબાઈના નિવારણની આ ધીમી પ્રક્રિયા છે, તેવું સહાને લાગતું પણ તે સમગ્ર-સમાજ વ્યાપક પ્રક્રિયા ખરી. ઔદ્યોગિકીકરણ સ્થાનિક અને કેન્દ્રિત પ્રક્રિયા છે. આથી ગાંધીજીના ચરખા-સંસ્કૃતિ સહાને પીછેહઠ જેવી લાગતી હતી. સમય સાથે તેનો મેળ બેસે તેમ નથી અને તેનો કાળવિપર્યાસ અને પ્રતિગામી છે.

મેઘનાદ સહા જણાવે છે કે,

"આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓને ત્યજી દઈને તથા ચરખા, લંગોટી અને બળદગાડા ઉપર પાછા ફરીને વધુ સારા અને સુખી જીવન માટેની સ્થિતિ સર્જી શકાય એવું અમે વિચારી પણ શકતા નથી." સહાને ગાંધીજી પુનઃપ્રવર્તનવાદી (Revivalist) લાગ્યા હતા. તેઓ દેશને અને માનવજાતને દૂર ભૂતકાળમાં લઈ જવા માંગે છે, તેઓ વિજ્ઞાનવિરોધી (?) છે એ વિશે કંઈ શંકા નથી. ગાંધીજીને સમજવામાં સહાએ અહીં થાપ ખાધી હોય તેવું લાગે છે.

રાષ્ટ્રને વધુ ઉપયોગી થવા માટે સંસદ-સભ્ય બનવું તેમને જરૂરી લાગ્યું. આથી સંસદની ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવાર તરીકે ૧૯૫૨માં કોલકાતામાંથી ચૂંટાઈ આવ્યા હતા. તેઓ જાગૃત અને સક્રિય સાંસદ હતા. તે રીતે તેમણે બહુમુખી કાર્યશૈલી દાખવી સંસદમાં મોટો પ્રભાવ ઊભો કર્યો. તેઓ કોઈ મુદ્દા ઉપર સંસદના ગૃહમાં બોલવા ઊભા થાય ત્યારે બીજા બધા સાંસદો સાબદા થઈ સાંભળવા લાગતા. આ રીતે તેમણે પોતાના અચાનક અવસાન (૧૯૫૬) સુધી તેજ-ભૂમિકા અખત્યાર કરી. આ રીતે સહા જેવી ભૂમિકા અદા કરવા સક્રિય થઈ શકે તેવા સાંસદોએ જ રાજનીતિ અપનાવવી જોઈએ.

સહાના શાણા અને અગ્ર-બુદ્ધિવાળા શબ્દો ઉપર લક્ષ ન આપવાને કારણે અત્યારે સમાજ-સંબંધક સંશોધનની પ્રસ્તુતતા વિશેષ છે. હાલમાં વિજ્ઞાન ક્ષેત્રે થતું સંશોધન ભાગ્યે જ સમજોપયોગી છે. આવા સંશોધનનું એકેડેમિક મહત્ત્વ છે. આઝાદીના ૬૬ વર્ષ પછી પણ સ્વતંત્ર ભારતના ઘણા લોકો ભૂંડી ગરીબાઈ અને કંગાલિયતમાં સબડે છે. સમસ્યાઓ તાત્કાલિક દૂર કરે તેવું સંશોધન માણસ ઉપર મોટો ઉપકાર ગણાય.

અત્યારે દેશના મોટા ભાગના લોકો માટે સ્વાસ્થ્ય અને આરોગ્યની સુવિધાઓ તેમની પહોંચ બહાર છે. હાલમાં ભારત બે ભાગમાં વિભાજિત છે. ૨૫ % લોકો આર્થિક રીતે સમૃદ્ધ છે જે અગ્ર-ટેકનોલોજીના તમામ પ્રકારના સામાજિક, વૈજ્ઞાનિક, મનોરંજન અને સ્વાસ્થ્ય-આરોગ્યના ફાયદા બેહદ રીતે ઉઠાવી રહ્યા છે. આ વર્ગ ૨૧મી સદી (AD)માં જીવી રહ્યો છે બાકીના લોકો ૨૧મી સદી (BC)માં જીવી રહ્યા છે. ચિત્ર સ્વયં સ્પષ્ટ છે.

આપણી સમસ્યાઓનું દોષારોપણ બીજા ઉપર કરવાનું આપણને સારી રીતે ફાવી ગયું છે. આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ આપણી સ્થિતિ બદ્તર છે. માનવ-વિકાસ સૂચિતાંક અગાઉ કરતાં વધારે નીચે ઊતરતો જાય છે.

એક જ દૃષ્ટાંત બસ છે. મદ્રાસ ઇલાકામાં આવેલ કૂઉમ (cooum) નદી બ્રિટિશરોના શાસન દરમિયાન ગોપ-કાવ્ય જેવી સુંદર અને આનંદદાયી હતી. સદી પહેલા તેનો ઉપયોગ સ્વપ્ન-દર્શી હોડી-સવારી માટે થતો હતો. અત્યારે તે નરકનો સચોટ ખ્યાલ આપી શકે તેટલી ગંદી છે. સમગ્ર વિસ્તારમાં અડધી-સદીથી દુર્ગંધ ફેલાવે છે. બિચારા અભાગિયા લોકોને તેના કિનારે રહેવું પડે છે. તેનું પાણી કાળી-શાહી જેવું છે. સમગ્ર વિસ્તાર મચ્છરોથી રોગોની કોલોની બની ગયો છે.

વિજ્ઞાનીઓ અને ઇજનેરો ચપટી વગાડતાંની સાથે તેનો ઉકેલ લાવી શકે તેમ છે, જો સંયુક્ત રીતે પ્રયત્નો કરવામાં આવે તો. તેમાં રાજકીય ઇચ્છાશક્તિ મહત્ત્વની છે. વિજ્ઞાનીઓ અને ઇજનેરો ટેકનોલોજીના સહારે પાણી પેય બનાવી શકે છે, સિંચાઈનાં ઉપયોગમાં લઈ શકે છે. નદીને તેનું પોતાનું સૌંદર્ય પાછું અપાવી શકે છે. પછી ક્રિષ્ના અને કાવેરીના જળ માટે તડપવું નહીં પડે. વિજ્ઞાનીઓ અને ઇજનેરો સામે આ સામાજિક પડકારો છે, શું તેને માટે તેઓ તૈયાર છે ? આ જગાએ અને સમયે સહા હોત તો તે તૈયાર થયા હોત. સહાની ગેરહાજરીમાં શું ફરીથી કુઉમ નદીમાં હોડીઓ ફરતી થાય અને લોકો તેના સૌંદર્યનો ઉપભોગ કરી શકે તેવું સ્વપ્ન આપણે સાર્થક કરી શકીશું ?

(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ઉસ્માનપુરા,
રમેશપાર્કની બાજુમાં અમદાવાદ-૧૩)

# ગુજરાતી વાઙ્મયસૂચિના ધ્રુવતારક પ્રકાશ વેગડની ચિર વિદાય...

મણિભાઈ પ્રજાપતિ

ગુજરાતી વાઙ્મયસૂચિના ધ્રુવતારક, અગ્રણી ગ્રંથાલયવિદ, ગાંધીસાહિત્યના અભ્યાસુ તથા સાહિત્ય પદારથના આસ્વાદક પી. પ્રકાશ વેગડ (પુરુષોતમ પ્રકાશ વેગડ) હવે આપણી વચ્ચે નથી રહ્યા, અર્થાત્ તેમનું તા. ૨૮ જૂન, ૨૦૧૩ના રોજ સાયં ૫.૪૫ કલાકે વડોદરામાં અવસાન થયું. આ શબ્દો લખતાં હૈયું ભરાઈ આવે છે ! પ્રકાશભાઈ ખરા અર્થમાં ગુજરાતી વાઙ્મયસૂચિ ક્ષેત્રનો પ્રકાશપુંજ-ધ્રુવતારક હતા ! વૈવિધ્યશીલ અને માતબર વાઙ્મયસૂચિઓથી ગુજરાતી સાહિત્યને તેમણે ન્યાલ કરી દીધું છે. તેમના સૂચિકાર્યથી કેટ કેટલા સંશોધકો, વિવેચકો, કોશ સંપાદકો વગેરે કેટ કેટલા પ્રમાણમાં લાભાન્વિત થયા છે તેની કોઈએ કલ્પના સુધ્ધાં કરી નથી કે સાહિત્ય જગતે તેની ગંભીરતાથી નોંધ પણ લીધી નથી. આ એક વિડમ્બના જ ગણાય ! આવાં ઉત્તમ શાસ્ત્રીય જ્ઞાન-સાધનો વિણ સંશોધનકાર્ય શક્ય છે ખરું ? શું વાઙ્મયસૂચિઓ મૌલિક સર્જનાત્મક કૃતિઓની હરોળમાં ન બેસી શકે ? સાહિત્ય અકાદમીઓ જેવી વિદ્વત્ત સંસ્થાઓ વિવિધ સાહિત્ય સ્વરૂપો કે વિષયોનાં ઉત્તમ પુસ્તકો અને તેના સર્જકોને પોતાનાં શ્રેષ્ઠ બહુમાનોથી અલંકૃત કરે છે, પરંતુ તેમાં વાઙ્મયસૂચિઓનો ક્યાંય સમાવેશ કરવામાં આવતો નથી કે જાહેરમાં તેવાં કાર્યો અને તેમના સર્જકોનો નામોલ્લેખ ભાગ્યે જ કરવામાં આવે છે. હા, વ્યક્તિગત રીતે શિષ્ટાચાર પૂરતો આભાર માની ઇતિ અલમ્ કરી લેવામાં આવે છે. ગ્રંથાલય વ્યવસાયિકો શિક્ષણ, સંશોધન, અને જનસમાજમાં જાગૃતિ ફેલાવવા માટે પ્રમુખ સહાયક - અનિવાર્ય આવશ્યકતા - હોવા છતાં વિદ્વત્ત સમાજ કે નીતિ નિર્ધારકો તરફથી આટલી ઉપેક્ષા કેમ ? આપણા પ્રકાશભાઈ મરાઠીના શંકર દાતે કે અંગ્રેજીના બટેસન જેટલા જ સાહિત્યસૂચિઓના નોંધપાત્ર સંપાદક હતા. આમ છતાં તેમનાં અત્યંત ઉપયોગી અને મૂલ્યવાન કાર્યોને પ્રોત્સાહિત કરવામાં આપણે ઊણા ઊતર્યા છીએ. ગ્રંથાલય વ્યવસાયિકોએ પોતાની વ્યવસાયિક પ્રતિબદ્ધતા પ્રતિ આત્મનિરીક્ષણ કરવા જેવું છે કે આપણે ક્યાં છીએ, ક્યાં જવાનું છે અને તે માટે આપણે શું કરવું જોઈએ ! કમ્પ્યૂટરાઈઝેશનથી ઇતિ સિદ્ધમ માની લેવા જેવું નથી. હા, આ અદ્યતન ટેકનોલોજીનું પર્યાપ્ત જ્ઞાન અને તેનો ગ્રંથાલયમાં વિનિયોગ અનિવાર્ય છે, પરંતુ તેની સાથે સાથે આપણાં કાર્યોમાં આપણો પ્રાણ રેડવો પડશે. સમર્પિત વ્યક્તિત્વ કેળવવું પડશે. સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કાર્યશીલ રહીશું તો જ ગ્રંથાલય વ્યવસાયને સન્માનનીય દરજ્જો આપી શકીશું. આ આપણું સૌનું સહિયારું કર્તવ્ય બની રહે છે. પ્રકાશભાઈનાં કાર્યોમાંથી આપણે પ્રેરણા લેવી રહી !

આવો, આપણે પ્રકાશભાઈના પ્રદાનનું વિહંગાવલોકન કરીએ. ગુજરાતમાં ગ્રંથસૂચિકાર્ય ક્ષેત્રે વ્યક્તિગત ધોરણે જે કોઈ પ્રયાસો થયા છે, તેમાં કર્મઠ સૂચિવિદ્ પ્રકાશ વેગડનું પ્રદાન ગુણાત્મક અને પરિમાણાત્મક દષ્ટિએ શિરમોર રહ્યું છે. તેમણે અનેકવિધ ઝંઝાવાતો વચ્ચે રહીને પણ વૈવિધ્યપૂર્ણ અને શાસ્ત્રીય વાઙ્મયસૂચિઓ તૈયાર કરીને ગુજરાતી સાહિત્યને જ્ઞાનસાધન-સમૃદ્ધ કર્યું છે. તેમના દ્વારા ૫ સ્વતંત્ર સૂચિગ્રંથો, અંદાજિત ૪૫ ગુજરાતી સારસ્વતો અને વિવિધ વિષય સંબંધી ૧૫ વાઙ્મયસૂચિઓનું સંપાદન-પ્રકાશન કરવામાં આવ્યું છે, જેની કુલ અંદાજિત પૃષ્ઠસંખ્યા ૧૬૦૦ થી અધિક છે. આ ઉપરાંત 'જાહેર ગ્રંથાલય' વિશે સુચિંતનીય ગ્રંથ, ગ્રંથાલય વિજ્ઞાન વિષયક ૨૫ જેટલા અભ્યાસનિષ્ઠ લેખોની રચના પણ તેમની સૂચિઓને વિવિધ વિદ્વાનો દ્વારા આવકાર કે સમીક્ષા સ્વરૂપે ૧૭ જેટલા પ્રતિભાવો સાંપડ્યા છે. તેમના સમગ્ર કૃતિત્વની વિસ્તૃત માહિતી તેમના દ્વારા સંપાદિત

**પ્રકાશ વેગડની સાહિત્યસૂચિઓની સાહિત્યસૂચિ અને અન્ય લેખન-વિવેચન સંદર્ભો.'** (૨૦૦૮) દ્વારા મળી રહે છે. શ્રી વેગડ ગુજરાતના પ્રથમ કર્મશીલ સારસ્વત ગ્રંથાલયી છે કે જેમની વાઙ્મયસૂચિ સંબંધી આવી સ્વતંત્રપુસ્તિકા પ્રકાશિત થઈ હોય ! ગ્રંથસૂચિ ક્ષેત્રે પ્રકાશભાઈ ગુજરાતના એકલવીર ગ્રંથાલયી હતા.

પ્રકાશભાઈની પ્રથમ સાહિત્યસૂચિ 'ન્હાનાલાલ કવિ : સાહિત્યસૂચિ' 'ગ્રંથ' સામયિકના વર્ષ ૧૪.૬ (૧૬૨), જૂન-૧૯૭૭માં પ્રગટ થઈ. ગુજરાતી સાહિત્યની એ પ્રથમ શાસ્ત્રીય 'સર્જક સંદર્ભસૂચિ' છે. પરંતુ ગ્રંથસ્વરૂપે તેમની પ્રથમ પ્રકાશિત વાઙ્મયસૂચિ 'ગુજરાતી મહાનિબંધ સંદર્ભસૂચિ : ૧૮૫૭-૧૯૭૭' (પ્રથમ આવૃત્તિ ૧૯૭૮, દ્વિતીય આવૃત્તિ ૧૯૯૪) છે. જેમાં ગુજરાતી ભાષા-સાહિત્યના ૪૬૪ શોધપ્રબંધોની માહિતી વર્ણવવામાં આવી છે. આ બધા મહાનિબંધો ગુજરાત ઉપરાંત ભારતનાં અન્ય રાજ્યો અને વિદેશોની યુનિવર્સિટીઓમાં પીએચ.ડી.ની ઉપાધિ હેતુસર રજૂ કરવામાં આવ્યા હતા. પ્રત્યેક સંલેખની માહિતીનો વ્યાપ, વિષયવસ્તુની ગોઠવણી અને ગ્રંથના અંતમાં આપવામાં આવેલી વિવિધ સૂચિઓ ધ્યાનાર્હ બની રહે છે. પ્રસ્તુત ગ્રંથને આવકારતાં હરિવલ્લભ ભાયાણીએ નોંધ્યું છે કે 'જે કામ પ્રાથમિક છતાં મૂળભૂત ઉપયોગિતાવાળું, વિશ્વવિદ્યાલયોનાં કાર્યાલયો દ્વારા નહીં તો તેમના ગુજરાતી વિગેરે વિભાગો દ્વારા ક્યારનુંય થવું જોઈતું હતું તે પ્રકાશ વેગડે અંગત રુચિથી કર્યું... આનાથી આપણા પીએચ.ડી. લક્ષી સંશોધનકાર્યના પક્ષાઘાતનો ઉપચાર કરવાનું એક નાનું પણ મૂલ્યવાન પાયાનું સાધન પ્રાપ્ત થાય છે.'

એમનો બીજો મહત્ત્વપૂર્ણ સૂચિગ્રંથ છે 'ગુજરાતી સાહિત્યસૂચિ : મધ્યકાળ' (૧૯૮૪) જેને જયંત કોઠારીએ 'મધ્યકાલીન સાહિત્યના મહાલયનો ભોમિયો' તરીકે નવાજેલી છે. અને પ્રકાશભાઈના કાર્યથી પ્રભાવિત થઈ તેમને 'ગુજરાતી સાહિત્યના સૂચિપુરુષ' કહ્યા છે. પ્રસ્તુત સૂચિ ગુજરાતી સાહિત્ય પરિષદના કોશ કાર્યાલયને ગુજરાતી સાહિત્ય કોશ (પ્રથમ ખંડ : મધ્યકાળ)ના સંપાદન કાર્યમાં ઘણી મદદરૂપ થઈ હતી. જયંત કોઠારીનું આ સંબંધી નિરીક્ષણ ધ્યાનાર્હ છે. ''પ્રકાશભાઈના સામગ્રી સંચયનો વ્યાપ ઘણો મોટો છે એ તરત દેખાઈ આવે એવું છે. અનેક વિરલ ગ્રંથો અને સામયિકોની સામગ્રી અહીં નોંધાયેલી મળે છે કે એમણે સહજપ્રાપ્ય સામગ્રીનો જ આધાર લઈને ચલાવ્યું નથી. જૂનાં પ્રકાશનોને સંઘરતાં ગ્રંથાલયો સુધી પણ એ પહોંચ્યા છે. પ્રકાશભાઈએ એક સર્વગ્રાહી અશેષ સૂચિનું જાણે લક્ષ્ય રાખ્યું છે.''

તેમને ગુજરાતી સારસ્વતો પૈકી ગો.મા.ત્રિપાઠી, ઉમાશંકર જોશી, સુંદરમ્, પન્નાલાલ, દર્શક, સુરેશ જોશી, સુરેશ દલાલ, નરસિંહ મહેતા, ન્હાનાલાલ, દયારામ, કાન્ત, કલાપી વગેરેની વાઙ્મયસૂચિઓ સંપાદિત કરી છે. આ પૈકી ગોવર્ધનરામની સૂચિ સ્વતંત્ર ગ્રંથ સ્વરૂપે 'ગોવર્ધનરામ વિવેચન સંદર્ભ' (૧૯૯૫) અને બાકીની સૂચિઓ તે તે સાહિત્યકાર-વિષયક ગ્રંથોના અંતમાં પ્રકાશિત થયેલ છે.

'નવલકથા સંદર્ભકોશ' (૧૯૯૯) એ પ્રકાશભાઈની વિષયલક્ષી વાઙ્મયસૂચિઓ પૈકીનો એક અજોડ બૃહદ્ સૂચિગ્રંથ છે. આ સૂચિમાં વિશ્વની ૪૧ ભાષાઓના ૪૯૪ નવલકથાકારોની ૮૭૮ નવલકથાઓ અને તેના સર્જકો વિશે ૧૮૫૪ થી ૧૯૯૩ સુધીના સમયગાળામાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા ૩૧૦૦થી અધિક વિવેચનસંદર્ભો તથા નવલકથા સાહિત્યસ્વરૂપનો વિકાસ અને તેની સૈદ્ધાંતિક ચર્ચા કરતા ૬૦૦ જેટલા સંદર્ભોનો સમાવેશ કર્યો છે. આ બધા સંદર્ભોની ગોઠવણી પણ શાસ્ત્રીય, છતાં સુગમ અને ચિત્તાકર્ષક છે. પ્રસ્તુત સૂચિને આવકારતાં રઘુવીર ચૌધરીએ નોંધ્યું છે કે 'શુષ્ક કાર્ય : રસપ્રદ સિદ્ધિ... આવું પુસ્તક તૈયાર કરવાનો વિચાર આવે એ જ આદર જગવતી ઘટના છે.' આ ઉપરાંત રમેશ દવે, દીપક મહેતા, કિરીટ ભાવસાર અને મણિભાઈ પ્રજાપતિએ પણ તેમની સમીક્ષાઓમાં આ સૂચિને આવકારી છે. આ વિષય વાઙ્મયસૂચિ ઉપરાંત વેગડે સ્વામિનારાયણ સાહિત્ય, બાળસાહિત્ય, લોકગીત અને લોકસંગીત, નૃત્ય અને નાટક, પ્રવાસ-સાહિત્ય, બંગાળી ગુજરાતી અનુવાદો, નાટક વગેરે ૧૫ જેટલા વિષયોની વાઙ્મયસૂચિઓનું સંપાદન કર્યું છે. એ સૂચિઓ, સંબંધિત વિષયના ગ્રંથ અથવા વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલી છે. તેમની સૂચિપ્રવૃત્તિને ઉમાશંકર જોશી અને અન્ય સાહિત્યકારો તરફથી સતત પ્રોત્સાહન સાંપડતું રહ્યું હતું.

ગ્રંથસૂચિ-વિહોણા ગુજરાતનું મ્હેણું ભાંગવા માટેનો

તેમનો પ્રયાસ અભિનંદનીય અને અનુકરણીય છે. તેમણે આ બધા સંદર્ભોની શોધ માટે વર્ષોની સાધના દરમિયાન વૈવિધ્યપૂર્ણ સામગ્રીને ફંફોસવામાં કશું જ બાકી રાખ્યું નથી. જેમકે સાહિત્યના ઇતિહાસગ્રંથો, વિવેચનગ્રંથો, સામયિકો, ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહીઓ, ગુજરાતી સાહિત્ય પરિષદના અહેવાલો, સંદર્ભગ્રંથો, ચરિત્રગ્રંથો વગેરે. શું એમ સ્વીકારી શકાય કે આ બધું સાહિત્ય ગ્રંથાલયના કોઈ એક ખૂણામાં ગોઠવીને રાખેલું હશે ને એ તેના ઉપભોક્તાની પ્રતીક્ષા કરતું હશે ? અથવા કોઈ બે-ત્રણ ગ્રંથાલયોમાંથી ઉપલબ્ધ થયું હશે ? શું આ સાહિત્ય ગ્રંથાલયોમાં પદ્ધતિસર સૂચિબદ્ધ થયું હશે ? ના. આ બધું શોધવા તેમણે કેટકેટલા ગ્રંથપાલોને ઢંઢોળ્યા હશે, કેટકેટલા તજ્જ્ઞો સાથે વિચારવિમર્શ કર્યો હશે અને વાઙ્મયસૂચિ-વિષયક શાસ્ત્રીય જ્ઞાન ઉપાર્જન કરવા કેટકેટલા ગ્રંથો તેમજ તે તે સાહિત્ય સ્વરૂપ, વિષય કે કર્તા વિશે પણ કેટકેટલું અધ્યયન કર્યું હશે ? આ બધી બાબતોનો ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો જ પ્રકાશભાઈના કાર્યનું મૂલ્ય સમજાય. સમગ્રતયા, આ બધાં કાર્યોમાં તેમની સંપાદકીય સૂઝ, દીર્ઘદૃષ્ટિ, વિષયનું જ્ઞાન, સ્વધર્મપાલનમાં અનન્ય નિષ્ઠા અને ધ્યેયનિષ્ઠ મહેનતની પ્રતીતિ સહજતયા થાય છે.

ગ્રંથસૂચિ ક્ષેત્રે માતબર પ્રદાન કરવા ઉપરાંત તેમણે ગ્રંથાલય વિજ્ઞાન અને ગ્રંથાલય સાહિત્ય ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. એક જાગરૂક ગ્રંથાલયી તરીકે ગુજરાતના ભાવિ ગ્રંથાલય ધારા વિશે પ્રજામત જાગૃત કરવા અંગે, અને એક આદર્શ ગ્રંથાલય ધારો કેવો જોઈએ તે વિશે તેમના અધ્યયનશીલ લેખો 'પરબ', 'નિરીક્ષક', 'ઉદ્ગાર', 'ગુજરાત', 'જન્મભૂમિ-પ્રવાસી', વગેરે પત્ર-પત્રિકાઓમાં પ્રગટ થયા છે. આ હેતુસર તેમણે ગ્રેટ બ્રિટન અને કર્ણાટકના ગ્રંથાલયધારાઓનો ઊંડો અભ્યાસ કરીને, એ વિશે વિવેચનાત્મક લેખો લખીને ગુજરાતના ગ્રંથાલયધારાના ઘડવૈયાઓ માટે વિચારશીલ ભાથું પૂરું પાડ્યું છે. આ પૈકીના પસંદગીના લેખો અને સાર્વજનિક ગ્રંથાલયની વિભાવનાને સ્પષ્ટ કરતા તેમના અન્ય લેખો તેમના ગ્રંથ 'જાહેર ગ્રંથાલય : સંકલ્પ, સ્વરૂપ અને વ્યવસ્થાવિચાર' (૧૯૮૮)માં ગ્રંથસ્થ થયા છે. તેમનો આ ગ્રંથ ગુજરાતી ભાષામાં ગ્રંથાલય વિજ્ઞાન વિષયક લખાયેલા ગ્રંથોમાં તેની મૌલિકતા, વિચારોત્તેજકતા, અભિવ્યક્તિ-લાઘવ અને વસ્તુ સંકલનાની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

જ્યારે તેમના સૂચિકૌશલ અને સૂચિસમૃદ્ધિની ચારેબાજુ બોલબાલા થઈ રહી હતી ત્યારે 'નવલકથા સંદર્ભકોશ'નું સંપાદનકાર્ય ૧૯૯૪માં પૂરું કર્યા પછી અચાનક ક્ષેત્રસંન્યાસ લઈ લીધો ! ઘણા સમય પછી જાણવા મળ્યું કે આ સૂચિગ્રંથ તૈયાર કર્યા પછી તેમણે સૂચિસંગ્રહનું 'હોલિકાદહન' કરી નાખ્યું હતું ! અને 'નવલકથા સંદર્ભકોશ'ની જેમ કવિતા, નાટક, ચરિત્ર વગેરે સાહિત્યસ્વરૂપો અને સાહિત્યકારો વિશેની જે સામગ્રી તેમણે ૧૯૯૩ સુધી એકત્ર કરી હતી, તે એમાં સ્વાહા કરી હતી. આ અંગે ૧૩ વર્ષો બાદ પોતાના એક આત્મકથનમાં તેમણે લખ્યું છે : ''જે થયું તે ન થયું હોત તો કદાચ આજે હું સુખી છું એટલો સુખી ન પણ હોત ! ઉલાળિયાંનો આનંદ ગધેડા સિવાય અન્ય કોઈ માણી શકતું નથી.''

આ પછી તેઓ હાસ્યસાહિત્ય તરફ વળ્યા. 'Wit and Wisdom'ની પ્રખ્યાત ગ્રંથશ્રેણીનાં પુસ્તકોમાં તેમને ખૂબ રસ પડ્યો. એમાંથી પ્રેરણા મેળવીને ગુજરાતી વાચકોને ચરિત્રાત્મક હાસ્યસાહિત્ય સુલભ કરવા પ્રેરાયા. આ પ્રકારના હાસ્ય સંપાદનોમાં (૧) નાના મોટા માણસ, ઝીણી ઝીણી વાતો, (૨) વિશ્વના શ્રેષ્ઠ હાસ્યપ્રસંગો, (૩) વિશ્વના અમર હાસ્યપ્રસંગો, (૪) એબ્રાહમ લિંકન : પ્રતિભા, પરિચય અને વ્યંગવિનોદ, (૫) ગાંધી વ્યંગવિનોદ કોશ અને (૬) રવીન્દ્રનાથ ટાગોરનો વિનોદવૈભવ ઉલ્લેખનીય છે. આ સાથે તેમણે અમુક વિષયને કેન્દ્રમાં રાખીને વ્યંગ્યોક્તિ (Humorous Quotations), ચબરાકિયાં (Epigrams), ટુચકા (Jokes) વગેરેનું અનેરું વૈવિધ્ય સર્જ્યું છે. એ પુસ્તકો છે : (૧) પ્રેમ હાસ્યકોશ, (૨) દાંપત્ય હાસ્યકોશ, (૩) રાજકીય હાસ્યકોશ અને (૪) સાહિત્યિક હાસ્યકોશ. અંગ્રેજી સાહિત્યમાં ખૂબ પ્રચલિત વ્યંગવ્યાખ્યાનો. એનું એક પ્રખ્યાત સંપાદન છે ''The Devil's Dictionary'' (૧૯૧૬) Ed. By Ambroise Birs. એનાથી પ્રેરાઈને તેમણે એક પુસ્તક સંપાદિત કર્યું છે - ''શેતાનનો શબ્દકોશ.'' હાસ્યના એ માધ્યમ વડે તેમણે સાહિત્યજગતની અનેક વ્યક્તિઓ ઉપર વેધક વ્યંગપ્રહાર કર્યા છે. આ વસ્તુ 'સાહિત્યિક હાસ્યકોશ'માં પણ ઊડીને આંખે વળગે છે. આ ઉપરાંત 'વિશ્વનો સંસ્કારવારસો'

(જીવનઘડતર કોશ, ૨૦૦૯ પૃ. ૫૬૫) અને 'ગાંધીજીનો સંસ્કારવારસો' (આશરે ૭,૭૪૪ પૃ. ૨૦૧૩)નું પણ સંપાદન કર્યું છે. 'ગાંધીજીનો સંસ્કારવારસો ગ્રંથ માટે બાપુના વિશાળ વાઙ્મય પૈકી 'ગાંધીજીનો અક્ષરદેહ' ભાગ ૧ થી ૮૧, મહાદેવભાઈની ડાયરી ભાગ ૧ થી ૨૩, પ્યારેલાલ નય્યરકૃત 'મહાત્માગાંધી - પૂર્ણાહુતિ' ભાગ ૧થી ૪, આર.કે. પ્રભુ અને રાવ સંપાદિત 'મહાત્મા ગાંધીના વિચારો' વગેરે અનેક આધારભૂત ગ્રંથોમાંથી ગાંધીજીનું ચિંતન સારવી અને તારવીને તેમના જ શબ્દોમાં - મૂળ સ્વરૂપે - આપવામાં આવ્યું છે. સંપાદકે ગાંધી વાઙ્મયનાં આશરે ૫૦,૦૦૦થી અધિક પૃષ્ઠોનું નિદિધ્યાસન કરતાં જે વિચાર મૌક્તિકો, સંસ્કાર ઘડતરના પ્રેરક પ્રસંગો/ઘટનાઓ વગેરે પસંદ કર્યાં તે બધાંને ૩૫૦થી અધિક સુસંગત વિષય મથાળાં આપીને અકારાદિક્રમમાં ગોઠવી આપ્યાં, તેમજ કોઈ વિષય હેઠળની એકથી અધિક અભિવ્યક્તિઓને કાળક્રમમાં ગોઠવી આપી. અને તે પણ જે તે ચિંતનકણિકાના અંતમાં તેના મૂળસ્રોતના ચોક્કસ સંદર્ભ સાથે અર્થાત્ આ વિચાર કયા પ્રકાશિત સ્રોતમાંથી લેવામાં આવ્યો છે તેના પૃષ્ઠ નંબર સાથે અને જો કોઈ વિચાર એકથી અધિક સ્રોતમાં પ્રકાશિત થયો હોય તો તેની વિગતો પણ આપી છે. આ ઉપરાંત વિચાર-ચિંતનના પ્રારંભમાં આવશ્યકતાનુસાર તેના પૂર્વાપર સંદર્ભની નોંધ સાથે. અહીં પ્રકાશભાઈ કર્મશીલ સાહિત્ય-સંશોધક અને ગાંધી વાઙ્મયના અભ્યાસુ તરીકે ઊપસી આવે છે. સમગ્રતયા ગાંધીજીના આચાર-વિચારની અભિવ્યક્ત કરતો આ કોશ તેમની ધ્યેયનિષ્ઠાની પ્રાપ્તિ માટે તેમણે વેઠેલા સંઘર્ષો, મથામણો તથા તેમની વૈચારિક ચેતનાના વિકાસના તુલનાત્મક અભ્યાસ માટે પણ ઉપયોગી બની રહેશે.

પ્રકાશભાઈ કારકિર્દીના પ્રારંભકાળથી નિવૃત્તિપર્યંત ગ્રંથસરોવર વચ્ચે રહ્યા છે. પોતાની ફરજો પ્રત્યે સતત સભાન રહ્યા છે. ઉપભોક્તાઓને સેવાઓ આપતાં તેમણે પોતે પણ સાહિત્યરસનું પાન કર્યું. વાચન અને ચિંતન કર્યું. તેમની આ અભ્યાસનિષ્ઠાને લીધે સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'Encyclopaedia of Indian Literature'ના પ્રથમ સંપાદક સિતાંશુ યશશ્ચંદ્રે આ વિશ્વકોશ માટે ગુજરાતી સાહિત્યકારો વિશે કેટલાંક અધિકરણો લખવા નિમંત્રણ પાઠવ્યું, જેના પરિણામે તેમણે ૧૮ અધિકરણો તૈયાર કર્યાં. આ પૈકીનાં કેટલાંક અધિકરણો વિશે માહિતી પ્રાયઃ દુષ્કર અને અપ્રાપ્ય હોવા છતાં કઠોર પરિશ્રમ વેઠીને તે તેમણે તૈયાર કર્યાં હતાં આ માહિતી મને (આ લેખ લખનારને) સિતાંશુભાઈએ સ્વયં જણાવી હતી.'

પ્રકાશ વેગડનું મૂળ વતન માધાપર, ભૂજ (કચ્છ). તેમનો જન્મ અલ્હાબાદમાં તારીખ ૧૪-૭-૧૯૩૯ના રોજ. તેમનું પૂરું નામ પુરુષોત્તમ પ્રકાશ માવજીભાઈ વેગડ. ગ્રંથાલય જગતમાં પ્રકાશ વેગડના નામથી સુખ્યાત થયા. અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી બી.એ. (૧૯૫૮)ની ડિગ્રી મેળવ્યા બાદ વધુ અભ્યાસ કરવાની તીવ્ર ઇચ્છા, પરંતુ કુટુંબની આર્થિક સ્થિતિને ધ્યાને લઈ પિતાશ્રીએ નોકરી કરવાની સલાહ આપતાં ગૃહત્યાગ કરી નૈનિતાલની કૃષિ યુનિવર્સિટીના ગ્રંથાલયમાં પ્રારંભમાં વર્ગ-૪ના કર્મચારી અને ત્યારપછી કારકુન તરીકે થોડોક સમય સેવાઓ આપ્યા બાદ એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડામાંથી ઈ.સ. ૧૯૬૩-૬૪માં ગ્રંથાલય વિજ્ઞાનનો ડિપ્લોમા મેળવ્યો. એકાદ વર્ષ વલ્લભ-વિદ્યાનગરની નલિની એન્ડ અરવિંદ આર્ટ્સ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી જુલાઈ-૧૯૬૫માં સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે જોડાયા, જ્યાં તેમણે ૧૯૮૦ સુધી સેવાઓ આપી હતી. આ કાર્યકાળ દરમિયાન ગ્રંથાલયવિજ્ઞાનની તાલીમમાં શીખવવામાં આવેલ સંદર્ભસેવા અને વાઙ્મયસૂચિને સાકાર કરવા કટિબદ્ધ બન્યા. અને તેમને પ્રેરણાદાતા ગુરુ મળ્યા કવિશ્રી નિરંજન ભગત ! જુલાઈ ૧૯૮૦માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં ગ્રંથપાલ તરીકે જોડાયા અને જૂન, ૧૯૯૯માં સેવાનિવૃત્ત થયા. પરિષદ ગ્રંથાલયમાં ગુજરાતી ભાષા-સાહિત્યની અઢળક સામગ્રીનો ખજાનો ઉપલબ્ધ હતો. આ ગ્રંથસમૃદ્ધિનો પણ તેમણે ભરપૂર લાભ લીધો. તેમના પ્રયાસોથી આ ગ્રંથાલય ઘણું સમૃદ્ધ થયું છે. અહીં તેમણે ઘણાં અપ્રાપ્ય અને દુર્લભ પુસ્તકો તથા સામયિકોના પાછળના અંકો એકઠા કર્યા અને ગ્રંથાલયનું સુદૃઢ વ્યવસ્થાતંત્ર ગોઠવી આપ્યું.

આવા ગરવા પ્રકાશભાઈ આજે આપણી વચ્ચે નથી રહ્યા તેનું ભારે મોટું દુઃખ છે. પ્રકાશભાઈને સાચી શ્રદ્ધાંજલિ ગુજરાતી વાઙ્મયસૂચિને સમૃદ્ધ કરવામાં આપણે સૌ કૃતનિશ્ચયી બની રહીએ તે બની રહો એ જ અભ્યર્થના.

# Leveranging Triple Synergy To Promote Holisistic Education in India's Higher Education System : A Critical Curative for the Skewes System

Dr Dawoodbhai Ghanchi

**Nature of Education:** Education is a transformative process that is designed to bring about desired change in the personality and behavior of the educand, namely the learner who passes through the process , which may happen with or without the intervention of the educator, i. e. the teacher. The change would be in proportion to the deliberate, measured inputs provided during the process by the enabler, namely the educator comprising a human agent or a system or an agency like the physical, technological, or socio-cultural infrastructure. In fact, over centuries, education has developed into a complex, multifactor process. It is no longer a simple linear process, entirely controlled by a human teacher passing on bits of information to the recipient learner.

In the modern context, therefore, education as a process functions at multiple levels trying to bring about change in the multifaceted personality of the learner through the operation of multiple factors, forces, tools etc. And so education has become an elaborate, comprehensive endeavour aimed at changing the personality of the learner for better. It is intensively laboured, it being a labour intensive activity, is meticulously planned and almost super-designed. After all, modern education is tremendously influenced and shaped by the contemporary world scenario which itself is a conglomerate of diverse forces like politics, socio-cultural life styles, economy, arts, religion, entertainment ,advancements in the fields of science and technology and myriad other factors.

Education in the modern age of rapid changes being continually caused by several agents, including the powerful change agent of globalization at all levels has ,thus , got a new role to play shaping the personality of the learner and its interaction with other domains like society and environment. It is the role as a synergizing agent for the chief three domains of the personality and life of the learner. They are as follows.

[I]. The personal, private domain of life of the individual learner is motivated by a spectrum of needs of development. Abraham Maslow, the renowned American psychologist, through his famous pyramid of hierarchy of basic needs, has listed five fundamental needs that impel the individual learner to undertake his learning adventure. They are as under:

(a).Physical needs of existence like food, nutrition, shelter, health, exercise, rest, medication etc.

(b). Security needs like freedom from danger, fear, hazards etc.

(C). Social needs like family life, friendship, community life, sense of affection, of acceptance and of belonging

(d). Ego needs like feeling of worth and self-importance, leadership, position of power etc.

(e). Selfactualisation needs including desire for personal fulfillment, realization of one's potential, satisfaction of one's aspirations and expectations - moral, spiritual and even divine

[II]. The social domain in which the learner individual lives, operates, and enjoys the fruit of his involvement in life and its myriad other pursuits and activities

[III]. The global, general, environmental domain including nature on one hand, and on the other, the vast manmade environment of the world all around. The triple synergy to be developed, nurtured and sustained through a comprehensive, relevant and competent educational input is a huge task modern education has to perform at all levels of education, primary, secondary, higher and professional special type of education.

The Nature of Synergy: As a **rule, every** system, be it a biological one, or a **physical** one or a social one or whatever it be, must be a synthesized, harmonized, integrated and balanced entity by itself. Take for example, the human personality of a student. It consists of various parts and constituents like the body, mind, spirit, soul, attitudes, beliefs, habits etc. All these components must be so organically integrated with one another as to give rise to what is known as the WHOLE MAN. He will be a balanced self-contained person who will be competent to function in workaday life highly productively and satisfactorily. Such a person, then, plays his various roles to the satisfaction of himself as well as of the society. This is what Shakespeare indicated in his famous lines as under:

*All the world is a stage,*
*And all the men and women merely players;*
*They have their exits and entrances,*
**And one man in his time plays many parts.**

Education must equip every learner with capacities, skills, abilities and world view to act his designated part well. Only a solidly synergized person would be capable of playing such challenging role.

Similarly, the social domain which includes the family, community, neighbourhood, friends, and umpteen numbers of socio-cultural bodies, formal and nonformal, is to be internally woven in a web with all parts harmonised through intricate weaving .Externally, the social domain has to be synergized with the two other domains, namely individual and global, into in an intricate maze.

The global environmental domain, in which the individual lives and his social domain get inhered in, is a much complex entity. It, too, will have to develop intra synergy as well as inter synergy with the other two domains. Obviously, the hub of the triple web is the individual, the chief player on the stage of life. Education, therefore, will have to focus its impact on him and through him on the social and global domains. Realizing and sustaining this triple synergy is, thus, a unique and intricately artistic function of modern education.

The Process of Synergisation: The structure of modern education as an enterprise as well as a transformative process ,thus ,consists of three layers, namely, the individual learner, his society and the global environment in which both operate. As stated earlier, each operates at two levels. One, it operates solo as an entity by itself in which capacity it must develop and sustain its intra synergy. It should, for example, maintain its own health, vigour, capability and sustainability. Two, it should develop interrelationship, interplay and interdependence with the other two layers. Such perfect inter and intra compatibility should be continually developed and sustained for the educational investment to be maximally productive.

To ensure such multilayer functioning, specific educational inputs will be required. Here is given a brief suggestive mechanism for such operation. This suggestive procedure is applicable to all stages of education, i.e. primary, secondary, and tertiary, etc.

(A). The Process for the Individual Domain: The individual is the prime mover

of the triple synergy. He is a growing human person. He has to be involved in numerous formative educational experiences appropriate for his age, as also for the type of education he has to receive. The chief areas of development of his personality are as under.

1. Physical, bodily needs of health, energy, nutrition, wellness, productivity, protection against hazards like diseases, addictions, accidents etc.
2. Psychological need s of developing specific faculties like mental health, reasoning, thinking, memorizing, decision making, communicating verbally as well as nonverbally , acquiring and mastering language skills etc.
3. Emotional needs like developing emotional balance and composure, acquiring traits and qualities of compassion, empathy, righteous indignation at evils, coping skills etc.
4 Social development needs like developing team spirit, making friends, taking leadership role, organizing mobilization, helping the needy in different ways, even at personal cost etc
5. Cultural development needs through cultivation of tastes, refined aesthetics, appreciating beauty, rhythm and delightfulness, taking active interest in arts, recreation pursuits etc.
6. Moral, ethical and spiritual needs, developing desirable values, developing a proactive moral and civic character, standing for a noble cause etc.
7. Technological skills for a productive , gainful and meaningful career for personal satisfaction as well as social contribution to the welfare of the community, developing entrepreneurship and risk taking and innovative behavior

In essence, there will be a concerted, well-focused and pointedly targeted educational programme to harness the development process on all counts simultaneously to build up a holistic architecture of different dimensions of the individual's personality which would ultimately shape an integrated all round personality of the individual. It is such a beautifully and delicately sculpted personality that would meet the criteria Shakespeare laid down to call him MAN, the unique product of nature. Here are his words:

What a piece of work is man!
How noble in reason!
How infinite in faculties!
In action, how like an angel!
In apprehension, how like a god!

To ensure interdimensional synergy with the two other domains, namely social and global domains, various suitable tasks and experiences will have to be identified and offered to help the individual develop such capacities and traits as would embed his personality in the vast and variegated landscape of society in particular and global life in general. As a result there would emerge a sort of symphony of the interplay by the actors namely the individual, his society and the world community at large.

(B).The Process for the Social Domain: The modern concept of education subsumes the inclusion of the synergy of the various constituents of the social dimension, formal educational programmes and informal extracurricular activities and outreach initiatives. These will have to be so planned and carried out so as to make the social system a progressive, prosperous and proactive agency that should provide both security and challenges to the individual to operate as a responsible and sensitive member of the society. The activities to be provided to the society through the individual student and his classmates, along with the teacher, would include some of the following ones.

1. Continuing adult education programmes for targeted groups like farmers, working women, youth and others.
2. Extension services to the society for specific needs like community hy-

giene, electoral awareness, microfinance etc.

3. Professional/occupational skills training for better employability like computer literacy, small savings, retailing, marketing, communication skills etc.
4. Capacity building programmes for example for civic citizenship, social reforms, mobilizing for specific missions like polio campaign, fighting against corruption and so on
5. Climate building like developing cooperation among social groups and organizations, forming peace committees, carrying out monitorial tasks for aangan vaadis, for public distribution system, for registering for aadhaar cards etc.
6. Providing training, experiences and even apprenticeship programmes for various life skills of modern life like operating a bank account, carrying out disaster management activities etc.
7. Organising internship activities to provide practical hands-on knowledge on one hand and supplementary income to students in collaboration with employers, both individual and corporate.
8. Establishing liaison between society and educational institutions and their resources and assets, both material and expertise, so as to increase frequent exchange of knowledge and capacities for mutual supplementation and enrichment.
9. Making all educational programmes and activities progressively relevant and meaningful to society through colla boration, both intellectual and social.
10. Adding an egalitarian component to education so as to turn out student social activists and workers with a pro-people and pro-society world view and philosophy of life.

It is hoped that such diverse agenda of educational inputs directly planted in the student population and indirectly, through them, in the entire body organic of society, will strengthen the roots of interdimensional synergy and, thereby, contribute to the emergence of a system of community education geared to the needs of the 21st century challenges.

One of the grimmest challenges for India in the 21st century is that of a number of evil practices the society has accepted as normal though they eat into the vitals of the system. Corruption, gender discrimination, child abuse, crime, violence in the day-to-day life and the notorious CHALATI HAI attitude to life and work are the pervasive evils, which Gandhiji used to call SINS. They have to be fought and liquidated. Only a socially sensitive and committed youth, so trained in values of sensitive citizenship, by a synergized education, can do it. Let's remind ourselves of the proverbial seven sins against which Gandhiji cautioned the nation decades ago. Hopefully, such a reminder may awaken our dormant, slothful and inert souls.

1. Commerce without ethics
2. Pleasure without conscience
3. Politics without principles
4. Knowledge (Education) without character
5. Science without humanity
6. Wealth without labour
7. Worship without sacrifice

(C) The Process for the Global Environmental Domain: Education as an enabling human activity and an organized system does not operate in a vacuum. In the modern age, the whole world is the arena for it to operate interactively. The all enveloping environment of the world arena consists of nature and nature's myriad components and forces education has to reckon with. It also consists of civilisational assets of a community built by the mankind over millennia. They include habitats, villages, towns, cities, transportation, communication channels, corporations, industries, agriculture and hundreds of mammoth systems and subsystems of life. Thus, the modern

environment is a global reality on a massive scale.

Education must get synergised with the omnipresent environment as the present day world has contracted into a global village. This metamorphosis has unleashed new dynamics of human relations, having on one hand a potential to explode and perish by just one error, say of nuclear misdemeanor. and on the other hand an equally possible prospect of undreamt prosperity and happiness of all members of the human race. Therefore, education of man must help rule out the former, i.e. the catastrophe, and promote the latter i.e. the welfare of all. Let's, therefore, ensure the intrasynergy of forces of education by taking steps like the following ones.

1. Providing educational inputs to the younger generation in particular, and the community in general, to preserve, promote and sustain in sound health the ecological balance in nature which is being seriously threatened of late by climate change.

2. Inculcating in students sound traits of world citizenship and comradeship by nurturing in them generously cross cultural values of friendship, brotherhood, equality, compassion, mobility both physical and cultural, adjustment across cultures, empathy and a warm humanitarian approach to life and its problems. The renowned American poet, Walt Whitman, has forcefully advocated such cosmopolitan world view in the following illustrious lines worth ruminating over in the contemporary climate of selfish parochialism of all sorts:

**Come, let's make the world**
**indissoluble,**
**Let's make the most splendid race,**
**The sun has ever shone upon.**
**Let's make divine, magnetic land,**
**With the love of comrades,**
**With the lifelong love of comrades.**

3 Nurturing those values- moral, political, cultural, aesthetic, and pragmatic - that lead a person to respect all forms of life and a commitment to carve out an existence which is in harmony with nature and with human societies across geographical borders as well as across diverse cultures.

4. Developing new insights, attitudes and mores of global coexistence involving durable sentiments of multiculturalism, multiracialism, multiethnicism and unrestrained mobility across geographical borders as well as across cultures.

5. Making all educational offerings including the curricula, syllabi, courses, learning resources, teaching, testing and counseling, management and alumni involvement global and humanistic in approach and application.

6. Developing global technological skills in students to facilitate them to function successfully in the modern age of knowledge, competition, excellence and cutting edge total quality in all pursuits.

7. Organising programmes of exchange at local, regional, national and international levels for individuals, communities, corporations, institutions , governments , NGO's and world bodies to promote mutual understanding, enrichment and accommodation for a harmonious world family of man.

8. Creating a global climate and ambience of understanding and trust through confidence building measures for the preservation of peace , harmony and security in the face of arrogant world powers , of disasters and of threats of new evils like terrorism, extremism, regional wars, civil strifes etc.

To ensure inter synergy among individuals, their communities, and the global human family, foundations of positive attitudes will have to be laid in the minds and hearts of people in general, and of students and younger generation in particular, through the active and enthusiastic partnership of the faculty and leaders of the community, for it is only education as an integrating human enterprise that is eminently capable of realizing the mission through the envisioned triple synergy.

The Strategy of Implementing the Triple Synergy: It is necessary to work out a strategy of implementing the idea of the triple synergy in our day-to-day working of the system of education at a specific level, namely primary, secondary, tertiary, professional etc. This will be a continuous process whose details should be worked out by a composite task force in every institution, be it a university or a college or a school. The task force should include different stake holders, namely teachers, students, alumni, and administrators' representatives. The cardinal steps of the action plan would be like the following ones.

Firstly, the concept of education should be redefined in terms of the three domains, namely the individual and his needs, the society and the global environment and their respective needs. Even the Kothari commission (1964-66) that examined the role of education for national development about five decades ago emphasized that education must be regarded as integrated whole overarching the domains of individual, social, national and global needs.

Secondly, the role of the central agencies like the university, the state government, the central government and regulating agencies like the UGC should be circumscribed and limited only to their core functions, powers and authority. The nuts and bolts and the nitty gritty of the entire enterprise of education should be within the jurisdiction of institutions concerned. Intellectual, professional and organisational autonomy and freedom to experiment and to deviate must be assured to all players and it must be jealously guarded against all open and hidden encroachments on its freedom to function.

Thirdly, the constituents and players must enjoy maximum autonomy to work out their programmes and activities and should be held responsible for all their decisions.

Fourthly, capacity building programmes should be a permanent feature of the working of the system operating regularly all throughout the year. They should apply to all players and stake holders involved. They will be thus recurrently empowered through their exposure to training.

Fifthly, there should be a built-in arrangement for a multifold monitoring, evaluation and regulatory mechanism. The system should ensure smart regulation with light oversight with a human face as advocated by the eminent scientist, Dr R.A.Mashelkar, professor and president, Global Research Alliance Chemical Laboratory (GRANCL) in his address at university convocation in Gujarat in February 2013. The working of this mechanism must mean serious business with a zero tolerance for any sort of negativity.

Sixthly, innovativeness and cutting edge quality should be the soul and spirit to move the system spirally upward with a liberal provision for facilitation on one hand and on the other for acceleration of excellence on a constantly rising learning curve.

Seventhly, through education, synergized both vertically and horizontally, the vision should be to make a fundamental paradigm shift in the very concept of an educational institution which should ultimately graduate from being a laboratory of life, to a workshop of life, and from there, to a nursery of life and ultimately to a prototype of life itself- a pinnacle of existence in all its glory. Such paradigm shift can occur only when the system adopts a different and unusual path in place of the traditionally trodden, worn out, stereotype one. In the following immortal words, the renowned American poet, Robert Frost, has extolled the virtue of such path in bringing about a quality change in life:

**Two roads diverged in a wood, and**
**I Took the one less travelled by**
**And that has made all the difference.**

The said strategy for making a vital difference to the erstwhile religiously followed stereotype path needs to be treated as a flux which will continue to flow, to

change and to assume newer, more vibrant forms. And that would, hopefully, eventually be a replica of life itself!

Conclusion : The 21st century is a unique period of time in human history, which can either spell doom for the human race , given the piles of negative lethal forces accumulated over years by man- the atomic energy, armaments, disregard for values , particularly of harmony, coexistence and regard for life itself, gross consumerism, insatiable greed , crass materialism, extreme poverty and destitution; or can lift the human race to unforeseen heights of prosperity, wellness, security, brotherhood , fellow feeling and cultural effervescence never dreamt of, given the new power man has acquired through knowledge, science, technology ,arts and the treasures of new knowledge through research and innovation.

It is possible, with the synergized power of knowledge realizing the integration of the individual with his immediate social surrounding on one hand, and on the other, with the ubiquitous global environment positively and constructively, into a new entity, that the profusely empowered holistic man could make HEAVEN itself descend on the earth. The Indian mythology has seen king Bhagirath do that feat of bringing the holy Ganga down on the earth. Quality education, based on triple synergy in the 21st century, does have the potential of empowering the student population in particular and the average Indian citizen, the AAM AADAMI, in general, to realize the dream of making the mundane life a heaven on earth. Rabindranath Tagore dreamt of realizing that dream on behalf of every Indian compatriot decades ago, by offering this soul stirring prayer. Let's all echo and reecho that soulful prayer to strengthen our determination to transform our lives through a properly synergized education.

**Where the mind is without fear,**
**And the head is held high;**
**Where knowledge is free,**
**Where the world has not been broken up,**
**By narrow domestic walls;**
**Where words come out from the depth of the truth,**
**Where the clear stream of reason has not lost its way**
**Into the dreary desert sands of dead habits;**
**Into that HEAVEN of freedom, My Father!**
**Let my country awake.**

**REFERENCES**


1. Bajpai, Kanti (2013). "Open up India's universities " , An Article in 'Rebooting India ' column, The Times of India, 30 March, 2013. Ahmedabad : TOI
2. GOI. (2009). Report of the National Knowledge Commission (2005-2009).New Delhi: GOI
3. GOI. (2000). Report of the National Commission on Education (Kothari Commission) (1964-66). New Delhi: GOI
4. Mashelkar, Dr. R.A. (2013). Convocation Address at Charusat University, Chanaga (Gujarat): News Item: TOI 17-02-2013.Ahmedabad: TOI
5. UNESCO. (1996). "Learning, the Treasure Within ", Report of the International Commission on Education in the 21st Century. Paris: UNESCO
6. UNESCO. (1998). "Higher Education in the 21st Century: Vision and Action ": The Final report of the World Conference on Higher Education. Paris: UNERSCO
7. World Bank. (2000). "Higher Education in Developing Countries: Perils and Promise ". Report of the Task Force on Higher Education. Washington D.C. : W.B.



[ Formerly Vice-Chancellor, Hemchandracharya North Gujarat University, Patan;
Near Tower, Dahela, Kalol,
Dis : Gandhinar, Gujarat]

# વર્ગ એ સ્વર્ગ

ઉમાશંકર જોશી

થોડાંક વરસ, વચ્ચે, હું ભણાવતો ન હતો. જોકે છેક એવું ન હતું. દક્ષિણમાં વાંસદા, ઉત્તરમાં રાધનપુર, પશ્ચિમમાં પોરબંદર – એમ જુદે જુદે સ્થળે અવારનવાર એકાદ સમય લઈ બેસતો. ગુજરાતના આચાર્યોની મારી ઉપર કૃપા હતી : એમનાં સમયપત્રકોમાં મારા એકાદ સમયનો અવકાશ એમણે રાખ્યો હોય. મોટે મોભારે મેં જાતને ઇલકાબ આપ્યો હતો : Self-appointed travelling teacher of Gujarat – 'ગુજરાતનો આપ-નિયુક્ત ફરતો શિક્ષક'.

પણ એક આજન્મ શિક્ષકે એક વાર પૂછ્યું : ભણાવ્યા વગર ફાવે છે ? સાંભળીને હું વિચારમાં પડી ગયો. ફાવતું તો હોવું જોઈએ, કેમ કે ભણાવ્યા વગર ધરાર મારું ચાલતું હતું. જે હાડે શિક્ષક હોય એ તો ભણાવવા ન મળે તો હિજરાવા માંડે. સંભવ છે કે લખવા દ્વારા મારા જેવાને અભિવ્યક્તિ મળી રહેતી હોય.

તેમ છતાં, ભણાવવાનો જે થોડોઘણો અનુભવ છે એ ઉપરથી કહી શકું કે અમારે શિક્ષકોને મન વર્ગ એ સ્વર્ગ છે.

વર્ગમાં વ્યતીત થતો સમય એ જ્ઞાનોપાસનાનો, જ્ઞાનાનંદનો સમય છે. સમાજ બાંધીને રહેતા માનવે ભાગ્યે જ આથી વધુ પવિત્ર સમૂહપ્રવૃત્તિ નિપજાવી હોય. એક, પોતે જે કંઈ કણ કણાર્ધ જેટલું જ્ઞાન પામ્યો હોય, તે-મય થઈ ગયો છે. બીજાઓ છે જ્ઞાનોન્મુખ. એકના હૃદયમાં જલતો જ્ઞાનનો આતશ બીજાના હૃદયમાં પ્રગટે એ માટે વર્ગ મળે છે.

વર્ગમાં માત્ર માહિતી આપવાની હોતી નથી, ચોપડીઓનો પરિચય કરવાનો છે એટલું જ નહીં, વિદ્યાપ્રીતિના તાર ઝણઝણી ઊઠે એ કીમિયો કરવાનો હોય છે. ગમે તેવા બેધ્યાન વિદ્યાર્થીને પણ જીવનભર એવી એકાદ ક્ષણનું સ્મરણ ન રહેવા પામે તો વર્ગની એ પાયાની ઊણપ.

જ્યારે કોઈ કહે છે કે વિદ્યાર્થીઓને ક્યાં પામવું જ છે, ત્યારે એ શબ્દો વાગે છે. જે સદ્ભાગીઓ આપણી સામે પાટલી પર આવીને બેઠા તેઓમાં તો કોઈ ભવિષ્યના ગોવર્ધનરામ કે આનંદશંકર ન જ હોઈ શકે એ તે કેવી શ્રદ્ધા !

પારાવાર શક્યતાથી ભરેલાં વ્યક્તિત્વોની સામે પોતે ઊભો છે એ ભાનથી નમ્ર અને ઉદ્યત બનીને શિક્ષક પોતાનું ઉત્તમ સ્વરૂપ વર્ગ આગળ ધરે છે. પોતે 'લેસન' કર્યા વગર વર્ગમાં કદી પગ મૂકતો નથી. આ જ વસ્તુ ગયે વર્ષે ભણાવેલી. આજે એને થાય છે : અરેરે, ગયે વખતે મેં શું ભણાવી નાખ્યું ? આ વાત તો હજી આજે અત્યારે ઊગી. આમ વરસોવરસ એને ભાગે રિબાવાનું આવે છે.

પ્રાક્-સ્નાતક કે અનુ-સ્નાતક કક્ષાએ તો શિક્ષણ એ ખરું જોતાં નર્યું વિતરણ ન રહેતાં પરસ્પર-શિક્ષણ બની જાય. તપાસ કરવામાં આવે તો એવું નીકળવા સંભવ છે કે વિદ્યાર્થીઓ તો પામ્યા હોય જ, પણ શિક્ષક પણ કંઈક નવું અર્થઘટન, નવું વિચારસંયોજન, નવું પ્રકાશકિરણ પામીને વર્ગની બહાર આવ્યો હોય.... હા, ઘંટ વાગે એટલે, ક્ષીણે પુણ્યે બહાર આવવાનું તો રહે છે જ, પણ મર્ત્યલોક પરના આ સ્વર્ગમાં પુનઃપુનઃ પ્રવેશ સુલભ છે.


ઑક્ટોબર ૧૯૬૩

('કેળવણીનો કીમિયો'માંથી સાભાર)

# ગ્રંથસૌરભ

મણિભાઈ. પ્રજાપતિ

**જ્ઞાનશક્તિ :** માણસના વાવેતરનો મહાયજ્ઞ / પ્રોફેસર બી. એ. પ્રજાપતિ. રોહતક : શાન્તિ પ્રકાશન, [૨૦૧૩] xv, ૨૨૭ પૃ. કિં. રૂ. ૨૦૦ ISBN ૯૭૮-૯૩-૫૦૭૦-૦૨૩-૫



સમીક્ષિત ગ્રંથ 'જ્ઞાનશક્તિ'માં પ્રો. પ્રજાપતિએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિ તરીકેના કાર્યકાળ દરમ્યાન તેના વૃત્તપત્ર 'દક્ષિણાયન'માં 'દીપે અરણું પરભાત' શીર્ષક હેઠળ તેના પ્રારંભિક - કુલપતિવાણી સ્વરૂપે શિક્ષણ - ઉચ્ચ શિક્ષણના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સેવેલ ચિંતા અને ચિંતન વ્યક્ત કરતા લેખોનો સંચય છે. લેખક મૂલતઃ મેનેજમેન્ટ - ફાઇનાન્સિયલ મેનેજમેન્ટના અધ્યાપક હોવાથી વિષયવસ્તુની રજૂઆતમાં અર્થશાસ્ત્રીય અભિગમ - પોતાનાં મંતવ્યો આંકડાકીય પ્રમાણો સાથે રજૂ કરવાનું વલણ સ્પષ્ટ રીતે દષ્ટિગોચર થાય છે. અહીં ગ્રંથસ્થ લેખોનું વિષયવૈવિધ્ય અને તેની ગહનતા તેમજ જે તે વિષયાંગના મૂળમાં જવાની - તલસ્પર્શી અધ્યયનની મનોવૃત્તિ અને સવિશેષતઃ શિક્ષણ - ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલાં પરિવર્તનો અને પ્રયોગો તથા તદ્વિષયક નિમાયેલ કમિટી - કમિશનોના અહેવાલો અને સૂચનો સંદર્ભેની જાગરૂકતા તેમના વ્યાપક વાંચન અને રસવૃત્તિનાં પરિચાયક બની રહે છે. બીજા શબ્દોમાં કહીએ કે જે પદ ઉપરથી શબ્દ ઉચ્ચારી રહ્યા છે તેના પૂર્ણ ઉત્તરદાયિત્વની સભાનતા સતત નજર સમક્ષ રાખી છે. જે તેમના સંનિષ્ઠ વિદ્યાવ્યાસંગની નીપજ ગણવી રહી.

અહીં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ - ઉચ્ચ શિક્ષણ વિષયક કુલ ૫૪ લેખો ગ્રંથસ્થ છે, જેનું વિષય ફલક વિસ્તૃત છે, જેમકે કેળવણી, કન્યાકેળવણી, પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને તેના પ્રશ્નો, મૂલ્યનિષ્ઠ શિક્ષણ, શિક્ષણમાં ગુણવત્તા, યુનિવર્સિટીઓ અને વિશ્વસ્તરની યુનિવર્સિટીઓ, યુ.જી.સી.ની ભૂમિકા, દેશ-પરદેશમાં ઉચ્ચ શિક્ષણ સુધારણા/પરિવર્તનો અર્થેનાં સામ્પ્રતકાલીન કમિટીઓ અને કમિશનો, મહાન પ્રતિભાઓનું જીવનદર્શન અને સવિશેષતઃ શિક્ષણચિંતન, વીર નર્મદ, ગુજરાતની અસ્મિતા, ધર્મ અને દર્શન વગેરે.

ગ્રંથારંભેનો લેખ 'જય જય ગરવી ગુજરાત' કુલપતિની દષ્ટિ અને દિશાને તથા 'દક્ષિણાયન' વત્તપત્રની પ્રસ્તુતતાને ઉજાગર કરતો લેખ છે. અહીં યુનિવર્સિટીનાં ત્રણ પ્રમુખ કર્તવ્યો - જ્ઞાન આપવાનું અને બુદ્ધિનો સમ્યક વિકાસ થાય તે જોવાનું, જીવનનાં મૂલ્યોની સમજણ કેળવવી અને ચરિતાર્થ કરવા માટેની ભૂમિકા સ્પષ્ટ કરવી અને વિદ્યાર્થીમાં સમૂહશક્તિ અને સમૂહભાવના કેળવીને વિદ્યાર્થીને આજીવન વિદ્યાર્થી બનાવવો સ્પષ્ટ કરીને તમામ પક્ષકારોમાં સકારાત્મક ચિંતન, હકારાત્મક વર્તણૂક અને વિધેયાત્મક કાર્યપદ્ધતિની આવશ્યકતા ઉપર ભાર મૂકીને તૈત્તરીય ઉપનિષદના સાધનામંત્ર સત્યમ્, જ્ઞાનમ્, અનંતમ્ના પંથે આગળ વધવા અપીલ કરી છે. આ ઉપરાંત અન્ય કેટલાક લેખો જેમકે યુનિવર્સિટીના દીક્ષાન્ત સમારોહ પ્રસંગે પ્રાસંગિક વક્તવ્યમાં ઉપનિષદકાળમાં વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુરુ દ્વારા સમાવર્તન સંસ્કારરૂપે જે શીખ આપવામાં આવતી તે સંદર્ભેનો તૈત્તરીય ઉપનિષદનો મૂળપાઠ અને તેનો અર્થવિસ્તાર સમજાવીને કેળવણીનું હાર્દ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. અહીં સત્ય અને ધર્મનું

આચરણ કરવું, સ્વાધ્યાય ઇત્યાદિમાં પ્રમાદ ન કરવો, ગુરુકૂળ પરંપરાના નિર્વાહ માટે દાન અને તે પણ શ્રદ્ધા અને ભાવપૂર્વક આપવું, આપ્તજનોને પ્રમાણ માનવા વગેરેનો સમાવેશ છે. આજે પણ ઉપનિષદનો આ ઉપદેશ પ્રસ્તુત બની રહે છે. એક અન્ય લેખમાં યજુર્વેદના મંત્ર 'મે મનઃ શિવસંકલ્પમસ્તુ'માં અભિવ્યક્ત ધ્વન્યાર્થોને ચરિતાર્થ કરવાની અપીલ તથા અંતિમ લેખ 'જીવન યુદ્ધ જીતવાની ચાવી'માં ગીતાના ૧૬મા અધ્યાયના પ્રથમ ત્રણ શ્લોકોમાં નિરૂપિત ૨૬ ગુણો - અભય, આર્જવ સત્વસંશુદ્ધિ, જ્ઞાનયોગ, સ્વાધ્યાયતપ વગેરેના આચરણ થકી માનવજીવન - વિદ્યાર્થીજીવનને ઉર્ધ્વગામી બનાવવા અંગેની ચર્ચા સુચિંતનીય બની રહે છે.

મહાન પ્રતિભાઓનાં ચરિત્ર ચિત્રણો સૌ કોઈ માટે અને સવિશેષતઃ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે રોલ મોડેલ બની રહે તે હેતુસર અહીં દેશ-વિદેશનાં ૧૫ વિભૂતિમત વ્યક્તિત્વો જેમકે મહાત્મા ગાંધી, શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ ટાગોર, મેક્સમૂલર, પ્રાણનાથ, મહાપ્રજ્ઞ, નર્મદ, ઉમાશંકર, ફાર્બસ, શ્યામજી કૃષ્ણ વર્મા વગેરેનાં સંક્ષિપ્ત જીવનવૃત્ત અને સવિશેષતઃ યુવાવસ્થા, પ્રેરણારૂપ કાર્યો અને તેની પ્રસ્તુતતા તથા તેમનાં શિક્ષણચિંતન રજૂ કરવામાં આવ્યાં છે, તેમજ આ પ્રભાવક ચરિત્રોના પ્રદાનને ઐતિહાસિક તથા સામ્પ્રત પરિપ્રેક્ષ્યમાં મૂલવવા પ્રયાસ કર્યો છે. આ સાથે લેખકે આ પ્રતિભાઓની નોંધપાત્ર કૃતિઓ અને તેમના વિશે લખાયેલા મહત્ત્વપૂર્ણ ગ્રંથોનો પણ પ્રસંગોપાત્ત ઉલ્લેખ કર્યો છે કે જેથી વિદ્યાર્થીઓ - જિજ્ઞાસુઓ તેમના મૂળગ્રંથો વાંચવા પ્રેરાય ! આ ઉપરાંત જેતે ચરિત્રના નોંધપાત્ર વિચારો ઉદ્‌ધૃત કરીને તેનું આચમન કરાવ્યું છે. અહીં લેખકનું શિક્ષકત્વ ઊભરી આવ્યું છે. આ બધાં જ ચરિત્રોનાં ઓજસ પ્રસરાવવામાં લેખક સફળ રહ્યા છે. પરંતુ જેનું નામ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલું છે એવા ગુજરાતની અસ્મિતાના ઉદ્‌ગાતા વીર નર્મદનું ઋણ ઉતારવાની ભાવના સાથે તેના ઉપર મન મૂકીને વરસ્યા છે - મુક્તકંઠે તેના શિક્ષણ, સાહિત્ય, સમાજસુધારા, ધર્મ, રાષ્ટ્રભાવના વગેરે ક્ષેત્રોના પ્રદાનને એકાધિક લેખોમાં ઉદ્‌ઘાટિત કરી આપ્યું છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે આવી રહેલાં પરિવર્તનો અને ભાવિ દિશાથી પ્રો. પ્રજાપતિ સતત વાકેફ છે તેની પ્રતીતિ પ્રવર્તમાન સમયમાં નિમાયેલાં વિવિધ કમિશનો ઇત્યાદિ ઉદા. તરીકે 'ગુજરાત શૈક્ષણિક નવીનીકરણ કમિશન', 'નેશનલ નોલેજ કમિશન', 'હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૯માં જનરલ એજ્યુકેશન સંદર્ભે નિયુક્ત ટાસ્ક ફોર્સ', 'નેશનલ કમિશન ફોર હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ', 'પ્રો. યશપાલ સમિતિ - Committee to Advice on Renovation and Rejuventation of Higher Education', 'પ્રો. એ. જ્ઞાનમ સમિતિ', 'યુ.જી.સી. પ્રેરિત એક્શન પ્લાન' યુનેસ્કોનો 'Towards Knowledge Societies' અહેવાલ, 'ધી રાઈટ ઑફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ, ૨૦૦૯', 'નોલેજ કોન્સોરશિયમ ઑફ ગુજરાત' વગેરેના અહેવાલોનો અભ્યાસ કરીને તેનો અર્ક તેમણે પ્રસ્તુત કર્યો છે. સાથે સાથે આ કમિશનોની ભલામણો - સૂચનો કેટલી વ્યવહારિક છે તે તેમજ તેની મર્યાદાઓ તરફ અંગુલિનિર્દેશ પણ કરવાનું ચૂક્યા નથી. ઉદા. તરીકે 'નેશનલ કમિશન ઑફ હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ બીલ - ૨૦૧૧'નો પ્રકરણવાર પરિચય કરાવીને નોંધ્યું છે કે હાલની યુજીસી તથા અન્ય કાઉન્સિલોના જટિલ માળખામાંથી મુક્તિ મળવાને બદલે એક જ કેન્દ્રિય વ્યવસ્થાનું માળખું વધારે જટિલ બનાવાયું છે, કાઉન્સિલ દ્વારા નિર્ણય લેવાની પદ્ધતિ બાબતે રાજ્ય તથા કેન્દ્રની ભૂમિકાને પુનઃ ચકાસવી, નેશનલ રજિસ્ટ્રીમાંથી પાંચ નામ નક્કી કરી રાજ્ય સરકારે કાઉન્સિલને મોકલી આપવાના તે પૈકી કાઉન્સિલ કુલપતિની પસંદગી કરે અર્થાત્ રાજ્ય સરકારોએ કુલપતિઓની નિયુક્તિમાં ટપાલીની ભૂમિકા ભજવવાની, નવા સ્વરૂપે રાષ્ટ્રીય કમિશન અમર્યાદ સત્તા ભોગવતી - 'સુપર યુજીસી' બની જશે વગેરે. યુજીસી પ્રેરિત એક્શન પ્લાન સંદર્ભે પણ દો-ટૂક શબ્દોમાં જણાવ્યું છે કે અધ્યાપકોની ભાગીદારી વિના એક્શન પ્લાન ઘડવા કે ફરજિયાત બનાવવાથી પરિવર્તન શક્ય થઈ જશે તે માનવું ભૂલ ભરેલું ગણાશે. વિદ્યાર્થી તથા અધ્યાપક વચ્ચેનો ગુણોત્તર જાળવવો પડશે તેમજ અધ્યાપકોના વર્કલોડથી માંડીને સેવાની શરતો વગેરે આનુસંગિક પરિબળો અંગે નવેસરથી

વિચાર કરવો જરૂરી છે. ચિલ્ડ્રન એક્ટ, ૨૦૦૯ને આવકારવાની સાથે તેના ઘણા પડકારોને પણ રેખાંકિત કરી આપ્યા છે. ખાસ નોંધપાત્ર બાબત એ કે અહીં ઉલ્લેખાયેલા કમિટી-કમિશનોના સટિપ્પણ સાર-સંક્ષેપ ગુજરાતી ભાષામાં લખાયેલા આ પુસ્તકમાં સૌ પ્રથમ વખત જોવા મળી રહે છે. આ દૃષ્ટિએ આ ગ્રંથનું મૂલ્ય વધી જાય છે.

આ ઉપરાંત અહીં ગ્રંથસ્થ લેખોમાં મૂલ્યનિષ્ઠ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપર પ્રસંગોપાત્ત ભાર મૂકવાની સાથે સાથે કેટલાંક નક્કર સૂચનો પણ કર્યાં છે, જેમકે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણના સર્વાંગી વિકાસ માટે સર્વગ્રાહી નીતિ વિષયક દસ્તાવેજ તૈયાર કરવાની આવશ્યકતા, પ્રણાલિકાગત યુનિવર્સિટીઓ તથા ઓપન યુનિવર્સિટી વચ્ચેનો સેતુ સુદૃઢ કરવાનો, મહાવિદ્યાલયોનાં કરોડો રૂપિયાનાં મકાનો તથા અન્ય સવલતો ગણતરીના કલાકો માટે ઉપયોગમાં લેવામાં આવે છે ત્યાં જરૂરિયાત મુજબના વ્યવસાયિક અભ્યાસક્રમો બનાવી પ્રણાલિકાગત કૉલેજોમાં ઓપન યુનિવર્સિટીનાં કેન્દ્રો સ્થાપી માળખાગત સુવિધાઓનો મહત્તમ લાભ શક્ય બનાવવો, દેશનાં કેટલાંક રાજ્યો જેમકે મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં યુનિવર્સિટીઓનું સંચાલન કોમન એક્ટથી થાય છે તે ધ્યાને લઈ સમયને અનુરૂપ તેમાં જરૂરી સુધારા કરીને કોમન એક્ટ બનાવવાની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવી, અધ્યાપકો અને ગ્રંથપાલોની ખાલી જગ્યાઓ ઉપર નિયુક્તિ કરવી, ઉચ્ચ શિક્ષણના ગુડ ગવર્નન્સ માટે સ્થાયી માળખાની રચના રાજ્યમાં Think Tankની ભૂમિકા ભજવે તેવી 'સ્ટેટ કાઉન્સિલ ઑફ હાયર એજ્યુકેશન'ની રચના વગેરે સુચિંતનીય છે.

કુલપતિ પ્રો. પ્રજાપતિ પોતાના અધ્યાપકોનાં અધીતને પ્રસંગોપાત્ત પ્રોત્સાહિત કરવામાં પણ અગ્રેસર જોવા મળે છે. ઉદા. તરીકે યુનિવર્સિટીના રિસર્ચ મેથોડોલોજી... ડિપાર્ટમેન્ટના પ્રો. કિરણ પંડ્યા અને તેમની ટીમે ગુજરાત સરકાર માટે તૈયાર કરેલ 'સુરત જિલ્લાનો માનવ વિકાસ અહેવાલ' અને ત્યારબાદનાં આનુસંગિક કાર્યોનું વિગતે વિશ્લેષણ કરીને તેના ફલિતાર્થો સ્પષ્ટ કરતાં નોંધ્યું છે કે અધ્યાપકો અધ્યયન-અધ્યાપન ઉપરાંત સરકારની નીતિવિષયક બાબતોમાં પણ સહાયરૂપ નીવડે છે તેની આ અહેવાલ સાહેદી પૂરી છે. આ જ રીતે વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ અને સામર્થ્યને પુરસ્કૃત કરવા ઉપરાંત તેમના વ્યક્તિત્વ વિકાસ તેમજ યુવાધનને સાચી દિશા ચીંધવા અંગેના લેખો પણ અહીં ગ્રંથસ્થ છે. આ હેતુસર જેક ફ્રેનફીલ્ડ, ડૉ. એ.પી.જે. કલામ, સ્વામી વિવેકાનંદ વગેરેના વિચારોને તેમના જ શબ્દોમાં ઉદ્‌ધૃત કરીને વિચારવિમર્શ કરવામાં આવ્યો છે.

અહીં પ્રત્યેક લેખના આરંભ પૂર્વે લેખના કેન્દ્રિય વિષયોને આવરી લેતું સુચિંતનીય અવતરણ જે-તે લેખમાં અભિવ્યક્ત વિચારોને વધુ પુષ્ટ કરે છે. આ ઉપરાંત પ્રસંગોપાત્ત લેખના અંતમાં ખાલી રહેલ જગ્યામાં મૂકેલાં શિક્ષણ ચિંતનો પ્રસ્તુત ગ્રંથની સત્ત્વશીલતાનાં પૂરક બની રહે છે. પ્રવર્તમાનકાલીન શિક્ષણ-શિક્ષણપ્રણાલીની ઉપલબ્ધિઓ અને મર્યાદાઓને તથા શિક્ષણના હાર્દને રેખાંકિત કરતા આ thoughtprovoking લેખો નીતિનિર્ધારકો અને શિક્ષણ સંવાહકો માટે દિશા-પ્રેરક બની રહે તેવા બળૂકા છે. જો કે આ બધા લેખોને આગળ ઉપર ઉલ્લેખ કર્યા અનુસારના વિષયો હેઠળ વર્ગીકૃત કરીને સહાયક ક્રમમાં રજૂ કર્યાં હોત તો વિચારમૌક્તિકોની આ માળા (Garland of thoughts) વિશેષ દીપી ઊઠત ! ઉપયોગકર્તા સીધો જ ઇચ્છિત વિષય ઉપર સરળતાથી પહોંચી શકત !

સમગ્રતયા પ્રો. પ્રજાપતિની આ બધી આગવી લાક્ષણિકતાઓને ધ્યાને લઈ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ, તુલનાત્મક સાહિત્ય અને અનુવાદ વિજ્ઞાનના પ્રતિભાસંપન્ન વિદ્વાન તથા ઇંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના ટ્રાન્સલેશન સ્ટડીઝ વિભાગના નિયામક પ્રો. અવધેશકુમાર સિંહે આ ગ્રંથને આવકારતાં નોંધેલા શબ્દો ધ્યાનપાત્ર બની રહે છે : "Equipped with his knowledge of management as a teacher and scholar, he has dealt with various issues pertaining to higher education - changes. challenges and reforms and initiatives... The choice of the articles and reflections on them speak volumes about the concern and commitment of Professor Prajapati for education

and his understanding of the issue... It speaks of his keen awareness of events taking place around in the university, the state of Gujarat, country and beyond with full preparedness for managing the change... In many senses, he justifies his surname 'Prajapati' and the position 'Kulpati' with equal measure'' (Foreword p. viii-ix)

***

**મોપાસાંની પ્રતિનિધિ વાર્તાઓ**/સંપાદક - અનુવાદક : મોહનલાલ પટેલ. - ૨જી આવૃત્તિ. અમદાવાદ : શબ્દલોક પ્રકાશન, ૨૦૧૩ (શબ્દલોક પ્રકાશન; ૭૦૨). ૧૪૪ પૃ. ક્રિ. રૂા. ૧૨૫/- ISBN ૯૭૮-૯૩-૮૧૩૫૭-૯૪-૧. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૧.




ગાય દ મોપાસાં (Henri-Rene-Albert Gue de Maupassant, ૧૮૫૦-૧૮૯૩) સુપ્રસિદ્ધ ફ્રેન્ચ વાર્તાકાર. ટૂંકીવાર્તાના અગ્રણી ઘડવૈયાઓ પૈકીના એક. મોપાસાંની ૩૦૦ વાર્તાઓ, ૬ નવલકથાઓ, ૩ પ્રવાસગ્રંથો અને ૧ કાવ્યસંગ્રહ પ્રકાશિત છે. 'Pierre et Jean' અને 'Bel Ami' એમની કીર્તિદા નવલકથાઓ છે. માનવમન-સમાજજીવનનાં અનેકવિધ પાસાંઓને વાચા આપતી તેમની વાર્તાઓનું વિષયવસ્તુ વૈવિધ્યપૂર્ણ રહ્યું છે, જેમકે ત્યાગ અને સમર્પણ ભાવના, સ્ત્રી-પુરુષ વચ્ચેના અવૈધ સંબંધો અને તેમાંથી ઉદ્ભવતા પ્રશ્નો-નાયક-નાયિકાની અસહ્ય મનોદશા, વિશુદ્ધ પ્રણય ભાવના, સ્વાર્થી-શિકારી અને અસૂયાવૃત્તિ વગેરે.

અહીં મોપાસાંની ફ્રેન્ચ વાર્તાઓ પૈકીની **૨૪૦ વાર્તાઓના અંગ્રેજી અનુવાદોમાંથી** આરપાર થઇને સંપાદક-અનુવાદકે પસંદગીની ૨૦ શ્રેષ્ઠ વાર્તાઓના ગુજરાતી અનુવાદો આપ્યા છે. આ વાર્તાઓમાં વિષયવસ્તુ અને ટેકનિકનું પણ વૈવિધ્ય જોવા મળે છે. સાથે સાથે મોપાસાંની વાર્તાકળાને મૂલવતો તેમજ કેટલીક વાર્તાઓના રસાસ્વાદ કરાવતો લેખ 'સૈકાથી પ્રફુલ્લ નર્યાં પંકજ' શીર્ષક હેઠળ અભ્યાસ-લેખ આપ્યો છે, જે મોપાસાંને અને તેની વાર્તાકળાને સમજવા માટે ઉપકારક બની રહે છે. અનુવાદક સ્વયં સિદ્ધહસ્ત ટૂંકીવાર્તાકાર તથા ગુજરાતી લઘુકથાના પ્રવર્તક હોવાથી, તેમજ તેમણે જૈન ભક્તિકાવ્ય 'ભક્તામ્બરસ્તોત્ર' અને અન્ય કૃતિઓના સ-રસ અંગ્રેજી અનુવાદો આપ્યા હોવાના પરિણામે આ અનુવાદ કાર્ય મૂળ સદશ થઈ પડ્યું છે. અર્થાત્ ક્યાંય કૃતકતા ડોકાતી નથી, બલ્કિ અભિવ્યક્તિકળા સુપેરે અડીખમ રહેવા પામી છે. પોતીકી ભાષાની વાર્તાઓ વાંચતા હોઈએ તેવી સહજમાં અનુભૂતિ થાય છે. અહીં આપણે ત્રણેક વાર્તાઓ જોઈએ કે જેમાં વસ્તુતત્ત્વની તુલનાએ ભાવતત્ત્વ સર્વોપરિ બની રહે છે. આવા કિસ્સામાં અનુવાદકની ખરી કસોટી થતી હોય છે. અહીં અનુવાદક પૂર્ણરૂપેણ સફળ પુરવાર થયેલા જોવા મળે છે. ઉદા. તરીકે 'ત્યજાયેલો' વાર્તામાં અનૈતિક સંબંધોથી પેદા થયેલા પુત્રને ૪૦ વર્ષ પૂર્વે ત્યજી દીધેલો છે. માતાની આ પુત્રને જોવાની-મળવાની સતત ઝંખના-તાલાવેલી અને તેને મળવા જવાનો પ્રયાસ અને પુત્રને દૂરથી જોયા પછી તેની કંગાળ સ્થિતિ જોઈને અવાક્ થઈ ગયેલી માતા મનોમન પોતાને ધિક્કારે છે અને પુત્રને મળ્યા સિવાય પરત થાય છે તેનું ભાવસભર ચિત્રણ વાચકો ને દ્રવીભૂત કરી દે છે. 'એકરાર'માં માણસની પાશવીવૃત્તિ કઈ રીતે તેના મનનો કબજો લઈ લે છે અને પોતાના જ ગેરકાયદેસરના સંબંધોથી જન્મેલા બાળકની હત્યા કરાવે છે અને આ જઘન્ય કૃત્ય બાદ નાયક પશ્ચાતાપરૂપી આગની ભઠ્ઠીમાં શેકાઈ રહ્યો છે, તેની મનોવ્યથાનું વર્ણન માનવીના હૈયાને ઘડી બે ઘડી સ્તબ્ધ કરી દે છે. અજ્ઞેયએ 'નદી કે દ્વીપ' નવલકથા ડાયરી શૈલીમાં આપી તે રીતે મોપાસાંએ આ આખી વાર્તા નાયકના અવસાન બાદ તેના 'વસિયતનામા'ના માધ્યમથી રજૂ કરી છે. 'સમુદ્ર ઉપર'માં માનવીની પ્રબળ સ્વાર્થી વૃત્તિ પોતાને થતા આર્થિક નુકશાનમાંથી ઉગારવા પોતાના ભાઈનો હાથ ચગદાઈ જતો જોઈ શકે છે. હાથ કપાઈ ગયેલા ભાઈને પોતાના ભાઈ પ્રત્યે મનમાં ધિક્કાર

પેદા થાય છે, પરંતુ કશું જ બોલતો નથી. પરંતુ પોતાના કપાયેલા હાથની સ્મશાનયાત્રા કાઢીને તેના માધ્યમથી પોતાનું દુઃખ વ્યક્ત કરે છે. અહીં મોપાસાંનું ભાષાકર્મ અને ટેક્નિક શ્લાઘનીય બની રહે છે. સાથે સાથે અનુવાદકે કરેલું તેનું યથાર્થ નિર્વહણ પણ શ્લાઘનીય છે. વિવિધ વાર્તાઓમાં આવતા સંવાદો પણ હૃદ્ય થઈ પડ્યા છે.

આ બધી શ્રેષ્ઠ વાર્તાઓનાં વાંચન પછી મનમાં એક સહજ પ્રશ્ન ઉદ્ભવે કે ચાલો મૂળ વાર્તા વાંચીએ ! પરંતુ મૂળ વાર્તા શોધવી કઈ રીતે ? અહીં જે વાર્તાઓના આધારે અનુવાદ કરવામાં આવ્યા છે તેનાં મૂળ શીર્ષકો તથા તે વાર્તા જે સંગ્રહમાંથી લેવામાં આવી તેના મૂળસ્રોતની પ્ર પરિશિષ્ટમાં માહિતી આપવામાં આવી નથી તેથી આ કાર્ય દુષ્કર થઈ પડે ! મૂળ કૃતિ અને અનુવાદના તુલનાત્મક અભ્યાસ માટે પણ આ માહિતી ઉપયોગી પુરવાર થાત ! જો કે આ પ્રકારનાં અન્ય કેટલાંક અનુવાદિત પુસ્તકો ફંફોસી જોતાં તેમાં પણ મૂળ શીર્ષક અને સ્રોત દર્શાવવાની પરંપરાનો અભાવ જ જોવા મળ્યો !

મોપાસાંની વાર્તાકળા વિશે અનુવાદક-વિવેચક મોહનલાલ પટેલનું અવલોકન-"મોપાસાંની વાર્તાઓને અનુલક્ષીને એક ટીકા સતત થતી રહી છે કે એણે માનવીમાં રહેલી પાશવી વૃત્તિઓને કેન્દ્રમાં રાખીને વાર્તાઓની રચના કરી છે... પણ એણે માત્ર મનુષ્યની પાશવી વૃત્તિઓ કે રુગ્ણ મનોદશાને જ ઉપસાવવા માટે એ કૃતિઓની રચના કરી છે એમ કહેવું એ મોપાસાંને એક રીતે અન્યાય કર્યા બરોબર થશે. માનવીમાં રહેલા અસત્ અંશોને વાર્તામાં નિરૂપીને એના સત્ અંશોને પણ એણે ખૂબ પ્રગટવા દીધા છે. ક્યારેક એની વાર્તાની બુનિયાદ નર્યા ગંદવાડમાં હશે, પણ એમાંથી નિષ્કલંક શ્વેત સંગેમરમર જેવી ઇમારત પણ રચાયેલી જોવા મળશે. કાદવમાં કમળ જેવી પ્રક્રિયા એ વાર્તાઓમાં જોઈ શકાય છે... એની વાર્તાનું કોઈપણ ઘટક તપાસો. એ એની વાર્તામાં એક ઉપકારક બળ તરીકે સ્થાન પામ્યું હશે." આ ઉપરાંત જર્મન તત્ત્વચિંતક અને સાંસ્કૃતિક વિવેચક ફ્રેડરિક નિત્શે (૧૮૪૪-૧૯૦૦) એ તેની આત્મકથામાં મોપાસાનો એક મનોવૈજ્ઞાનિક તરીક કરેલો ઉલ્લેખ પરોક્ષ રીતે તેની વાર્તાકળા તરફ ઇશારો કરી જાય છે : "I cannot at all conceive in which century of history one could haul together such inquisitive and at the same time delicate psychologists as one can in contemporary Paris : I can name as a sample - for their number is by **no** means small,... or to pick out one of the stronger race, a genuine Latin to whom I am particularly attachedm Guy de Maupassant." - ધ્યાનાર્હ બની રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત કૃતિના અનુવાદક મોહનલાલ પટેલ (૧૯૨૭) વાર્તાકળાના શિલ્પી અને કસબી છે. તેમનાં આજ સુધી ૧૦ વાર્તાસંગ્રહો, ૩ લઘુકથા સંગ્રહો, ૨૦ નવલકથાઓ નિબંધ, વિવેચન ચરિત્ર, આત્મકથા વગેરે સાહિત્યસ્વરૂપોનાં ૬૦ થી અધિક પુસ્તકો પ્રકાશિત થયાં છે. શિષ્ટ સાહિત્યના સર્જક ઉપરાંત તેઓશ્રી જાણીતા કેળવણીકાર છે. તેમણે સર્વ વિદ્યાલય, કડીમાં પ્રારંભમાં શિક્ષક અને ત્યારબાદ આચાર્યશ્રી તરીકે પ્રાયઃ સાડાત્રણ દશક સુધી સેવાઓ આપીને સર્વ વિદ્યાલયને વિશ્વવિદ્યાલય ભણી ગતિ કરવાનો પ્રશસ્ત રાજમાર્ગ ખોલી આપ્યો ! અત્યારે જૈફવયે પણ સર્વ વિદ્યાલય સાથે સક્રિયપણે જોડાયેલા છે. તાજેતરના દિવસોમાં તેમની આત્મકથા 'ટાઈમ કેપ્સ્યુલ' પ્રગટ થઈ છે, જે તેમના અભિજાત વ્યક્તિત્વ અને શિક્ષકતત્ત્વના દસ્તાવેજ સમાન છે.

***

## ગુજરાતી સાહિત્યકારકોશ





સંપાદક : ડૉ. કિરીટ શુક્લ - ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૧૩. ૮, ૪૯૬ પૃ. કિં. રૂ. ૫૦/- ISBN ૯૭૮-૯૩-૮૩૩૧૭-૦૨-૮.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ગ્રંથાલયી, સંપાદક, સૂચિવિદ્

અને કોશકાર ડૉ. કિરીટ શુક્લનાં બહુઆયામી તથા બહુપયોગી સંપાદનો - પ્રકાશનોથી ગુજરાતનું સાહિત્યજગત સુપરિચિત છે. તેમણે 'ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ'ની નમૂનેદાર અને બહુમૂલ્યવાન દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ વર્ષ ૨૦૦૮માં આપી હતી. પ્રસ્તુત કોશના આધારે સારવેલ અને તારવેલ નિર્દેશિત ગ્રંથની લઘુઆવૃત્તિ સૌ પ્રથમ ૨૦૦૯માં પ્રકાશિત કરવામાં આવી હતી. આ તેની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ છે. અહીં સમાવિષ્ટ પ્રત્યેક વિદ્યમાન સાહિત્યકારનું નામ, ઉપનામ, જન્મ તારીખ, મહત્ત્વનાં ચાર ક્ષેત્રોમાં પ્રદાન હોય તેનો નિર્દેશ અથવા સાહિત્યકારની ઓળખ, પત્ર વ્યવહારનું સરનામું, ઘર અને ઑફિસના ફોન નંબર, મોબાઈલ નંબર અને ઇ-મેઈલ એડ્રેસ તથા વેબસાઈટ પૈકી જે કોઈ વિગતો સંબંધિત સાહિત્યકાર કે અન્ય સહાયક સ્રોતોના આધારે મેળવીને દર્શાવવામાં આવેલ છે. આ કોશની પ્રથમ આવૃત્તિમાં ૧૬૪૦ સાહિત્યકારોની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જ્યારે આ બીજી આવૃત્તિમાં ૨૧૧૦નો સમાવેશ કર્યો છે, આ પૈકી અગાઉ સમાવેશ નહીં પામેલા તેવા ૪૭૦ સાહિત્યકારોની વિગતોનો તેમના ગ્રંથો કે અન્ય સ્રોતોના આધારે મેળવીને સમાવેશ કર્યો છે, તેમજ પ્રથમ આવૃત્તિમાં સમાવિષ્ટ પામેલા સાહિત્યકારોનાં નામ-સરનામામાં થયેલા પરિવર્તનો વગેરેને આમેજ કરવામાં સંપાદકશ્રીનો પુરુષાર્થ, ધ્યેયનિષ્ઠા શ્લાઘનીય બની રહે છે.

અહીં સંલેખોની ગોઠવણી સાહિત્યકારના પ્રથમ નામના અકારાદિક્રમમાં કરવામાં આવી છે. સંલેખોની ગોઠવણીમાં કોઈ વ્યક્તિના મૂળ નામની પાછળ લગાડવામાં આવતા શબ્દો જેમકે ભાઈ, લાલ, દાસ, કુમાર, ચંદ્ર વગેરેને ધ્યાને લીધા સિવાય અર્થાત્ મૂળનામને ધ્યાને લઈ સંલેખોની ગોઠવણી કરવામાં આવી છે. આ એક સ્તુત્ય અને વ્યવહારુ માર્ગ સંપાદકે અપનાવ્યો છે, જેના પરિણામસ્વરૂપે ઇચ્છિત સાહિત્યકારની વિગતો પ્રાપ્ત કરવ. માટેની શોધ સરળ થઈ જાય છે.

સમગ્રતયા ગુજરાતી સાહિત્યકારોનો હાથપોથી સમાન આ 'Who's Who' કોશ તેના ઉપયોગકર્તાઓને તેમના અનેકવિધ હેતુઓની પૂર્તિ અર્થે ઉપયોગી નીવડે તેવો સત્ત્વશીલ છે. સંપાદક ડૉ. કિરીટ શુક્લની સાહિત્ય અને સાહિત્યકારો પ્રત્યેની આસ્થા, કાર્યમાં રસ-રુચિ અને વ્યવસાયિક પ્રતિબદ્ધતાની નીપજનું આ પરિણામ છે.

**- મણિભાઈ પ્રજાપતિ**

## જીવ ન ચાલ્યો

શશિભૂષણ બંદ્યોપાધ્યાય સરકારી વકીલ હતા. વૈશાખ માસના એક દિવસે બપોરે બે વાગ્યે તે એમના વેવાઈને ગામ જવા નીકળ્યા. જે કામ સારુ એ નીકળ્યા હતા તેમાં એમની પોતાની હાજરીની જરા પણ જરૂર ન હતી. એકાદ ચાકરને ચિઠ્ઠી આપીને મોકલ્યો હોત તો ચાલત. એટલે વેવાઈને ઘેર પહોંચ્યા ત્યાં કોઈએ એમને પૂછ્યું, "આટલા અમથા કામ માટે આવી વરસતી લૂમાં આપે જાતે શા સારુ ધક્કો ખાધો ?"

જવાબમાં શશિભૂષણબાબુ બોલ્યા, "પહેલાં તો વિચાર આવ્યો કે એકાદ નોકરને મોકલું; પણ પછી જોયું કે તડકો બહુ આકરો છે, એટલે કોઈ નોકરને મોકલતાં મારો જીવ ન ચાલ્યો."

**જગદીશ ચાવડા**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઈન્ટરનેશનલ કોન્ફરન્સ

ટોરેન્ટોમાં યોજાયેલ કેનેડા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઑન એજ્યુકેશનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં શિક્ષણશાસ્ત્ર વિભાગનાં ડીન પ્રો. વીણાબહેન પટેલે પેપર રજૂ કર્યું હતું, તેમજ એક સેશનમાં 'ચેરપરસન' તરીકે સેવા આપી હતી. આ કોનફરન્સમાં ભાગ લેવા બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કારોબારીની બેઠકમાં પ્રો. વીણાબહેન પટેલનું અભિવાદન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ કોન્ફરન્સમાં ૨૦ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઓરિએન્ટેશન : રાષ્ટ્રીય સેવા યોજના

પાટનગર ગાંધીનગરના સ્થાપના દિને ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨-૮-૨૦૧૩ના રોજ N.S.S. ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે શ્રી રામભાઈ સિંઘવ, આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલ, ડૉ. રૂપાબહેન ચાવડા અને ડૉ. બિન્દુબહેન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં. અતિથિવિશેષ શ્રી રામભાઈ સિંઘવે પોતાના જીવનપ્રસંગો અને દૃષ્ટાંતો દ્વારા N.S.S.ની સ્વયંસેવિકાઓને પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમને અંતે વૃક્ષારોપણ અને રોપાવિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન N.S.S. પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભારતીબહેન પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### કાવ્યપઠન

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭-૭-૧૩ના રોજ કાવ્યપઠન અને કાવ્યરચના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ શ્રી મોહનલાલ પટેલના વ્યક્તિત્વ તથા સાહિત્યિક પ્રદાનની ચર્ચા કરી હતી. ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ કવિતા એટલે શું ? કવિતામાં ગીત, ગઝલ, ઊર્મિકાવ્ય, અલંકાર, છંદ, પ્રાસાનુપ્રાસ વગેરેની ઊંડી માહિતી આપી ઉત્તમ કવિઓની કવિતાઓનું પઠન કર્યું હતું અને વિદ્યાર્થીઓને કાવ્યપઠન અને કાવ્યરચનાની માહિતી પૂરી પાડી હતી. શિબિરાર્થીઓએ સ્વરચિત કવિતાઓનું પઠન કર્યું હતું.

### ગુરુપૂર્ણિમા

* તા. ૨૨-૭-૨૦૧૩ના રોજ ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં ગુરુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત સરસ્વતી, વેદવ્યાસ તથા ગુરુ દત્તાત્રેયના પૂજન બાદ વિદ્યાર્થિનીઓએ ગુરુ માહાત્મ્ય પર વક્તવ્યો, સ્તુતિગાન, તથા વેદકાલીન સંસ્કૃતિ ગુરુ-શિષ્ય સંવાદને અભિનય દ્વારા રજૂ કર્યાં હતાં.

* ડૉ. આર. એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ, કડીમાં તાલીમાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી, જેમાં ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ, પ્રાર્થના, ભજન અને વક્તવ્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત કૉલેજના અધ્યાપકશ્રીઓ તથા પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે તાલીમાર્થીઓને ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે ભગવાન વેદવ્યાસજીએ આ દિને ૧૭ પુરાણોનું સંકલન કર્યું જેના કારણે ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ વિશેષ છે.

ભૂતકાળના ગુરુ - શિષ્યો જેમકે રામદાસ-શિવાજી, રામકૃષ્ણ પરમહંસ-વિવેકાનંદ, પ્લેટો-અરસ્તુ, વગેરેનાં ઉદાહરણો પૂરાં પાડી આદર્શ સંબંધો વિશે વિગતે વાત કરી હતી.

* તા. ૨૨-૭-૧૩ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે નિયમિત અભ્યાસકાર્ય પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને આપણા ઋષિઓ જેમકે વાલ્મીકિ, વિશ્વામિત્ર, વેદવ્યાસ, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ વગેરે ૧૫ ગુરુઓનાં ચરિત્ર થીમ તરીકે આપવામાં આવ્યાં હતાં. દરેક વર્ગ દ્વારા તેમને આપવામાં આવેલ થીમ પર વર્ગનું સુશોભન કરવામાં આવ્યું હતું.

## ડેટાબેસ મેનેજમેન્ટ

આઈ.આઈ.ટી. મુંબઈના રીમોટ સેન્ટર દ્વારા તા. ૨૧થી ૩૦-૫-૨૦૧૩ દરમિયા ''ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ'' ઉપર યોજાયેલી તાલીમ શિબિરમાં વી.પી.એમ.પી. પોલિટેક્નિક, ગાંધીનગરના ૪૬ જેટલા અધ્યાપકોએ અને તા. ૪થી ૧૪-૬-૨૦૧૩ દરમિયાન ''એનાલોગ ઇલેક્ટ્રોનિક્સ'' ઉપર યોજાયેલી તાલીમ શિબિરમાં ૨૮ જેટલા અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત તા. ૧૩થી ૧૭-૫-૨૦૧૩ દરમિયાન કડી સર્વ વિશ્વવિદ્યાલય અને વી.પી.એમ.પી. પોલિટેક્નિકના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ''ઇન્ડક્શન ટ્રેઈનિંગ પ્રોગ્રામ''માં વી.પી.એમ.પી. અને એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ગાંધીનગરના ૪૩ અધ્યાપકોએ ભાગ લીધો હતો.

## તરણ સ્પર્ધા

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિની કુ. વિરાજ એ. રાઠોડ (S.Y.B.A.)એ સેક્ટર-૧૯ જીમખાના ખાતે યોજાયેલ દક્ષિણ વિભાગ ગુજરાત યુનિવર્સિટી તરણ સ્પર્ધામાં ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલ, ૫૦ મી. બેકસ્ટ્રોક, ૧૦૦ મી. બેકસ્ટ્રોક સ્પર્ધામાં પ્રથમ તેમજ ૫૦ મી. બેકસ્ટ્રોક સ્પર્ધામાં દ્વિતીય ક્રમે રહી વિજેતા થયેલ છે.

## થેલેસેમીયા જાગૃતિ

કડી સર્વ વિશ્વવિદ્યાલયના વુમન ડેવલોપમેન્ટ સેલ અને લાયોનેસ ક્લબના સૌજન્યથી ફેકલ્ટી ઑફ એજ્યુકેશનમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને થેલેસેમીયા રોગ અંગેની જાગૃતિ માટેનું વ્યાખ્યાન તા. ૩ ઑગસ્ટના રોજ યોજવામાં આવ્યું, જેમાં થેલેસેમીયા રોગ વિશેની જાગૃતિ માટે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓની મૂંઝવણો દૂર કરવામાં આવી. આ રોગ ભવિષ્યમાં ન થાય તેની પણ જાણકારી આપવામાં આવી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીની વિવિધ કૉલેજોમાંથી ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓ ઉપરાંત લાયોનેસ ક્લબના પ્રેસિડેન્ટ આરતીબહેન ભટ્ટ, વ્યાખ્યાતા સુકેતુ મહેતા, પ્રો. વીણાબહેન પટેલ, વુમન ડેવલોપમેન્ટ સેલના તમામ સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## શ્રી દેવાંગ મહેતા આઈ.ટી. એવોર્ડ

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ, ગાંધીનગરની કમ્પ્યૂટર વિદ્યાશાખાની અંતિમ વર્ષની વિદ્યાર્થિની કુ. કિંજલ ચૌધરીએ 'શ્રી દેવાંગ મહેતા આઈ.ટી. એવોર્ડ ૨૦૧૩'ની સ્પર્ધા માટે રજૂ કરેલ પ્રોજેક્ટ 'ઓપન્ડ પોર્થલ ફોર ડિફ્રન્ટલી એબલ્ડ' ઉત્તમ પ્રોજેક્ટ તરીકે વિજેતા નીવડતાં **કુ. કિંજલને એક લાખ રૂપિયા**નું રોકડ ઇનામ તા. ૭ ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત ખાસ સમારંભમાં એનાયત કરવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં કુલ ૯૫ પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી પ્રથમ ત્રણ પ્રોજેક્ટ્સ આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. **કુ. કિંજલે આ પ્રોજેક્ટ પ્રો. આશિષ પટેલ અને પ્રો. સ્નેહલ પરમાર**ના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ એક એન્ડ્રોઈડ મોબાઈલની એપ્લિકેશન તરીકે કામ કરે છે: જેમાં વાતચીતના મુખ્ય ત્રણ માધ્યમો AUDIO, VIDEO અને TEXTનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીં ડીફ્રન્ટલી એબલ્ડ એ વિચાર દર્શાવે છે કે પ્રત્યેક વ્યક્તિ અન્યથી કોઈ રીતે અલગ છે અને સક્ષમ પણ

છે, જેમ કે મુકબધિર. આવા લોકો બોલવા અને સાંભળવાની તકલીફથી પીડાય છે. તેઓ સાંકેતિક ભાષાનો ઉપયોગ કરીને વાતચીત કરી શકે છે. પરંતુ જેમ તેઓ અન્ય સામાન્ય ભાષા ઉદા. તરીકે ગુજરાતી સમજી શકતા નથી તેમ ઘણા લોકો આ સાંકેતિક ભાષા પણ સમજી શકતા નથી, આ કારણોસર લોકો અને મુકબધિર વ્યક્તિ વચ્ચે વાતચીત ઓછી થતી જાય છે. ટેકનિકલ ભાષામાં કહીએ કે આ એક પોર્થલ એટલે કે બારી છે જે દિવસે દિવસે વધારેને વધારે બંધ થતી જાય છે. આવી બારીને ખોલીને બધા વાતચીત કરી શકે તેવું એક માધ્યમ એટલે "ઓપન્ડ પોર્થલ ફોર ડિફ્રન્ટલી એબલ્ડ" જેને ટૂંકમાં "OPDA" નામ અપાયું છે. આ એપ્લીકેશન (OPDA)નો ઉપયોગ કરવાથી, એ લોકો કે જે માત્ર સાંકેતિક રીતે રજૂ કરી શકે છે. અને અન્ય લોકો જે સાંકેતિક ભાષા જાણતા નથી તેઓ પણ આ વાત સમજી શકે છે. આમ OPDA એક INTERPRETER (માધ્યમ)ની ગરજ સારે છે. કુ. કિંજલ એ આ સંશોધન હેતુ સોલા રોડ, અમદાવાદ સ્થિત મુકબધિર વિદ્યામંદિર સ્કૂલના આચાર્યશ્રી/સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓની અવાર નવાર મુલાકાતો લઈ તેઓ પાસેથી આ પ્રોજેક્ટ માટે જરૂરી સાંકેતિક ભાષા શીખવા ઉપરાંત તેમના પ્રશ્નોનો પણ સઘન અભ્યાસ કર્યો હતો. કુ. કિંજલ ચૌધરીને વિશિષ્ટ ઉપલબ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## પરિણામ

* સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીનું પરિણામ ૧૦૦ % આવ્યું છે. જેમાં એકતાબહેન એ. પટેલે ૯૨.૫૦% સાથે યુનિવર્સિટીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. કૉલેજની તમામ બહેનોએ ફર્સ્ટ ક્લાસ ડિસ્ટિંક્શન પ્રાપ્ત કરેલ છે.

* એસ.વી. પી.ટી.સી. કૉલેજ, કડીનું પ્રથમ વર્ષનું પરિણામ ૧૦૦% આવેલ છે. બોર્ડનું પરિણામ ૬૫ % અને મહેસાણા જિલ્લાનું પરિણામ ૩૩.૩૩% આવેલ છે. મહેસાણા જિલ્લામાં પ્રથમ દશમાં એસ.વી. પી.ટી.સી. કૉલેજ, કડીના ૬(છ) તાલીમાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

## પીએચ.ડી.

- કડી સર્વ વિશ્વવિદ્યાલ, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

૧. Chauhan Mrunali Chhotalal : "A Study of the Effectiveness of Self learning Material as Work Card, Programmed Learning and Cal in the Subject of Social Science in the Standard VIII"/Subject : Education/Guide : Dr. M. L. Joshi.

૨. Dhaduk Sonal Girdharbhai : "બકુલ ત્રિપાઠી અને જ્યોતિન્દ્ર દવેની હાસ્યરચના : એક અભ્યાસ"/Subject : Gujarati/Guide : Dr. Bhagwatiprasad M. Brahmabhatt.

૩. Dave Divyang Jagannath : "Study of Involvement of Toll-Like Receptors in the Immunomodulatory Effects of Terminalia Chebula and Withania Somnifera"/Subject : Pharmaceutical/Guide : Dr. G. B. Shah.

૪. Shah Viral Hareshkumar : "Formulation Development and Evaluation of Mucoadhesive Buccal Tablets of Some Statin Derivatives"/Subject : Pharmaceutical Science/Guide : Dr. G. B. Shah.

૫. Gajera Nileshkumar Nathalal : "Synthesis, Characterisation and Antimicrobial Activity Studies of Chromanone Derived Compounds"/Subject : Chemistry/ Guide : Dr. Mukesh C. Patel.

- એલડીઆરપી-આઈટીઆર, એમ.સી.એ. વિભાગના પ્રા. કેયુર શાહે "Development of Generalize Model of Maintenance and Upgradation of ERP Software System" વિશે એસ.વી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યૂટર સ્ટડીઝ, કડીના

ડાયરેક્ટર ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ શોધપ્રબંધને સ્વીકારીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, દ્વારા પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી.

## પ્રવેશોત્સવ

* સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં તા. ૨૭-૬-૨૦૧૩ના રોજ વર્ષ ૨૦૧૩-૧૪ની નવી તાલીમાર્થી બહેનોનો પ્રવેશોત્સવ મંડળના પ્રમુખશ્રી ડૉ. રામભાઈ એમ. પટેલની અધ્યક્ષતા હેઠળ તેમજ બ્રહ્માકુમારી બહેનશ્રી સંગીતાબહેનની ઉપસ્થિતિમાં ઊજવાયો. સંસ્થાના હોદ્દેદારો તેમજ બ્રહ્માકુમારી સંગીતાબહેન, આચાર્યશ્રી ડૉ. સી. જી. પટેલ તેમજ અધ્યાપકગણે તાલીમાર્થી બહેનોને આશીર્વચન પાઠવ્યા હતા. આ ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંતર્ગત કૉલેજ સ્તરે લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

* બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગર દ્વારા તા. ૨૪-૨૫-૨૬ જુન-૨૦૧૩ના રોજ નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને ટ્રસ્ટ યુનિવર્સિટી કૉલેજ તેમજ બી.બી.એ. કોર્સ વિશે વિસ્તૃત માહિતી આપવા તેમજ કારકિર્દી ઘડતર અને સર્વાંગી વિકાસલક્ષી અભિગમ કેળવવાના વિચારને ધ્યાનમાં રાખી ''ઓરિએન્ટેશન પ્રોગ્રામ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રિ. ડૉ. રમાકાન્ત પૃષ્ટી, ડૉ. જયેશ તન્ના, પ્રો. નીરવ જોષી, પ્રો. મેથ્યુ જહોન અને પ્રો. માર્ગી દેસાઈએ પ્રવર્તમાન સમયમાં બી.બી.એ. અભ્યાસક્રમની પ્રસ્તુતતા અને ભાવિ પડકારો વિશે ઓડિયો-વિઝ્યુઅલના સહારે વિદ્યાર્થીઓને સમજણ પૂરી પાડી હતી તેમજ જીવન જીવવાની કળા, જીવનમાં હકારાત્મક અભિગમ વિશે પણ સમજાવ્યું હતું.

* તા. ૧૮-૭-૧૩ના રોજ ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કૉલેજના હૉલ ખાતે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા F.Y.Bcomમાં સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં નવપ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ પોતાની સંગીત અને વક્તૃત્વ જેવી કળાઓ રજૂ કરી હતી. S.Y.Bcom અને T.Y.Bcomના વિદ્યાર્થીઓએ નાટક અને ગ્રૂપસોંગ દ્વારા નવા વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રો. શ્રીમતી સોનલબહેન લેન્ડેએ કર્યું હતું.

* એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ, ગાંધીનગરમાં બી.એડ.માં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે તા. ૧૭-૬-૧૩ના રોજ આવકારોત્સવ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલે સંસ્થાનો ટૂંકો પરિચય આપી શિક્ષક દ્વારા સમાજની વધુમાં વધુ સેવા થઈ શકે છે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે મહેમાન તરીકે ઉપસ્થિત કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે જણાવ્યું હતું કે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની ક્ષમતાઓ તેમજ વ્યક્તિત્વનું ઘડતર થાય છે. ત્યારબાદ ડૉ. કુસુમબહેન યાદવે અધ્યાપકોનો પરિચય આપ્યો હતો અને કાર્યક્રમના અંતે ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ ઉપરાંત તા. ૨૨-૬-૧૩ના રોજ બંને કૉલેજોમાં કૉલેજ સ્તરે સોલો સોંગ સ્પર્ધાનું તથા તા. ૬-૮-૨૦૧૩ના રોજ કેમ્પસમાં વૃક્ષારોપણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રશ્નબૅંક

ડેવલપિંગ મોડેલ ક્વેશ્ચન પેપર અને લેબોરેટરી પ્રેક્ટિસિસ વિષય ઉપર નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નિકલ ટીચર્સ ટ્રેઇનિંગ એન્ડ રિસર્ચ એક્સ્ટેંશન સેંટર, અમદાવાદ-ભોપાલ દ્વારા મે-જૂન ૨૦૧૩ દરમિયાન આયોજિત કાર્યશાળામાં વી.પી.એમ.પી. પોલિટેક્નિક, ગાંધીનગરના અધ્યાપકો શ્રી સી.એચ. ભટ્ટ, શ્રી સીમા પટેલ, શ્રી વિપુલ પટેલ, શ્રી આકાશ ઉપાધ્યાય, શ્રી મયંક જાની, શ્રી મિત્તલ પટેલ, શ્રી જિગર પટેલ, શ્રી ભાર્ગવ ઉપાધ્યાય, શ્રી પીનલ પટેલ અને શ્રી મનીષ પટેલે ભાગ લીધો હતો.

## પ્લેસમેન્ટ

બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન,

ગાંધીનગર દ્વારા તા. ૧૭-૫-૨૦૧૩ અને તા. ૪-૭-૧૩ના પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નામાંકિત કંપનીઓ જેવી કે, એનેટ ટેકનોલોજીઝ, મેક્સ લાઈફ ઇન્સ્યોરન્સ, ગ્રૂપ પ્લેનેટ પેટલ, કેર ઑફિસ ઇક્વીપમેન્ટ લિ., ટી.સી.એસ અને ગ્રીન ફ્લિટ કંટ્રોલ પ્રા. લી.એ. કૉલેજમાં કેમ્પસ ઇન્ટરવ્યૂ ગોઠવ્યાં હતાં. જેમાં બી.બી.એ.ના અનુક્રમે ૨૫૦ અને ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જોબ ફેરને સફળ બનાવવામાં પ્રિ. ડૉ. રમાકાન્ત પૃષ્ટી, ડૉ. જયેશ તન્ના, પ્રા. માર્ગી દેસાઈ, પ્રો. ધર્મેન્દ્ર રાઠોડ તેમજ પ્રા. આશિષ ભુવાએ જહેમત ઉઠાવી હતી.

## મહિલા સ્વાસ્થ્ય શિબિર

નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ, કડીની વિદ્યાર્થિની બહેનોને સ્ત્રીઓનાં સ્વાસ્થ્ય તેમજ સંબંધી શારીરિક પ્રશ્નો અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુથી મહિલા સ્વાસ્થ્ય શિબિરનું આયોજન તા. ૨૬-૭-૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કડી સ્થિત નેહા સર્જિકલ્સના ડૉ. સુધાબહેન એમ. પારેખે મહિલાઓના સ્વાસ્થ્ય તેમજ તેમના વિવિધ શારીરિક પ્રશ્નો તેમજ તેના ઉપચાર અંગે માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી યોજાઈ હતી. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્ય ડૉ. વિજયભાઈ ચાવડાએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને અંતમાં અંગ્રેજીનાં પ્રા. સુનિતાબહેન નિમાવતે આભારવિધિ કરી હતી.

## માર્કેટિંગ મેનેજમેન્ટ

તા. ૩૦-૭-૧૩ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં ''એડવાન્સ માર્કેટિંગ મેનેજમેન્ટ'' વિષય અંતર્ગત T.Y.Bcomના સેમેસ્ટર-૫ વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ભૌતિક વિતરણ, જથ્થાબંધ વેપારી, છૂટક વેપારી અને તેના જેવા જ અન્ય ખૂબ જ મહત્ત્વના બજારના અભિગમો વિશે સૈદ્ધાન્તિક અને વ્યવહારિક માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્રા. શ્રીમતી સ્વાતિ દવે (જે. જી. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદ) વિષય નિષ્ણાત તરીકે હાજર રહ્યાં હતાં અને વક્તવ્ય બાદ વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. આ ઉપરાંત તા. ૯-૭-૧૩ના રોજ બેઝિક ઑફ ઓડિટ વિશે પ્રા. સલીલ શેઠના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વક્તૃત્વ સ્પર્ધા

એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજોમાં તા. ૨૭-૭-૧૩ના રોજ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને કૉલેજોના તાલીમાર્થીઓએ ભાગ લઈ કન્યા કેળવણી, અનામતપ્રથા, અંગ્રેજી ભાષાનું મહત્ત્વ, શિક્ષણમાં નવી પદ્ધતિઓ વગેરે વિષયો પર પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

## વાચનશિબિર

તા. ૨૩-૭-૧૩ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા કૉલેજ ગ્રંથાલય વિકાસ વર્તુળ અન્વયે ''વાચન શિબિર''નું આયોજન કરવામાં આવ્યું હતું, જેના ઉદ્‌ઘાટન સત્રમાં જાણીતા કટાર લેખક શ્રી ઉર્વિશભાઈ કોઠારીએ વાચનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ પ્રા. ઇશાન ભાવસાર (એચ. કે. આર્ટ્સ કૉલેજ), પ્રા. કૃપા ભટ્ટ, પ્રા. સમીર પંડ્યા અને પ્રા. જયેન્દ્ર જાદવે વાચન કળા વિશે વાત કરી હતી. કાર્યક્રમના અંતમાં પ્રિ. ડૉ. જે. જે. ભટ્ટે પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન લાઇબ્રેરિયન શ્રીમતી શ્રદ્ધાબહેન પંડ્યાએ કર્યું હતું.

## વિશ્વવસતિ દિન

એસ. વી. પી.ટી.સી. કૉલેજ, કડીમાં તા. ૧૧ જુલાઈ, ૨૦૧૩ના રોજ વિશ્વવસતિ દિન નિમિત્તે 'વિશ્વવસતિ દિન' વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વધતી જતી વસતિ, તેનાથી ઊભી થતી સમસ્યાઓ, બેકારી, રોટી, કપડાં, મકાન, શિક્ષણ વગેરે મુદ્દા ઉપર તાલીમાર્થીઓએ પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા હતા.

## વ્યક્તિત્વવિકાસ

તા. ૨૭-૭-૧૩ના રોજ ''યુથ એમ્પાવરમેન્ટ પ્રોગ્રામ'' અંતર્ગત અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન

ખાતે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, વિષ્ય નિષ્ણાત શ્રી કમલ ડબ્બાવાલાએ વ્યક્તિત્વવિકાસ, વ્યક્તિત્વઘડતર, જીવનમાં લક્ષ્યનું મહત્ત્વ, જૂથમાં કાર્ય કરવાની કળા, પ્રવૃત્તિને આધારે શીખવી શકાય તેવી કળાઓ જેવા જુદા જુદા વિષયો પર વિદ્યાર્થીઓને વ્યવહારિક માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે અંગ્રેજી વિભાગના પ્રા. બ્રિજેશભાઈ પુરોહિત હાજર રહ્યા હતા.

## વ્યાખ્યાન

એસ. એસ. પટેલ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૮-૭-૧૩ના રોજ ભાવનગર યુનિવર્સિટીના ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના ડીન પ્રો. મનહરભાઈ ઠાકરે તાલીમાર્થીઓને મનની વિવિધ શક્તિઓ, તેનો ભવિષ્યમાં ઉપયોગ કઈ રીતે કરી શકાય, શિક્ષક મનને કંટ્રોલમાં રાખીને યોગ્ય વ્યવહાર કઈ રીતે કરી શકે, અંતઃકરણની સ્ફૂર્તિ, ચિત્ત, મન અને બુદ્ધિનો વિકાસ કઈ રીતે કરી શકાય વગેરે વિશે ઊંડાણપૂર્વકની માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે કૉલેજનાં હેડ ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ આભાર વ્યક્ત કર્યો હતો.

## સ્વાતંત્ર્યપર્વ

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગરમાં સ્વાતંત્ર્યપર્વની પૂર્વ સંધ્યાએ તા. ૧૪ ઓગસ્ટના રોજ દેશભક્તિગીત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના ઉપક્રમે પ્રિ. ર્ડા. અમૃતાબહેન પટેલે વિદ્યાર્થિનીઓને દેશદાઝ અને રાષ્ટ્રગૌરવ જાળવવા અપીલ કરી હતી.

# શાળા વિભાગ

## અગ્નિશામક જાગૃતિ

ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા ''સ્કૂલ ફાયર સેફ્ટી અવેરનેસ'' કાર્યક્રમ તા. ૧૫-૭-૨૦૧૩ના રોજ શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં યોજાઈ ગયો. આ પ્રસંગે ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ તેમજ ગિફ્ટ સીટી, ગાંધીનગરના ફાયર સેફ્ટી ઑફિસર શ્રી એસ. બી. જાડેજા તેમજ જિલ્લા પ્રોજેક્ટ ઑફિસર વર્ષાબહેન પટેલ તથા હર્ષદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આગ કેવી રીતે બુઝાવી શકાય તે અંગેનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આચાર્ય શ્રી ચીનુભાઈ પટેલે આભાર પ્રવચનની સાથે વિદ્યાર્થીઓમાં અગ્નિશામક સાધનો અને આગ સામેના પ્રાથમિક ઉપચારો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## ગુરુપૂર્ણિમા

શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૨/૭/૨૦૧૩ ના રોજ ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી, જેમાં મુખ્ય મહેમાન તરીકે શેઠ સી.એમ. સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના પ્રિ. બચુભાઈ પટેલ પધાર્યા હતા. આ પ્રસંગે વકતૃત્વ, નાટકો અને ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રીએ ગુરુપૂર્ણિમાનો મહિમા સમજાવ્યો હતો. આચાર્ય શ્રી દશરથભાઈ કે. પટેલે ગુરુનું માન જાળવવું, આજ્ઞાનું પાલન કરવું, ગૃહકાર્ય નિયમિત કરવું જેવા સંકલ્પો વિદ્યાર્થીઓ પાસે લેવડાવી બાળકોને આશીર્વચન પાઠવ્યા હતા. આ ઉપરાંત તા. ૦૧/૦૮/૨૦૧૩ ના રોજ જહોન્સન એન્ડ જહોન્સન કંપની દ્વારા ધો. ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ માટે ૃઉડાનૃ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વ્યકિતત્વ વિકાસ અંગે એક ફિલ્મ દ્વારા સમજ આપવામાં આવી હતી.

* ગુરુની ગરિમા અને અસ્મિતા ભારતીય ઋષિપરંપરાની અનોખી ઓળખ છે. ઋષિપરંપરા શ્રીરામ-વશિષ્ઠ, શ્રીકૃષ્ણ-સાંદિપની જેવા ચૈતન્ય શક્તિ ધરાવનાર અવતારો દ્વારા પ્રખર બની છે. શ્રીમતી આર.

સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા ગુરુપૂર્ણિમાનો અવસર તા. ૨૨-૭-૧૩ના દિવસે ઊજવવામાં આવ્યો. આ પ્રસંગે આચાર્ય શ્રી ચિનુભાઈ પટેલ વગેરે ગુરુનું મહત્ત્વ સમજાવ્યું હતું.

* શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૨-૭-૧૩ના રોજ વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોના સહિયારા પ્રયાસથી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવી તેના સુરક્ષાકવચ સાથે વિદ્યાર્થીઓ પ્રગતિ કરી શકે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓએ ગુરુમહિમાને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત શાળામાં ફૂલછડી મેકીંગ તથા નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

* તા. ૨૨-૭-૧૩ના રોજ જ્યોતિ મહિલા મંડળ અને શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળાના સંયુક્ત ઉપક્રમે ગૌરીવ્રત તથા ગુરુપૂર્ણિમા નિમિત્તે ભક્તિગીત સ્પર્ધા તથા કેશકલા ગૂંથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

* શેઠ સી. એમ. હાઇસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૨-૭-૧૩ના રોજ ગુરુપૂર્ણિમા ઉજવણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આચાર્યશ્રીએ તેમના પ્રવચનમાં પોતાના ગુરુઓ અને સંસ્થાના આદ્યસ્થાપક છગનભા, દાસકાકા અને સ્વ. શ્રી માણેકલાલ સાહેબને યાદ કરીને વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શિસ્ત અને સંસ્કારનું ઘડતર થાય તે માટે પ્રેરક વાતો કરીને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન માધ્યમિક વિભાગનાં શિક્ષિકા શ્રીમતી બિંદુબહેન ચૌહાણે કર્યું. વધુમાં તેમણે બાળકોને ગુરુવંદનાનું મહત્ત્વ સમજાવીને ગુરુને જ્ઞાનનો ભંડાર, અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર અને સાચો માર્ગ ચીંધનાર પ્રથદર્શક ગણાવ્યા હતા. આ પ્રસંગે વક્તૃત્વસ્પર્ધા અને નિબંધસ્પર્ધાનું આયોજન કરાયું જેમાં વિદ્યાર્થીઓએ ગુરુમહિમા વિષય પર પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ તથા ગુરુપૂર્ણિમાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

* શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ.મા. કન્યાશાળા, ગાંધીનગર ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ગાયત્રી પરિવારના શ્રી ભોગીભાઈ ઠક્કર અને શ્રીમતી જશુબહેન ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલ અને શાળા પરિવારની ઉપસ્થિતિમાં ચિત્રસ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે વક્તવ્યો ગુરુની મહત્તાને ઉજાગર કરે તેવાં હતાં. આ ઉપરાંત ગુરુમહિમા વિશેનાં ગીતો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. શ્રી ભોગીભાઈ ઠક્કર તથા શ્રીમતી જશુબહેન ઠક્કરે પ્રાસંગિક પ્રવચનોમાં દૃષ્ટાંતો તથા ઉદાહરણો સાથે ગુરુપૂર્ણિમા પર્વનું મહત્ત્વ તથા તેની ઉજવણી વિશે રસભર માહિતી આપી હતી. તેમણે શાળાના વાતાવરણ, ગુરુશિષ્ય વચ્ચેની શ્રદ્ધાભાવના, અનુશાસન વગેરે વિશે વાત કરી હતી. શાળાનાં આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે મહેમાનશ્રીઓનો આભાર માની, શાળાની વિદ્યાર્થિનીઓને જીવનમાં પ્રગતિ અને સફળતા મળે તેવી પ્રભુને પ્રાર્થના કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી પંકજભાઈ પટેલ તથા શ્રી હંસાબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

* કડવા પાટીદાર કેળવણી મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, એસ. વી. કેમ્પસ, કડીમાં તા. ૨૨-૭-૧૩ રોજ ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી નિમિત્તે ગુરુમહિમા વિશે વક્તવ્ય અને ભજન તેમજ દોહાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે બાળકોને ગુરુપૂર્ણિમાનું વર્તમાન સમયમાં મહત્ત્વ સમજાવ્યું તેમજ આશ્રમ વ્યવસ્થા અને પ્લેટો સોક્રેટિસ, થોરો, માર્કસ, સમર્થ રામદાસ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, શિવાજી, વગેરે શિષ્ય અને ગુરુનું મહત્ત્વ સમજાવ્યું હતું.

* તા. ૨૨-૭-૧૩ના રોજ શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ભજન તથા ગુરુભક્તિનાં ગીતો

રજૂ કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત આ પ્રસંગે આચાર્યશ્રી રાજકુમાર વર્માએ વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ ઉપરાંત તા. ૧૫-૭-૧૩ના રોજ 'કુપોષણ' અને 'સ્ત્રીભ્રૂણ હત્યા' વિષય પર નિબંધ સ્પર્ધાનું તથા તા. ૨૩-૭-૧૩ના રોજ વિશ્વ સાત દિનની ઉજવણીના ભાગરૂપે નિબંધ તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરનો સ્થાપના દિવસ

ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરની ૪૯મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે વિધાનસભાથી ગાંધીમંદિર સુધી વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓની સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બેનર સાથે શેઠ સી.એમ. હાઈસ્કૂલના ધોરણ-૯ના ૫૩ વિદ્યાર્થીઓ તેમજ બે શિક્ષકશ્રી આર.કે. ચૌહાણ તથા શ્રી બી.ટી. ડામોરે ભાગ લીધો હતો. સાયકલ રેલી દરમિયાન બાળકોએ વિવિધ પોસ્ટરો દ્વારા પર્યાવરણ જાગૃતિ વિશે નગરજનોને જાગ્રત કર્યા હતા અને ગાંધીનગરને સુંદર બનાવવા સંદેશો વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત શાળા દ્વારા તા. ૬-૮-૧૩ને રોજ તેના પટાંગણમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ વૃક્ષોના મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું.

## તરણ સ્પર્ધા

ગુજરાત સરકાર દ્વારા તા. ૩૦/૭/૧૩ ના રોજ યોજાયેલ જિલ્લા કક્ષાની શાળાકીય તરણ સ્પર્ધા માં શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થિની રાઠોડ પ્રીતિ પી. એ ૫૦ મી બ્રેસ્ટ સ્ટોક, ૧૦૦ મી. બ્રેસ્ટ સ્ટોક, અને ૨૦૦ મી. ઈન્ડિવ્યુઝયલ મીડલેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તથા મહિલા તરણ સ્પર્ધામાં ૧૦૦ મી. બ્રેસ્ટ સ્ટોક, ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટોક અને ૨૦૦ મી. ઈન્ડિવ્યુઝયલ મીડેલેમાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓની ટીમ ઓગસ્ટ–૨૦૧૩માં તાલુકા કક્ષાની U-19 વોલીબોલ, કબડ્ડી અને ખોખો સ્પર્ધાઓમાં પ્રથમ નંબરે તથા U-17 કબડ્ડી સ્પર્ધામાં દ્વિતીય નંબરે વિજેતા થઈ. U-17 ની કબી ટીમ પૈકી ૫ વિદ્યાર્થિનીઓની જિલ્લા સ્પર્ધા માટે પસંદગી થઈ.

## પ્રવેશોત્સવ

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા. ૧૨-૭-૧૩ના રોજ ધો.-૧નો પ્રવેશોત્સવ તથા કન્યા-કેળવણી રથયાત્રા યોજાઈ, જેમાં ધો.૧ની ૨૦૦ જેટલી બાળાઓ જોડાઈ હતી. આ રથયાત્રા કન્યા-શાળામાંથી નીકળી કેમ્પસમાં સ્થિત પૂ. દાસકાકાની પ્રતિમા પાસે પહોંચી હતી. પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી કન્યા કેળવણી સંબંધી સૂત્રોચ્ચાર કરતી નિજ શાળામાં પરત ફરી હતી. આ પ્રસંગે બાળાઓને બાળ ફિલ્મ બતાવવામાં આવી હતી.

* તા. ૧૦-૬-૧૩ના રોજ શેઠ સી. એમ. હાઇસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આશીર્વચન આપવા માટે ગાયત્રી પરિવાર સંસ્થાના સભ્યશ્રીઓ બી.એસ. ઠક્કર, જશુબહેન ઠક્કર, ભારતીબહેન પટેલ અને રમેશભાઈ મિસ્ત્રીએ ગાયત્રી મંત્રોનું આહ્વાન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. માધ્ય. વિભાગના સુપરવાઈઝર શ્રી હરિભાઈ પટેલે વર્ષ દરમિયાન કરવાની શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેનું માર્ગદર્શન આપ્યું. સુપરવાઈઝર શ્રી પ્રહલાદભાઈ એસ. પટેલે શિસ્ત સંબંધી શાળાકીય સૂચનાઓ આપી તેમજ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આચાર્ય શ્રી બી. કે. પટેલે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય સંબંધી પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું.

* શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીમાં તા. ૧૧-૬-૧૩ના રોજ પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલે પ્રવેશોત્સવનું મહત્ત્વ સમજાવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી રાજકુમાર વર્માએ તમામ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. તા. ૧૩-૭-૧૩ના રોજ ધો.૫ થી ૧૧ની વિદ્યાર્થિનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## માતૃપિતૃવંદના

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાની પ્રાથમિક શાળાઓના ઉપક્રમે બાળકોના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય તે હેતુસર માતૃપિતૃવંદનાનો સાંસ્કૃતિક કાર્યક્રમ, સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ તથા વાઈસ ચેરમેનશ્રી ડૉ. કનુભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તેમણે બાળકોની સુષુપ્ત શકિતઓને બિરદાવી હતી તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાઓનાં ૮૬૦૦ બાળકો ઉપસ્થિત રહયાં હતાં.

## માતૃસંમેલન

તા. ૩/૮/૧૩ ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા, ગાંધીનગરમાં માતૃ સંમેલન, વૃક્ષારોપણ અને વસતિશિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે શ્રીમતી કૌશલ્યાબેન પરીખ તથા જોન્સન એન્ડ જોન્સન કંપનીના પ્રતિનિધિ શ્રી મનીષભાઈ, તેમજ ૩૫૦ માતાઓ હાજર રહી હતી. શ્રીમતી કૌશલ્યાબેન અને શ્રી મનીષભાઈ એ માતાનું ફૂલ છોડ દ્વારા સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બાળાઓને જળ, પ્રકૃતિ, દિકરીના ઘડતરમાં માતાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. શ્રી કૌશલ્યાબેને દિકરીઓમાં સંસ્કાર, શિસ્ત અને આરોગ્યની જાળવણીમાં માતાનો ફાળો કેટલા અંશે હોવો જોઈએ તે વિશે માર્ગદર્શન આપ્યું હતું. જોન્સન એન્ડ જોન્સન કંપની દ્વારા ચાર્મી અગ્રવાલે દિકરીઓમાં આત્મવિશ્વાસ અને પ્રભાવશાળી વ્યકિતત્વ ખીલવવા માટેનાં સાત સોપાનો રજૂ કરતી 'ઉડાન' ફિલ્મ બતાવી અને પ્રશ્નોત્તરી કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણ માટે ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ ઉપરાંત સમગ્ર શાળા પરિવાર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વસતિ શિક્ષણ અંતર્ગત શાળામાં ચિત્ર અને નિબંધ લેખન સ્પર્ધા રાખવામાં આવી હતી. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થિનીઓને ઈનામ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## રમતગમત

તા. ૨૩-૭-૧૩ના દિવસે જિલ્લા કક્ષાની જિમ્નાસ્ટીક સ્પર્ધા યોજાઈ ગઈ, શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ધોરણ-૯ના વિદ્યાર્થી સોલંકી કૃષ્ણરાજસિંહે બીજો નંબર પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાની રમતમાં પસંદગી મેળવી.

## રાખડી સ્પર્ધા

ડૉ. રામભાઈ એમ.પટેલ પી.ટી.સી. કોલેજ, કડીમાં તા. ૧૨/૮/૧૩ ના રોજ લાયન્સ કલબ ઓફ કડી દ્વારા આયોજિત રાખડી સ્પર્ધા યોજાઈ ગઈ. આ પ્રસંગે મહેમાનશ્રીઓનું સ્વાગત અને પરિચય ડૉ. બાબુલાલ આર. પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં લાયન્સના પ્રમુખશ્રી ડૉ. ચન્દ્રસિંહ ગોહેલ, મંત્રીશ્રી ડૉ. વિષ્ણુભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહયા હતા. ડૉ. ચંન્દ્રસિંહ ગોહેલે દરેક પ્રશિક્ષણાર્થીને કેલ્કયુલેટર ભેટમાં આપી તેમની સર્જનાત્મક કલાને બિરદાવી હતી.

## વર્ષાઋતુ

વર્ષાઋતુના આગમનને વધાવવા શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં "વર્ષાનાં વધામણા કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું જેમાં વિવિધ ગીતો દ્વારા વર્ષારાણીનાં ઓવારણ લેવાયાં હતાં. આ ઉપરાંત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃક્ષોની પરોપકારી વૃત્તિ તથા સંત જેવા જીવનનું મહાત્મ્ય સમજાવીને જન્મદિવસ, રાષ્ટ્રીય તહેવાર વગેરે શુભ દિવસોએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવીને તેની સાચવણી કરવાની આચાર્યશ્રી ચિનુભાઈ પટેલે પ્રેરણા આપી હતી.

## વાલી ચિંતન શિબિર

શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૯-૭-૧૩ના રોજ બ્રહ્માણી કૃપા હૉલમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓના વાલી, વર્ગશિક્ષકો તથા સુપરવાઈઝરશ્રી તથા આચાર્યશ્રીના સાંનિધ્યમાં વાલી સહચિંતન શિબિર યોજાઈ ગઈ.

કાર્યક્રમના પ્રારંભમાં આચાર્યશ્રી બચુભાઈ પટેલે સૌને આવકારી શાળાની વિકાસગાથા વર્ણવીને પરિણામોની ઊજળી પરંપરા માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓની સરાહના કરી અને પરીક્ષાનાં પરિણામોની ચર્ચા કરી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કેવી રીતે થાય તે માટે માતા-પિતાની ભૂમિકા સમજાવતાં સૂચનો કરી વિદ્યાર્થી વિકાસ માટે આગામી પ્રવૃત્તિઓ વિશેનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ માધ્ય. વિભાગના સુપરવાઈઝરશ્રી હરિભાઈ પટેલ તથા શ્રી મહેશભાઈ વડાલીયા, શ્રી કનુભાઈ એમ. પટેલ, શ્રી આર. આર. પટેલ, શ્રી ડી. એન. પટેલ, શ્રી એચ. એમ. અસારી અને શ્રી દિલીપભાઈ ચૌધરીએ પોતપોતાના વિષયમાં વિદ્યાર્થી વધુમાં વધુ માર્કસ કેવી રીતે મેળવી શકે તે માટે પ્રશ્નપત્ર પરિરૂપનું માળખું સમજાવી જુદી-જુદી ટેક્નિક સમજાવી હતી. આભારવિધિ મા. વિભાગના સુપરવાઈઝર શ્રી પ્રહલાદભાઈ પટેલે કરી હતી. તેમણે પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીનાં શિસ્ત, સંસ્કાર અને ઘડતર સંબંધી સૂચનો કર્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી બિંદુબહેન ચૌહાણે કર્યું.

## વિશ્વવસતિ દિન

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ (એસ. વી. કેમ્પસ)માં તા. ૧૧-૭-૧૩ના રોજ વિશ્વવસતિ દિનની ઉજવણી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું, જેમાં ૨૭ વિદ્યાર્થીઓએ વસતિ દિનનો મહિમા, દેશમાં વધતી વસતિનું પ્રમાણ અટકાવવાના ઉપાયો, થતું નુકસાન, શિક્ષણ, ગરીબી, બેકારી અને રોટી, કપડાં અને મકાન પર થતી અસરોની છણાવટ કરી હતી. આ સ્પર્ધાનું સંચાલન શ્રી રાજેન્દ્રભાઈ પટેલ અને શ્રી મહેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

## સ્વાતંત્ર્યપર્વ

શ્રીમતી એમ.બી.પટેલ કન્યા પ્રા. શાળા, ગાંધીનગરના યજમાન પદે બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક કન્યા શાળાઓનો સંયુકત સ્વાતંત્ર્યદિન ઉજવાયો, જેમાં મુખ્ય મહેમાન તરીકે હોસ્ટેલ સુપ્રિટેન્ડેન્ટ શ્રીમતી કૌશલ્યાબેન પરીખ ઉપસ્થિત રહયાં હતાં. તેમના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થિનીઓને પોતાના સ્વરક્ષણ અને દેશભકિતમાં સ્ત્રીઓનાં યોગદાન વિશે સમજાવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ દેશભકિત ગીત અને નૃત્ય રજૂ કર્યાં હતાં. આચાર્યા શ્રી નીરૂબેન પટેલે આભારવિધિ કરી હતી.

---

### અરસિક શિરોમણિને યે

*ઘણા સાહિત્યકારો કે કલાકારો પોતાની કૃતિનો આનંદ પામવા માટે લોકો પાસે ચોક્કસ રસવૃત્તિની કે કેળવણીની અપેક્ષા રાખે છે. પણ અરસિક શિરોમણિને યે રસ પમાડે એ જ સાચો કવિ કહેવાય. કોકિલા ગાય છે, તે સૌનું ધ્યાન ખેંચે છે; એને કેળવાયેલા કાનની અપેક્ષા નથી. સુંદર કમળો ખીલે છે, તે સૌનું મન ખેંચી લે છે; એને કેળવાયેલી દૃષ્ટિની અપેક્ષા નથી.*

**વિનોબા ભાવે**

**સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્ત પત્ર**
વર્ષ : ૩, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ ૨૦૧૩, સળંગ અંક ૧૬
**સંપાદક** : મણિભાઈ પ્રજાપતિ
**પ્રકાશક** : કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪૪૬૯૦
**ટાઈપસેટિંગ અને મુદ્રક** : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯



શ્રીમતી એમ. વી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં આયોજિત માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ પ્રસંગે બાળ કલાકારોને ઈનામ એનાયત કરી પ્રોત્સાહિત કરતા મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ

એલ. ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિની, કુ. કિંજલ ચૌધરીને 'શ્રી દેવાંગ મહેતા આઈ. ટી. એવોર્ડ ૨૦૧૩' એનાયત થતા કૉલેજનાં આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરા અને અધ્યાપકો સાથે કુ. કિંજલ ચૌધરી.






શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. કન્યાશાળા, ગાંધીનગરમાં આયોજિત ગુરુપૂર્ણિમા સમારોહ પ્રસંગે ઉપસ્થિત ગાયત્રી પરિવારનાં શ્રી ભોગીભાઈ ઠક્કર તથા શ્રીમતી જશુબહેન ઠક્કર. બાજુમાં છે આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલ

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 3, Issue No. 4 July-August 2013
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં પ્રવેશોત્સવનું એક દૃશ્ય

